ધી કિંગ રીડર્સ, નં. ૨,

ના મીનિંગ (કમ્પલીટ).

I 1926

જેમાં 30-1-1926

વિદ્યાર્થીઓને પુરેપુરી સવળતા મળે એવી રીતે સઘળા બોલાનું ઈંગ્રેજીમાં પદચ્છેદ, ગુજરાતી ઉચ્ચાર ગુજરાતી અર્થ તેમજ ગુજરાતીમા આખી બુકનો તરજુમો આપવામાં આવ્યો છે.

(Registered under Act XXV of 1867)

Bombay, No. 2.

PUBLISHED & SOLD Reg No 2

BY

NANABHAI BEJANJI KARANI,

Book-Seller & Publisher, 33, Dhobi Talao, Bombay, No. 2.

નાનાભાઇ બેજનજી કરાણી.

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, નં૦ ૩૩, ધોબીતળાવ, મુંબઈ નં૦ ૨.

કીંમત ૧૨ આના.

PRINTED BY MEHERJI BYRAMJI MITHAIVALA AT THE J. N. PETIT PARSI ORPHANAGE CAPTAIN PRINTING WORKS, No. 141, LAL BAUGH, PAREL, AND PUBLISHED BY NANABHAI BEJANJI KARANI, 33, DHOBI TALAO, BOMBAY.

79

A GUIDE TO THE KING READERS. NO. II.

GOD ખોદા.

God, *n.* ગૉડ) ખોદા.
Made, *v. t.* (મેડ) બનાવ્યો.
Breathe, *v. t.* (બ્રીધ) દમમાં લઉંછું.
Clothes, *n.* (ક્લોધ્સ) કપડાં.
Wear, *v. t.* (ઉવેર) પહેરૂં છું.
Dwell, *v. i.* (ડ્વેલ) રહું છું.
Friends, *n.* (ફ્રેન્ડ્ઝ) મિત્રો.
Dear, *adj.* (ડિયર) વહાલા.
Nose, *n.* (નોઝ) નાક.
Mouth, *n.* (માઉથ) મોંહું.
To taste, *inf.* (ટેસ્ટ) સ્વાદ લેવો.
Feel, *inf.* (ફીલ) લાગવું.
Above all, બધાં ઉપરાંત.
Right, *n.* (રાઇટ) ખરૂં.
Wrong, *n.* (રૅાન્ગ) ખોટું.
Beasts, *n.* (બીસ્ટ્સ) પશુઓ.

Fishes, *n.* (ફિશિઝ) માછલીઓ.
Worms, *n.* (ઉર્મ્ઝ) કીડીઓ.
Insects, *n.* (ઇનસેક્ટ્ઝ) જીવજંતુ.
Creatures, *n.* (ક્રીચર્ઝ) પ્રાણીઓ.
Care, *n.* (કેર) સંભાળ.
Fear, *v. t.* (ફિયર) બીહે છે.
Lie, *v. i.* (લાઇ) જુઠું બોલવું.
Steal, *v. i.* (સ્ટીલ) ચોરી કરવી.
Else, *n.* (એલ્સ) બીજું.
Hates, *v. t.* (હેટ્ઝ) ધિક્કારે છે.
Wish, *v. t.* (ઉવિશ) ઇચ્છું છું.
Praise, *v. t.* (પ્રેઝ) વખાણવું.
I ought to do, મારે કરવું જોઇએ.
Pray, *v. t.* (પ્રે) બંદગી કરવી.
Keep, *v. t.* (કીપ) અટકાવવું.
Sin, *n.* (સિન) પાપ.

(૧) ખોદાએ મને બનાવ્યો. જે સઘળી સારી ચીજો મારી પાસે છે તે તેણે મને આપી. જે હવા હું દમમાં લઉં છું, જે ખોરાક હું ખાઉં છું, જે કપડાં હું પહેરૂં છું, જે ઘરમાં હું રહું છું, અને જે દોસ્તો મને વહાલા છે તે મને તે આપે છે. (૨) તેણે મને સાંભળવાને કાન, જોવાને આંખ, સુંઘવાને નાક, ચાખવાને અને બોલવાને મોંહું, પારખી જોવાને અને કામ કરવાને હાથ, અને ચાલવાને પગ આપ્યા છે; તે બધા ઉપરાંત તેણે મને મગજ આપ્યું છે, કે જે વડે વિચારી શકાય અને ખરૂં ખોટું પારખી શકાય. (૩) ખોદાએ સુરજ, ચંદ્ર અને તારા બનાવ્યા. ખોદાએ જે સઘળાં પશુઓ જમીન ઉપર ચાલે છે. જે સઘળાં પક્ષીઓ હવામાં ઉડે છે, જે સઘળી માછલીઓ પાણીમાં રહે છે, અને સઘળા કીડા, જીવજંતુ અને બીજાં પ્રાણીઓને બનાવ્યાં. (૪) આપણે ખોદાને જાણ

શકતા નથી પણ જે સઘળું આપણે કર્યે છીએ તે તે જુએ છે, અને આપણી સંભાળ લે છે. જે સઘળા તેને ચાહે છે, અને તેનેથી બીહે છે, તેઓ તરફ તે માયાળુ છે. આપણને જુઠું બોલવું અથવા ચોરી કરવી ન જોઇએ, અથવા બીજી કંઇ ચીજ જે તે ધિક્કારે તે કરવી ન જોઇએ. (૫) ખોદા આપણી તરફ કેટલો ભલો છે. હું ઇચ્છું છું કે જેમ મારે તેને ચાહવો જોઇએ અને તેની વખાણ કરવી જોઇએ, તેમ હું તેને ચાહું અને તેની વખાણ કરૂં, તેમ કરવાને મને મદદ કરવાને અને સઘળાં પાપથી મને દુર રાખવાને હું તેની બંદગી કરીશ ત્યાર પછી હું સુખી અને ભલો થઇશ.

GOD MADE ALL THINGS. ખોદાએ બધી ચીજો બનાવી.

Opens, *v i.* (ઓપન્ઝ) ઉઘડે છે.
Sings, *v. i.* (સિંગ્ઝ) ગાય છે.
Pretty, *adj.* (પ્રિટિ) સુંદર.
Colours, *n.* (કલર્ઝ) રંગો.
Tiny, *adj* (ટાઇનિ) નાની.
Purple-headed, *adj.* (પરપલ-હેડેડ) જાંબુરાં રંગના મથાળાંવાળો.
Mountain, *n.* (માઉન્ટન) પહાડ.
River, *n.* (રિવર) નદી.
Running, *pres. part.* (રનિંગ) વહેતી.
By, *ad.* (બાઇ) પાસે.
Sunset, *n.* (સનસેટ) સુરજનું અસ્ત પામવું.
Brightens up, *v. t.* (બ્રાઇટન્ઝ અપ) પ્રકાશીત કરે છે.
Winter, *n.* (ઉિન્ટર) શિયાળો.
Pleasant, *adj.* (પ્લેઝન્ટ) ખુશનુંમા.
Summer, *n.* (સમર) ઉનાળો.
Ripe, *adj.* (રાઇપ) પાકા.

(૧) દરેક નાનું ફુલ જે ઉઘડે છે, દરેક નાનું પક્ષી જે ગાય છે, તેઓના સુંદર રંગો ખોદાએ બનાવ્યા, તેઓની સુંદર પાંખો ખોદાએ બનાવી (૨) જાંબુરાં રંગના મથાળાવાલો પહાડ, પાસેથી વહેતી નદી, સુરજનું અસ્ત પામવું અને સવાર જે આકાશને પ્રકાશીત કરે છે. (૩) શિયાળામાં થંડો પવન, ખુશનુંમાં ઉનાળાનો સુરજ, બાગમાં પાકા ફળો, ખોદાએ તે દરેકને બનાવ્યાં.

THE RISING SUN. ઉગતો સુરજ.

Rising, *adj* (રાઇઝંગ) ઉગતો.
Has risen, *v. i.* (હેઝ રિઝન) ઉગ્યો છે.
Just. *ad.* (જસ્ટ) હમણાજ.
Getting, *pres part.* (ગેટિંગ) જતો.
Heat, *n.* (હીટ) ગરમી.
Lands, *n.* (લૅન્ડઝ) મુલકો.

Clearly, *ad.* (ક્લિયરલિ) ખુલ્લી રીતે.
Ponds, *n.* (પૉન્ડઝ) તલાવ.
Were hidden, *v. t.* (વર હિડન) છુપાયલા હતાં.
Darkness, *n.* (ડાર્કનેસ) અંધારૂં.
Bright, *adj.* (બ્રાઇટ) પ્રકાશતી.
Beautiful, *adj.* (બ્યુટિફુલ) સુંદર.
Is spreading, *v.t.* (ઇઝ સ્પ્રેડિંગ) પંથરાયછે.
Earth, *n.* (અર્થ) દુન્યા.
Warm, *adj.* (વૉર્મ) ગરમ.
Cock, *n.* (કૉક) મરઘો.
To crow, *inf.* (ટુ ક્રો) કુકરે કુક કરવું.
Farmer, *n.* (ફારમર) ખેડુત.
Got up, *v i.* (ગૉટ અપ) ઉઠયા
Bullock-shed, *n.* (બુલૉક-શેડ) બળદને રાખવાનુ ઝુપડું.
Plough, *n.* (પ્લાઉ) હળ.
Began, *v. t.* (બિગૅન) શરૂ કીધું.
To plough, *inf.* (ટુ પ્લાઉ) હળ ખેડવો.
Boat-man, *n.* (બોટ-મન) મછવાવાળો.
Ready, *adj.* (રેડિ) તૈયાર.
To row, *inf.* (ટુ રો) હંકારી લઇ જવું.
Across, *prep.* (ઍક્રૉસ) પેલેપાર.
Pushing, *pres. part.* (પુશિંગ) હડસેલતો.
To rise, *inf.* (ટુ રાઇઝ) ઉઠવું.
Soundly, *ad.* (સાઉન્ડલિ) ભર.

(૧) સુરજ હમણાંજ આકાશમાં ઉગ્યો છે. ત્યાં તે વધારે અને વધારે ઉંચે જતો છે. સહવાર પડી છે. આખી રાત સુરત બીજા દુરના મુલકોને રોશની અને ગરમી આપે છે. હવે તે આપણી તરફ પાછો આવ્યો છે. (૨) અંધારી રાત્રે આપણે કાંઇ પણ ચીજ ખુલ્લે ખુલ્લી જોઇ શકતા નથી. ખેતરો અને ટેકરીઓ, નદીઓ અને તળાવો, ઝાડો, ઘરો સઘળાં અંધારાંથી છુપાયલાં હતાં. હવે સુંદર સુરજની પ્રકાશિત રોશની પૃથ્વી ઉપર પંઠરાય છે. એકવાર ફરીથી આપણે દરેક ચીજ ખુલ્લે ખુલ્લી જોઇ શકશું. (૩) પ્રકાશીત સુરજ દિવસ બનાવે છે. જો આકાશમાં સુરજ ન હોત તો હંમેશાં અંધારૂં થતે. સુરજ વળી આપણને ગરમ કરે છે. જો સુરજ ન હોત તો એટલી ઠંડી પડતે કે આપણામાંનો એક પણ જીવી શકતે નહિ. (૪) સહવારે સકારે સુરજ દેખાયો તેની આગમજ મરઘો કુકડે કુક કરવા લાગ્યો. ત્યાર પછી ખેડુત ઉઠયો. તે બળદના ઝુંપડામાં ગયો અને બળદને બહાર કાઢયા. તે ખેતરમાં હળ લઇ ગયો અને હળથી ખેડવા લાગ્યો. ત્યાં તમે તેને તેની પછવાડે સુરજ સાથે હળથી ખેડતો જોઇ શકશો. (૫) મછવાવાળો પણ ઊઠ્યો, અને લોકોને નદીને પેલેપાર હંકારી લઇ જવાને તૈયાર થઇને નદી આગળ ગયો.

ત્યાં તમે તેને પોતાનો મછવો પાણીમાં હડસેળતો જુઓ છો. (૬) દિવસ એ શ્રમ કરવાનો વખત છે. જ્યારે સુરજ ઉગે છે, ત્યારે આપણે પણ ઉઠવું જોઇએ જે આખો દહાડો સખત કામ કરે છે, તેને રાત્રે ભર ઉંઘ આવશે.

THE SILLY LAMB. મુર્ખ ઘેટું.

Silly, *adj.* (સિલિ) મુર્ખ.
Lamb, *n.* (લૅમ્બ) ઘેટું.
Shepherd, *n.* (શેપર્ડ) ભરવાડ.
Sheep, *n.* (શીપ) મેંઢાં.
Fresh, *adj.* (ફ્રેશ) તાજું.
Grass, *n.* (ગ્રાસ) ઘાસ.
Clear, *adj.* (ક્લિયર) સ્વચ્છ.
Sick, *adj.* (સિક) માંદું.
Climbed, *v. i.* (ક્લાઈમ્બ્ડ) ચઢયાં.
Steep, *adj.* (સ્ટીપ) ઉભી.
Tired, *v. t.* (ટાયર્ડ) થાકેલા.
Used, *v. i.* (યુઝ્ડ) ટેવ હતી.
Supper, *n.* (સપર) રાતનું ખાણું.
Field, *n.* (ફીલ્ડ) ખેતર.
Tune, *n.* (ટ્યુન) રાગ.
Pipe, *n.* (પાઇપ) વાંસળી.
Grew, *v. i.* (ગ્રુ) થયું.
Flock, *n.* (ફ્લૉક) ટોળું.
Drove, *v. t.* (ડ્રોવ) હાંકી લઇ ગયો.
Fold, *n.* (ફોલ્ડ) મેંઢાંનો વાડો.
Penned, *v. t.* (પેન્ડ) બંધ કરતો.
Lay, *v. i.* (લે) પડી રહેતાં.
Snug, *adj.* (સ્નગ) સુખદાયક.
Enter, *v. i.* (એન્ટર) દાખલ થવું.
To harm, *v.t.* (ટુ હાર્મ) ઇજા કરવી.
To guard, *inf.* (ટુ ગાર્ડ) ચોકી કરવી.
To bark, *inf.* (ટુ બાર્ક) ભસવું.
Anybody, *n.* (ઍનિબડિ) કોઇ શખસ.
Let them out બહાર કાઢતો હતો.
Dearly, *ad.* (ડિયરલિ) હેતથી.
Loved, *v. t.* (લવ્ડ) ચાહતાં હતાં.
Except, *prep.* (એક્સેપ્ટ) શિવાય.
Foolish, *adj.* (ફુલિશ) મુર્ખ.
To be shut up બંધ થવું.
Wise, *adj.* (વાઇઝ) ડાહ્યું.
Wonder, *v. t.* (વન્ડર) અજબ થાઉં છું.
Hard, *adj.* (હાર્ડ) ઘાટકી.
Escape, *v. i.* (એસ્કેપ) નાસી જવું.
Please, *v. i.* (પ્લીઝ) મરજી પડવી.
Pleasant, *adj.*(પ્લેઝન્ટ)ખુશનુમાં.
Woods, *n.* (વુડ્ઝ) જંગલ.
Moonlight, *n.*(મુનલાઇટ)ચાંદરણું.
Stay, *inf.* (સ્ટે) રહેવું.
Bids, *v. t.* (બિડ્ઝ) ફરમાવે છે.
By yourself (બાઇ યૉરસેલ્ફ) એકલા.
Harm, *n.* (હાર્મ) દુઃખ.

Crept, *v. i.* (ક્રેપ્ટ) ભરાતું ગયું.
Slily, *ad.* (સ્લાઇલિ) છાનું માનું.
Hedge, *n.* (હેજ) વાડ.
Hid, *v. t.* (હિડ) છુપાયું.
Rest, *n.* (રેસ્ટ) બાકીના.
Fast asleep, ભર ઉંઘમાં હતાં.
Jumped, *v. i.* (જમ્પ્ડ) કુદ્યું.
Danced, *v. i.* (ડાન્સ્ડ) નાચ્યું.
Frisked, *v. i.* (ફ્રિસ્કડ) ગેલ કીધો.
Savage, *adj.* (સૅવેજ) જંગલી.
Wolf, *n.* (વુલ્ફ) વરૂ. [ધસી આવતું.
Rushing, *pres. part.*(રશિંગ)
Cave, *n.* (કેવ) ગુફા. [કીધો.
Howled, *v. i.* (હાઉલ્ડ) પોકાર

Fiercely, *ad.* (ફિયર્સલિ) ઝનુનથી.
A great way off. ઘણે દુર.
Den, *n.* (ડેન) ગુફા.
Was strewn, *v. t.* (ઉવૉઝ સ્ટ્રોન) પંકરાયલી હતી.

Blood, *n.* (બ્લડ) લોહી.
Fat, *adj* (ફૅટ) જાડું, ચરબીદાર.
Cubs, *n.* (કબ્ઝ) વરૂનાં બચ્ચાં.
Growled, *v. i.* (ગ્રાઉલ્ડ) ઘુરક્યાં.
A little while, થોડો વખત સુધી.
Obey, *v. t.* (ઓબે) તાબે થવું.
Parents, *n.* (પેરન્ટ્સ) માબાપ.
Grief, *n.* (ગ્રીફ) દલગીરી.

(૧) એક વાર એક ભરવાડ હતો, જેની પાસે ઘણાં મેંઢાં અને ઘેટાં હતાં. તે તેઓની ઘણીજ સંભાળ લેતો હતો, અને તેઓને ખાવાને તાજું, મીઠું ઘાસ અને પીવાને સ્વચ્છ પાણી આપતો હતો. (૨) જો કોઇ માંદુ પડે તો તે તેઓ તરફ ઘણો ભલો થતો હતો, અને જ્યારે તેઓ એક ઉભી ટેકરી ઉપર ચઢતાં હતાં, અને ઘેટાં થાકી જતાં હતાં ત્યારે તે તેઓને પોતાના હાથમાં લઇ જતો હતો. (૩) જ્યારે તેઓ સઘળાં ખેતરમાં પોતાનું ભોજન ખાતાં હતાં, ત્યારે તે તેઓની નજદીક બેસતો હતો, અને પોતાની વાંસલી ઉપર તેઓની આગળ એક રાગ વગાડતો હતો, અને તેઓની આગળ ગાતો હતો. તેથી તે મેંઢાં અને ઘેટાં ઘણું સુખી હતાં. (૪) દર રાત્રે જ્યારે અંધારૂં થતું અને ઠંડી પડતી હતી ત્યારે ભરવાડ પોતાનું આખું ટોળું મેઢાં અને ઘેટાંનું સાથે બોલાવતો હતો. તેઓને વાડામાં હાંકી જતો હતો, અને તેમને બંધ કરતો હતો. તેઓ ત્યાં ઘણાં સુખદાયક અને હુંફાળાં સુતાં હતાં, અને તેઓને ઇજા કરવાને કાંઇપણ ચીજ દાખલ થઇ શકતી નહતી. (૫) બહારની બાજુએ, કુતરાઓ તેઓની ચોકી કરવાને, અને જો કોઇ નજદીક આવે તો ભસવાને આસપાસ પડી રહેતા હતા. સહવારના ભરવાડ વાડો ઉઘાડતો હતો, અને તેઓને બહાર કાઢતો હતો. (૬) હવે એક મુર્ખ ઘેટાં સિવા

તેઓ સઘળાં ઘણાં સુખી હતાં, અને તે ભરવાડ, જે તેઓની તરફ એટલો ભલો હતો, તેને વહાલથી ચાહતા હતાં (૭) આ મુર્ખ ઘેટાંને દર રાત્રે વાડામાં બંધ પડવું ગમતું ન હતું; તેથી તેણી પોતાની મા, કે જે એક સ્યાણું બુઢું મેંઢું હતું, તેના આગળ આવી, અને કહ્યું, "હું અજબ થાઉં છું કે શા માટે આપણને દર રાત્રે બંધ કરવામા આવે છે? (૮) કુતરાઓને બંધ કરવામાં આવતા નથી. અને આપણને શા માટે બંધ કરવામાં આવે? હુ ધારૂં છું કે તે ઘણું ધાટકી છે, અને જો મારાથી બને તો હું નાશી જઇશ; કારણ કે જ્યાં મને ગમે ત્યાં આમ તેમ દોડવાને મને ગમે છે, અને હું ધારૂં છું કે જંગલમા ચાંદરણીમા ઘણું ખુશનુમાં હોવું જોઇએ." (૯) ત્યારપછી તે બુઢા મેંઢાએ તેણીને કહ્યુ, મારાં નાના ઘેટાં, તમે ઘણાં મુર્ખ છા, તમે વાડામાં રહો તો ઠીક, તે ભરવાડ આપણી તરફ એટલો ભલો છે કે જેમ તે ફરમાવે તેમ આપણને હંમેશા કરવું જોઇએ. જો તમે જંગલમાં એકલાં જશો તો તમે નુકસાનમાં આવી પડશો. (૧૦) તે નાના ઘેટાંએ કહ્યું, "અરે! હું નહિ ધારતી કે હું નુકસાનમાં આવી પડીશ." તેથી જ્યારે સાંજ પડી, અને તે ભરવાડે તે સઘળાંને વાડામાં આવવા બોલાવ્યા, ત્યારે તેણી આવી નહિ, પણ એક વાડની નીચે છુપી રીતે ભરાતી ગઇ, અને સંતાઇ રહી. (૧૧) જ્યારે બાકીનાં ઘેટાં વાડામાં, આવ્યા, અને ભર ઉંઘમાં પડ્યા ત્યારે તેણી બહાર આવી, અને કુદકો માર્યો અને નાચી અને આમતેમ ગેલ કર્યો. તેણી ખેતરમાંથી એક ઝાડોથી ભરેલા અંધારા જંગલમા ગઇ. (૧૨) ત્યારપછી થોડા વખતે એક જંગલી વરૂ એક ગુફામાંથી ધસી આવ્યું, અને ઘણા ઝનુનથી પોકાર કીધો. ત્યાર પછી તે મુર્ખ ઘેટાંએ ઇચ્છ્યું, કે તેણી વાડામાં બંધ થઇ હતે પણ તે વાડો ઘણો દુર હતો. તે વરૂએ તેણીને જોઈ, અને તેણીને પકડી, અને એક અંધારા ગુફામાં તેણીને ઘસડી ગયું. કે જે ગુફાની નજદીકની જમીન લોહી અને હાડકાંથી ભરેલી હતી. (૧૩) આ ગુફામાં બે વરૂનાં બચ્ચાં હતાં, અને તે મોટાં વરૂએ તેઓને કહ્યું "લેઓ, હું તમારે માટે એક જુવાન ચરબીદાર ઘેટું લાવ્યું છું" તેથી તે બચ્ચાંઓએ તે ઘેટું પકડ્યું, થોડોવાર તેની ઉપર ઘુરક્યાં, અને ત્યારપછી તેના ફાડીને ટુકડે ટુકડા કરી નાખ્યા, અને તેને ખાઇ ગયાં, જે બાળકો પોતાનાં માબાપને તાબે થતાં નથી, તેઓ ખચીત દલગીરીમાં આવી પડે છે.

THE FOX AND THE GRAPES. કોહલું અને દ્રાક્ષ.

Fox, *n.* (ફૉક્સ) કોહલું.
Grapes, *n.* (ગ્રેપ્સ) દ્રાક્ષ.
Jungle, *n.* (જંગલ) જંગલ.
Hole, *n.* (હોલ) ખાડો.

Cunning, *adj*. (કનિંગ) લુચ્ચો.
Catches, *v. t*. (કૅચિઝ) પકડે છે.
Farmer, *n*. (ફારમર) ખેડુત.
Fowls, *n*. (ફાઉલ્ઝ) મરઘાં, બટકાં.
Ducks, *n*. (ડકસ) બટક.
Geese, *n*. (ગીસ) હંસ.
Turkeys, *n*. (ટરકિઝ) તરકી.
Lest, *conj*. (લેસ્ટ) રખેને.
Steal, *v. t*. (સ્ટીલ) ચોરી જવું.
Fond, *adj*. (ફૉન્ડ) શોખીન.
Vine-yard, (વાઇન-યાર્ડ) દ્રાક્ષનો માંડવ.
Grape-garden, *n*. (ગ્રેપ-ગાર્ડન) દ્રાક્ષનો બાગ.
Reach, *v. i*. (રીચ) પહોંચવું.
Search, *n*. (સર્ચ) શોધ.
Thirsty, *adj*. (થર્સ્ટિ) તરસ્યો.
Meal, *n*. (મીલ) ભોજન.
Glad, *adj*. (ગ્લૅડ) ખુશી.
Vines, *n*. (વાઇન્ઝ) દ્રાક્ષના વેલા.
Makes them grow ઉગાડે છે.
To hold up ટેકવી રાખવાને.
Bunches, *n*. (બનચિઝ) ઝુમખા.
Out of the reach of the fox. કોહલાંથી નહિ પુગાય તેટલાં ઉચે.
It was of no use તે નકામું હતું.
Perhaps, *ad*. (પરહૅપ્સ) કદાચ.
After all સામટી રીતે લેતાં.
Sour, *adj*. (સાવર) ખાટી
Pretends, *v. t*. (પ્રિટેન્ડઝ) ઢોંગ કરે છે.

(૧) કોહલું જંગલમાં જમીનમાં દરમાં રહે છે. તે ઘણું લુચ્ચું છે. તે પક્ષીઓને પકડે છે, અને તેઓને ખાઈ જાય છે. ખેડુત પોતાનાં મરઘા બટકાં, બટક, અને હંસ અને તરકીને રાતનાં બંધ કરે છે, રખેને કોહલું તેઓને ચોરી જાય. (૨) તેને સુંદર પાકી દ્રાક્ષ ખાવાનો, ઘણો શોખ હોય છે. તે રાત્રે દ્રાક્ષના માંડવામાં અથવા દ્રાક્ષના બગીચામાં આવે છે, અને જેટલી દ્રાક્ષને તે પહોંચી શકે તેટલી ખાય છે. (૩) એક ગરમીની રાત્રે ચાંદરણામાં ખોરાકની શોધમાં ઘણા માઇલ ગયા પછી, એક તરસ્યું કોહલું દ્રાક્ષથી ભરેલા એક માંડવ આગળ આવ્યું. તેણે વિચાર કીધો "હવે મને એક સુંદર ભોજન મળશે. હું ખુશી છું કે હું અહિયાં સુધી આવ્યો." (૪) દ્રાક્ષના વેલા જમીન ઉપર પડી રહેતા નથી. બાગબાન દ્રાક્ષના ભારે ઝુમખા ટેકવી રાખવાને માટે તેઓને ઉંચી લાકડીઓ ઉપર ઉગાડે છે. (૫) દ્રાક્ષો તે કોહલાંથી નહિ પહોંચાય એટલી હવામાં છેક ઉંચી હતી. તેણે કુદકો માર્યો. અને તેઓને પહોંચવાની કોશેશ કીધી, પણ પહોંચી શકયો નહિ. તેણે ફરીથી અને ફરીથી કુદકો માર્યો. તેણે વીસ વખત કુદકો માર્યો, પણ દ્રાક્ષો આગળ તે પહોંચી શકયો નહીં, તેઓ એટલી ઉંચી હતી કે તેનાથી પુગાયું નહિ. (૬) જ્યારે તે કોહલાંએ જોયું કે દ્રાક્ષ મેળવવાની કોશેશ કરવી ફોકટ હતી, ત્યારે

તે બોલ્યો, " કદાચ સામટી રીતે લેતાં દ્રાક્ષ પાકી નથી. તેઓ ખાટી દેખાય છે તેથી હું વધારે વાર કુદીશ નહિ." તેણે આ કહ્યું કારણ કે તેને તે મળી શકી નહિ. (૭) એ પ્રમાણે જ્યારે એક માણસને જે ચીજ જોઇએ તે તેને મળી શકતી નથી, અને તે ઢોંગ કરે છે કે તે કંઇ દરકાર કરતો નથી, ત્યારે આપણે કહીએ છીયે કે " દ્રાક્ષો ખાટી છે."

THE BUFFALO. ભેંસ.

Buffalo, *n.* (બફેલો) ભેંસ.
Ox, *n.* (ઑાક્સ) બળદ. [ખેડવો.
Ploughing, *ger.* (પ્લાઉઈંગ)હળ
Rough, *adj.* (રફ) ખરબચડું.
Coarse, *adj.* (કોર્સ)જાડું,જેવુ તેવું.
Spend, *inf.* (સ્પેન્ડ) ગુજારવો.
Rest, *n.* (રેસ્ટ) બાકીનો ભાગ.
Graze, *ger.* (ગ્રેઝ) ચરવું,ઘાસખાવું
Draw, *v. t.* (ડ્રૉ) ખેંચે છે. [છે.
Sinks low in the sky—અસ્તપામે
Tied, *v. t.* (ટાઇડ) બાંધવામાં આવેછે
Posts, *n.* (પોસ્ટસ) થાંભળા.
Wander, *v. i.* (વૉન્ડર) રખડવું.
Would be lost, *v. t.* (લૉસ્ટ) ભુલાં પડે.
Buffalo cows—ભેંસ. (માદા).
Plenty, *n.* (પ્લેનટિ) પુષ્કળ.
Thick, *adj.* (થિક) ઘટ.
Butter, *n.* (બટર) માખણ. [કારક.
Wholesome, *adj.* (હોલસમ) પુષ્ટિ
Wild, *adj.* (વાઇલ્ડ) જંગલી.
Fierce, *adj.* (ફિયર્સ) ઝનુંની.
Horns, *n.* (હૉર્નઝ) શીંગડાં.
Fear, *v. t.* (ફિયર) બીહે છે.

(૧) ભેંસ બળદ કરતાં વધારે મોટી અને જોરાવર હોય છે, તે વારંવાર હળ ખેડવાના કામમાં આવે છે. (૨) ભેંસ ખરબચડું જાડું ઘાસ ખાય છે. તેઓ અરધો દિવસ જમીન ઉપર ગુજારવાને અને બાકીનો દિવસ પાણીમાં ગુજારવાને ચાહે છે. (૩) જ્યારે સઘળાં ખેતરો હળથી ખેડાઇ રહે છે, ત્યારે ભેંસને ચરવા શિવાય કંઇ કરવાનું હોતું નથી. કોઇ કોઇ વખત તેઓ બળદની માફક ગાડાં ખેંચે છે. (૪) તેઓને નાની છોકરીઓ અથવા છોકરાઓ તરફથી ખેતરમાં ચરવાને માટે હાંકી લઇ જવામાં આવે છે. જેવો સુરજ અસ્ત પામે છે, તેવાંજ તેઓને પાછાં ગામડાંમાં હાંકી લાવવામાં આવે છે. (૫) તેઓને રાત્રે મજબુત થાંભલા સાથે બાંધવામાં આવે છે. જો તેઓને બાંધવામાં ન આવે તો તેઓ જંગલમાં રખડે અને ભુલાં પડે (૬) ભેંસ પુષ્કળ દુધ આપે છે. તે ઘણું ઘટ હોય છે, અને

તેમાંથી ઘણું માખણ બને છે, પણ પીવામાં ગાયના દુધ જેવું તે સારૂં નથી. તે એટલું બધું પુષ્ટિકારક નથી. (૭) જંગલમાં વગડાઉ ભેંસો હોય છે, જેઓ ઘણી મોટી અને ઝનુની હોય છે. તેઓ ઘણી ઝડપથી દોડે છે, અને તેઓને ઘણાં મજબુત શીંગડાં હોય છે. તેઓ કશાંથી બીહતી નથી, વાઘથી પણ બીહતી નથી.

THE RAIN BOW. વરસાદની કમાન.

Rain bow, *n.* (રેનબો) વરસાદની કમાન.
Sail, *v. i.* (સેલ) હંકારે છે.
Clouds, *n.* (કલાઉડઝ) વાદળાં.
Prettier, *adj.* (પ્રિટિયર) વધારે સુંદર.
Far, *ad.* (ફાર) ઘણા.
Bridges, *n.* (બ્રિજીઝ) પુલો.
Bow, *n.* (બો) કમાન.
Bridges, *v. t.* (બ્રિજીઝ) આરપાર આવે છે.
Heaven, *n.* (હેવન) આકાશ.
Overtops, *v. t.* (ઓવરટૉપ્સ)–મઠાળાની ઉપર આવેલી છે.
Road, *n.* (રોડ) રસ્તા.

(૧) મછવાઓ નદી ઉપર હંકારે છે, અને તે વહાણો દરિયા ઉપર હંકારે છે. પણ વાદળાંઓ જે આકાશમાં હંકારે છે તે આના કરતાં વધારે સુંદર છે. (૨) નદીઓ ઉપર તમને પસંદ પડે તેવા સુંદર પુલો હોય છે, પણ જે કમાન આકાશમાં આવેલી છે અને ઝાડોના મથાળાં ઉપર આવેલી છે અને દુન્યાથી તે આકાશ સુધીનો રસ્તો બાંધે છે તે આના કરતાં વધારે સુંદર હોય છે.

THE SETTING SUN–EVENING. અસ્ત પામતો સુરજ–સાંજ.

Setting, *adj.* (સેટિંગ) અસ્ત પામતો
Evening, *n.* (ઇવનિંગ) સાંજ
Is sinking, *v. i.* (સિંકિંગ) જાય છે
Lower, *ad.* (લોવર) વધારે નીચે.
West, *n.* (વેસ્ટ) પશ્ચિમ.
Bright, *adj.* (બ્રાઇટ) પ્રકાશતાં.
Blind, *adj.* (બ્લાઇન્ડ) આંધળાં.
Sets, *v. i.* (સેટસ) અસ્ત પામે છે.
Minutes, *n.* (મિનિટ્ઝ) મિનિટ.
Out of sight નજર આગળથી ગુમ.
Whole, *adj.* (હોલ) આખું.
Will be covered, *v. t.* (કવર્ડ) ઢંકાઇ જશે.
Count, *v. t.* (કાઉન્ટ) ગણવું.
Cattle, *n.* (કૅટલ) ગાયઢોર.
Owl, *n.* (આઉલ) ઘુવડ.
But, *prep.* (બટ) શિવાય.
Bat, *n.* (બૅટ) વાગળું.
All day long–આખો દહાડો.
Tired, *v. t.* (ટાયર્ડ) થાકેલા.
Need, *v. t.* (નીડ) જોઇયે છે.
Rest, *n.* (રેસ્ટ) આસાયશ.

(૧) સુરજ પશ્ચિમમાં વધારે અને વધારે નીચે જાય છે, અને આકાશ લાલ છે. સાંજ પડી છે. (૨) સુરજ કેવો લાલ દેખાય છે. દિવસની વખતે સુરજ એટલો બધો પ્રકાશનો હોય છે કે તેની તરફ જોવાથી તમે આંધળા બનો. પણ તે અસ્ત પામે તેની તરત અગાઉ તે એટલો બધો પ્રકાશતો હોતો નથી. જો તમારી મરજી પડે તો તમે હમણા તેની તરફ જુઓ. (૩) પાંચ મિનિટમાં સુરજ નજર આગળથી ગુમ થઇ જશે. ત્યાર પછી ઘણું જલદી તદન અંધારૂં થશે, રાત પડશે. (૪) હવે આપણે ચંદ્ર અને કેટલાક તારાઓ જોઇ શકીશું. જ્યારે સુરજ અસ્ત પામશે ત્યારે વધારે તારાઓ બહાર આવશે. ત્યાર પછી આખું આકાશ તારાથી ભરાઇ જશે. (૫) આકાશમાં કેટલા તારા છે? હું જાણતો નથી, એટલા બધા છે કે હું તેઓને ગણી શકનો નથી. (૬) ગાયઢોર સઘળાં ઘર ગયા છે. તરતજ ઘુવડ કે જે આખો દહાડો ઉંઘાયલું હતું, તે શિવાય સઘળાં પક્ષીઓ ઉંઘાઇ જશે. રાત્રે ઘુવડ આમ તેમ ઉડે છે. તેને રાતનું પક્ષી કહે છે. ઘુવડની માફક વાગળું પણ આખો દહાડો ઉંઘાય છે. અને રાત્રે આમતેમ ઉડે છે. (૭) રાત્રે આપણે પણ ઉંઘાશું. આખો દહાડો આપણે કામ કર્યે છીએ. રાત્રે રોશની હોતી નથી. આપણને કામ કરવાને સુઝે નહિ; અને આપણે ઘણા થાકી જઇએ છીએ, અને આપણને આસાયસની જરૂર છે. રાતે ઉંઘવાનો વખત છે. (૮) જ્યારે સુરજ અસ્ત પામે છે, ત્યારે ઠંડી પડશે. તે સુરજ છે, જે દુન્યાને ગરમ બનાવે છે. ચાલો આપણે આપણા ઘરમાં જઇએ. ત્યાં એટલી બધી ઠંડી હોતી નથી.

WORK AND PLAY. કામ અને રમત.

Abdulla, *n.* (અબ્દુલ્લા) નામ છે.
Naran, *n.* (નારન) નામ છે.
Nearly, *ad.* (નિયરલિ) લગભગ.
Close to, *ad.* (કલોઝ ટુ) નજદીક.
Muhammadan, *n.* (મહામડન) મુસલમાન.
Lawyer, *n.* (લૉયર) વકીલ.
Hindu, *n.* (હિંદુ) હિંદુ.
Clerk, *n.* (ક્લાર્ક) લખનાર.
Judge's, *n.* (જજીઝ) ન્યાયાધિશની
Office, *n.* (ઑફિસ) આફીસ.
On the way to—જતા હતા.
Thought, *v. t.* (થૉટ) વિચાર્યું.
To stay, *inf.* (સ્ટે) થોભવાને.
Persuade, *inf.* (પરસ્વેએડ) સમજાવવું.
Instead of, *prep.* (ઇનસ્ટેડ ઓફ.) [બદલે.
Wrong, *adj.* (રૉન્ગ) ખોટું.
Strange, *adj.* (સ્ટ્રેન્જ) નવાઇ જેવો.
Learn, *inf.* (લર્ન) શીખવું.

Need not go, જવું ન જોઇએ.
Read, *inf.* (રીડ) વાચવું.
Dunce, *n.* (ડન્સ) મુર્ખ.
Ago, *ad.* (ઍગો) અગાઉ.
Class, *n.* (કલાસ) વર્ગ.
Hate, *v. t.* (હેટ) ધિક્કારૂં છું.
What does it matter–તેમાંશુંછે
Grow up, *v. i.* (ગ્રો અપ) મોટે થઇશ.
Kind, *n.* (કાઇન્ડ) જાત.
As for, *prep.* (ઍઝ ફૉર) વિષે.
Intend, *v. t.* (ઇનટેન્ડ) ધારણા રાખું છું.
Angry, *adj.* (ઍન્ગ્રિ) ગુસ્સે.
Sorry, *adj.* (સૉરી) દલગીર.
Earn, *inf.* (અર્ન) કમાવું.
Fault, *n.* (ફૉલ્ટ) વાંક.
Lazy, *adj.* (લેઝિ) આળસુ.
Idle, *adj.* (આઇડલ) આળસુ.
Suffer, *v. i.* દુઃખ ખમવું.
A good deal of ઘણુંજ.
Late, *ad.* (લેટ) મોડું.
School is over નિશાળ છુટે.
Kite, *n.* (કાઇટ) પતંગ.
Ball, *n.* (બૉલ) દડો
Got, *v. i.* (ગૉટ) પહોંચ્યાં.
Just in time બરાબર વખતે.
Desk, *n.* (ડેસ્ક) ઢળતી મેજ.
Slates, *n.* (સ્લેટ્સ) પથ્થર પાટી.
Sum, *n.* (સમ) હિસાબ.
Bench, *n.* (બેન્ચ) બાજટ.

(૧) અબદુલ્લા અને નારણુ લગભગ એક સરખી ઉમરના બે છોકરા હતા, અને તેઓ એકજ ગામમાં એક બીજાની નજદીક રહેતા હતા. અબદુલ્લા મુસલમાન હતો, અને તે આંઠ વર્ષની ઉમરનો હતો, તેનો બાપ એક વકીલ હતો. નારણુ હિંદુ હતો. અને તે નવ વર્ષની ઉમરનો હતો, તેનો બાપ ન્યાયાધિશની આફિસમાં કારકુન હતો. (૨) તે બેઉ છોકરાઓ મોટા મિત્રો હતા, અને એકજ નિશાળે જતા હતા, એક સુંદર સહવારે, જ્યારે તેઓ નિશાળે જતા હતા, ત્યારે નારણે વિચાર કીધો કે તેને રમવા ગમશે અને તે દહાડે કામ કરવા ગમશે નહિ પણ તે ઇચ્છતો હતો કે અબદુલ્લા પણ રહે અને રમે, અને તેમ કરવાને તેને સમજાવવાની કોશેશ કીધી. તે છોકરાઓએ જે કહ્યું તે આ હતું. (૩) નારણુ.—ચાલ અબદુલ્લા, તમે જુઓ કે આજનો કેવો સુંદર દિવસ છે. ચાલો નિશાળે જવાને બદલે આપણે ખેતરમાં દોડી જઇએ અને અહિં તહિં રમ્યે. (૪) અબદુલ્લા.–નહિ નારણુ, તે ઘણું ખોટું થશે. (૫) નારણુ–તમે કેવા વિચિત્ર છોકરા છો, તમને રમવા ગમતું નથી? (૬) અબદુલ્લા,—મને રમવા ઘણુંજ ગમે છે, પણ હમણા નહિ, આપણને નિશાળે જવું જોઇએ અને શિખવું જોઇએ તમે તે મારી માફક

જાણો છો. (૭) નારણ.—પણ હજી હમણાંજ આપણને જવાની જરૂર નથી. ચાલો જો તમારી મરજી હોય તો આપણે એક બે કલાક રમ્યે; અને પછી જઇએ. આખો દહાડો વાંચવા શિવાય કાંઇ નહિ કરવા મને ગમતું નથી.(૮)અબદુલ્લા.—હું જાણું છું કે તમને ગમતું નથી. પણ તમે જાણો છો કે તમે કેવા આળસુ છો ! વળી નાનો રામા, જે માત્ર ત્રણ મહિનાની વાત ઉપર નિશાળે આવ્યો હતો, તે તમારા કરતાં વધારે જાણે છે. તમે વર્ગમાં સૌથી છેલ્લા છોકરા છો. (૯) નારણ.—હું જો છેલ્લો છોકરો છું તો તેની મને દરકાર નથી, મારી શિખવાની ઇચ્છા નથી. હું ચોપડીઓને ધિક્કારૂં છું. તેમાં શું છે ? થોડાં વર્ષમાં હું મોટો થઇશ અને માટીડો થઇશ. (૧૦) અબદુલ્લા.—હા, પણ તમે કઇ જાતના માણસ થશો ? (તમે) એક મોટા મુર્ખ (થશો) જેને વાંચતાં પણ આવડે નહિ. તમારી તરફ દરેક જણ કેમ હસશે ? (૧૧) તેઓને હસવા દો. મને શું દરકાર છે. મને જેટલું ગમે તેટલું હું રમવા માગું છું. (૧૨) અબદુલ્લા.—ઘણું સારૂં ત્યારે, જો તમારી મરજી પડે તો જાઓ અને મુર્ખ થાઓ. મારે વિષે કહું તો હું સખત અભ્યાસ કરવા માગું છું. હું મારા બાપ અને મા અને મારા સઘળા મિત્રોને રાજી કરવા ચાહું છું. બિચારા નારણ! કોઇ તમને ચાહશે નહિ, તમારા બાવા તમારી સાથે ઘણા ગુસ્સે થશે. તમારા માય જ્યારે દરેક જણને તમારી તરફ હસતાં જોશે, ત્યારે ઘણા દલગીર થશે. તમે સુખી થશો નહિ. તમે કોઇને કાંઇ કામના થશો નહિ. તમે કાંઇ પણ પૈસા કમાવાને શકિતવાન થશો નહિ. તમે પોતાને મદદ કરવાને શકિતવાન થશો નહિ. કોઇ તમને મદદ કરશે નહિ, કારણકે દરેક જણ કહેશે "તે તેનો પોતાનો વાંક છે, તે આળસુ સુસ્ત છોકરો હતો, અને શિખતો ન હતો, હવે તેણે તેને માટે ખમવું જોઇએ." મેં વાત કરવામાં ઘણોજ વખત ગુમાવ્યો છે. હવે મને દોડી જવું જોઇએ, નહિ તો મને નિશાળે મોડું થશે. (૧૩) નારણ.—ઘણું સારૂં અબદુલ્લા, હું તમારી સાથે નિશાળે આવીશ, પણ જ્યારે નિશાળ છુટે, ત્યારે હું આશા રાખું છું કે તમે મારી સાથે રમશો. (૧૪) અબદુલ્લા.—અરે હા, હું મારૂં પતંગ લાવીશ અને જો સારો પવન હશે તો આપણે તેને ઉડારશું, અને જો સારો પવન ન હશે તો તમે તમારો દડો લાવજો, અને આપણે તે વડે રમશું. (૧૫) તે બેઉ છોકરાઓ ત્યારપછી સાથે નિશાળે દોડી ગયા, અને બરાબર વખતે પુગ્યા. ત્યાં તેઓ એકજ મેજ ઉપર બેસીને બેઉ જણા પોતાની પથ્થર પાટી ઉપર લખે છે, નારણ પોતાની પથ્થર પાટી ઉપર એક દાખલો કરે છે, અને અબદુલ્લા પોતાની ચોપડી જે તેની નજદીક બાજટ ઉપર પડી છે, તેમાંથી જે થોડાક શબ્દો તેણે હમણાંજ વાંચ્યા છે, તે લખે છે.

THE CLEVER CROW. હુશિયાર કાગડો.

Clever, *adj.* (ક્લેવર) હુશિયાર.
Crow, *n.* (ક્રો) કાગડો.
Got, *v. i.* (ગૉટ) થયો.
Thirsty, *adj.* (થરસ્ટિ) તરસ્યો.
Anywhere, *ad.* (ઍનિહ્વેર) કોઇ ઠેકાણે.
From house to house એક ઘર ઉપરથી બીજે ઘર.
Somewhere, *ad.* (સમહ્વેર) કોઇ ઠેકાણે.
Jug, *n.* (જગ) કુજો.
Bottom, *n.* (બૉટમ) તળીયું.
Reach, *v. t.* (રીચ) પહોંચવું.
Upset, *inf.* (અપસેટ) ઉધું વાળવું
A little while-થોડા વખત સુધી.
Plain, *n.* (પ્લેન) યુક્તિ.
Picked up, *v. t.* (પીક્ડ અપ) ઉંચક્યો.
Dropped, *v. t.* (ડ્રૉપ્ડ) નાખ્યો.
To rise, *inf.* (રાઇઝ) ઉંચે ચઢવું
Rose, *v. i.* (રોઝ) ઉંચે ચઢયું.
Right, *ad.* (રાઇટ) બરાબર.
Top, *n.* (ટૉપ) મથાળું.
Drank, *v. i.* (ડ્રંક) પીધું.
Well done, *interj.* (ઉવેલ ડન) શાબાસ.
Give up, *v. t.* (ગિવ અપ) છોડી દેવી.
Hope, *n.* (હોપ) આશા.
Succeed, *v. i.* (સક્સીડ) ફતેહ પામવું.

*(૧) એક ઘણા તપતા દિવસે એક કાગડો ઘણો તરસ્યો થયો. તેને કેઠે પણ પાણી મળી શક્યું નહિ. શું કરવું તે તેને સુઝયું નહિ. તે કેઠેપણ પાણી મેળવવાની કોશેશ કરતો એક ઘર ઉપરથી બીજા ઘર ઉડયો. (૨) આખરે તેણે વાડીમાં એક કુજો જોયો એક માણુસ તે ત્યાં મુકી ગયો હતો. તે કાગડો નીચે ઉડી આવ્યો, અને કુજામાં જોયું. તેને તળીયે તે થોડું પાણી જોઇ શક્યો. (૩) તે કાગડાથી તે પાણી સુધી પહોંચી શકાયું નહિ. ત્યારપછી તેણે તે કુજાને ઉંધો વાળવાની કોશેશ કીધી. જેથી પાણી બહાર નીકળે પણ તે કુજો એટલો તો ભારી હતો કે તે કાગડો તેને ઉંધો વાળી શક્યો નહિ. (૪) ત્યારપથી તે કાગડો જરા થોભ્યો અને તે પાણી મેળવવાની કોઇ રીત શોધી કાઢવાની કોશેશ કીધી. આખરે તેના મગજમાં એક યુક્તિ આવી. તે કાગડાએ વિચાર કર્યો "જો મારાથી નીચે પાણી સુધી પહોંચાતું નથી, તો મારે પાણીને મારી આગળ ઉપર લાવવું જોઇએ. (૫) કેટલાક પથરા નજદીક જમીન ઉપર પડેલા હતા. તે કાગડાએ એક પથ્થર ઉંચક્યો અને તેને કુજામાં નાખ્યો. ત્યારપછી તેણે બીજો પથ્થર ઉંચક્યો અને તે

પણ તેમાં નાખ્યો આ રીતે તેણે ઘણા પથરા એક પછી એક ઉંચકયા, અને તેઓને કુંજામાં નાખ્યા. (૬) જેમ જેમ પથરા અંદર પડયા તેમ તેમ પાણી કુંજામાં ઉપર આવવા લાગ્યું. આખરે તે બરાબર મથાળાં ઉપર આવ્યું. ને કાગડાને જેટલું જોઇતું હતું તેટલું પાણી પીધું અને ત્યારપછી ઉડી ગયો. (૭) શાબાસ ! હુશીયાર કાગડા ! જયારે પહેલ વહેલાં તમને પાણી મળી શકયું નહિ ત્યારે તમે આશા છોડી દીધી નહિ એ કેવું સારૂં. વાજબી રીતે કહેવામાં આવ્યું છે કે "જયારે પહેલ વહેલાં તમે ફતેહ પામો નહિ, ત્યારે ફરીથી અને ફરીથી કોશેશ કરો.

TRY, TRY AGAIN. ફરી ફરીને કોશેશ કરો.

Lesson, *n.*(લેસન) ધડો.
Heed, *v. t.* (હીડ) ધ્યાન આપવું
Courage, *n.* (કરેજ) હિમ્મત.
Appear, *v.i* (ઍપિયર) જણાવું.
Persevere, *v. i.*(પરસિવિયર)ખંત રાખવી.
Conquer, *v. i.* (કૉનકર) જીતવું.
Fail, *v i.* (ફેલ) નિષ્ફળ જવું.
Prevail, *v. t.* (પ્રીવેલ) ફતેહ પામો
Strive, *v.t.* (સ્ત્રાઇવ) કોશેશ કરવી.
Disgrace (ડિસગ્રેસ) શરમ.
Win, *v. t.* (વિન) જીતવું.
Race, *n.* (રેસ) સરત.
Case, *n.* (કેસ) દાખલો.
Task, *n.* (ટાસ્ક) કામ.
Hard, *adj.* (હાર્ડ) અઘરૂં.
Reward *n.* (રિવૉર્ડ) બદલો.
Patience, *n.* (પેશન્સ) સબુરી.
Rule *n.* (રૂલ) કાયદો.
In view (ઇન વ્યુ) ધ્યાનમાં.

(૧) ફરીથી કોશેશ કરો, કોશેશ કરો, ને એક ધડો છે. જે ઉપર તમારે ધ્યાન આપવું જોઇએ; જો પહેલ વહેલાં તમે ફતેહ નહિ પામો, તો ફરીથી કોશેશ કરજો. કોશેશ કરજો' આ પ્રમાણે તમારી હિમ્મત જણાશે, કારણ કે જો તમે ખંત રાખશો તો તમે ફતેહ મેળવશો, કદી બીહતા ના; ફરીથી કોશેશ કરો, કોશેશ કરો. (૨) એક યા બે વાર જો કે તમે નિષ્ફળ થાઓ, તો પણ ફરીથી કોશેશ કરજો, કોશેશ કરજો જ્યાંસુધી આખરે તમે ફતેહ પામો, ત્યાંસુધી ફરીથી કોશેશ કરો, કોશેશ કરો. જો કે આપણે સરત નહિ જીત્યે, તો બી જો આપણે કોશેશ કર્યે તો તેમાં કાંઇ એબ નથી; આ દાખલામાં આ વા સરસ શું છે ? ફરી થી કોશેશ કરો, કોશેશ કરો (૩) જો તમને તમારૂં કામ અઘરૂં માલમ પડે તોબી ફરીથી કોશેશ કરજો, કોશેશ કરજો. વખત તમને તમારો બદલો લાવી આપશે, ફરીથી કોશેશ કરો, કોશેશ કરો, જે સઘળુ બીજા માણસો કરી શકે ને તમે ધીરજથી કાંય નહિ કરી શકો ? ફકત આ કાયદો ધ્યાનમાં રાખજો, ફરીથી કોશેશ કરો, કોશેશ કરો.

THE POOR BLIND MAN. ગરીબ આંધળો માણસ.

Poor, *adj* (પુઅર) ગરીબ.
Leading, *pres. part.* (લીડિંગ) દોરવી લઇ જતી.
Leaning, *v. i* (લીનીંગ) અઢેલતો
Sunshine, *n.* (સનશાઇન) તડકો.
Beautiful, *adj.* (બ્યુટિફુલ) સુંદર.
Faces, *n.* (ફેસીઝ) ચહેરો
Dead, *adj* (ડેડ) મરી ગયલી.
Wife, *n.* (ઉવાઇફ) બઇરી.
To beg, *inf* (બેગ) ભીખ માગવી.
Kind, *adj.* (કાઇન્ડ) દયાળુ.
Now and then કોઇ કોઇ વાર.
Unkind, *adj.* (અનકાઇન્ડ) દયા વગરના.
Pity, *v. t.* (પિટિ) દયા કરો.
Pice, *n.* (પાઇસ) પૈસો.
Handful, *n.* (હૅનડફુલ) મુઠો [ભરીને.
Bless, *v. t.* (બ્લેસ) સુખી કરવું.

(૧) અહિંયાં તમે એક નાની છોકરીને, એક બુઢો માણસ, જે એક લાકડી ઉપર ટેકો દઇને ચાલે છે, તેને હાથ પકડીને દોરવી લઇ જતાં જુઓ છો તેણી તેની દીકરી થાય છે, અને તેણી તેને દોરવી લઇ જાય છે, કારણ કે તે આંધળો છે. (૨) આ બિચારો માણસ પ્રકાશીત સુરજનો તડકો કદી જોશે નહિ તે કદી પણ સુંદર ફુલો અથવા ખેતરો અથવા ઝાડો અથવા પક્ષીઓ વધારે વાર જોશે નહીં તે અંધારામાં (ચાલતા) એક માણસ જેવો છે. તેને મનસે હમેશા રાત છે તેને માટે દિવસ નથી. (૩) તે કદી પોતાના મિત્રોનાં ચહેરા જોઇ શકતો નથી. તેની એક બુઢી મા અને એક નાની દીકરી છે. તેની બાયડી મરણ પામી છે. તે કદી પોતાની માનો ચહેરો પાછો જોઇ શકશે નહિ પોતાની નાની દીકરી જે તેને હમણા દોરવી લઇ જાય છે, તેનો ચહેરો તે કદી જોઇ શકશે નહિ. (૪) તે કાંઇ પણ કામ કરવાને માટે જોઇ શકતો નથી. તેને ખાવાને માટે ભીખ માગવી પડે છે. કોઇ દયાળુ માણસ તેને કોઇ કોઇ વાર ખાવાનુ, અથવા ખાવાનું ખરીદવાને માટે થોડા પૈસા આપે છે. (૫) એક આંધળા માણસ તરફ કદી દયા વગરના થતા ના તેની ઉપર દયા કરજો અને તેને મદદ કરવાની કોશેશ કરજો. વળી જો તમે ગરીબ હોવ તો તેને કોઇ કોઇ વાર એક પૈસો અથવા મુઠો ભરીને ચોખા આપજો ખોદા તમને તેને માટે સુખી કરશે.

THE CROW AND THE DOG. કાગડો અને કુતરો.

True, *adj.* (ટ્રુ) સાચી.
Story, *n.* (સ્ટોરિ) વાત.
Rich, *adj.* (રિચ) પૈસાદાર.
Thieves, *n.* (થીવ્ઝ) ચોરો.

Tied, *v. t.* (ટાઇડ) બાંધેલો.
Chain, *n.* (ચેન) સાંકળ.
Loose. (લુસ) છુટો.
Used, *v. i.* (યુઝ્ડ) ટેવ હતી.
Tease, *v. t.* (ટીઝ) પજવવું.
Mind, *v. t.* (માઇન્ડ) દરકાર કરવી.
Slyly, *ad.* (સ્લાઇલિ) હરસે, લુચ્ચાઇથી.
Snatch, *v. t.* (સ્નૅચ) ઝુટવી લેવું.
Piece, *n.* (પીસ) ટુકડો.
Beak, *n.* (બીક) ચાંચ.
Out of the reach of dog. એટલે દુર કે પુગી શકાય નહિ.
Tub, *n.* (ટબ) પીપ.
Edge, *n.* (એજ) કિનારી.
Drowned, *v. t.* (ડ્રાઉન્ડ) ડુબી ગયો.
Held, *v. t.* (હેલ્ડ) પકડી રાખ્યો.
Fast, *ad.* (ફાસ્ટ) મજબુત.
Pulled, *v. i.* (પુલ્ડ) ખેંચ્યું.
Dragged, *v. t.* (ડ્રૅગ્ડ) ખેંચ્યો.
Foot, *n.* (ફુટ) ફુટ.
Lay, *v. i.* (લે) પડી રહયો.
Still, *adj.* (સ્ટિલ) સ્થિર.
Often, *ad.* (ઑફ્ન) વારંવાર.

(૧) એક કાગડા અને કુતરા વિષે આ એક ખરી વાત છે. (૨) એક પૈસાદાર માણસે રાત્રે પોતાના ઘરની સંભાળ લેવાને અને ચોરોને દુર રાખવાને એક કુતરો રાખ્યો હતો. દિવસની વખતે તે કુતરાને એક ભારે પથ્થર સાથે એક સાંકળ વડે બાંધવામાં આવતો હતો, અને રાત્રે તેને છુટો મુકવામાં આવતો હતો. (૩) દરરોજ એક કાગડો આવતો હતો અને કુતરાને મળતો હતો. કુતરો અને કાગડો મિત્રો હતા. કાગડો કુતરાથી બીહતો ન હતો પણ તેની સાથે રમતો હતો અને તેને પજવતો હતો; પણ તે કુતરાને એની બિલકુલ દરકાર ન હતી. (૪) જ્યારે તે કુત્રાને દરરોજ પોતાનો ખોરાક મળતો, ત્યારે તે કાગડો હરસે આગળ જતો, અને ખાવાનો એક ટુકડો ઝુટવી લેતો, અને તેને પજવવાને માટે તે કુતરાથી માત્ર પહોંચાય નહિ તેટલે દુર પોતાની ચાંચમાં તેને પકડી રાખતો. (૫) ત્યાર પછી તે વધારે નજદીક આવતો અને જ્યારે તે કુતરો તે ખાવાનો ટુકડો મેળવવાની કોશેશ કરતો ત્યારે તે તેનાથી પહોંચાય નહિ એટલે દુર ઉડી જતો, પણ તે કુતરો ગુસ્સે થતો ન હતો. પોતાની સાથે રમવાને માટે કોઇને મેળવવા તે ખુશી હતો. (૬) તે કુતરાની નજદીક પણ તેનાથી પહોંચાય નહિ એટલે દુર પાણીનું ભરેલું એક પીપ હતું. એક દહાડો જ્યારે કાગડો તે કુતરા સાથે રમતો હતો, ત્યારે તે પેલાં પીપની કોર ઉપર બેઠો હતો. જેવો તેણે પાછળ કુદકો માર્યો તેવોજ તે પાણીમાં પડયો, અને લગભગ ડુબી ગયો. (૭) તે કુતરાએ તેની મદદે જવાની કોશેશ કીધી પણ તે

સાંકળે તેને મજબુત પકડી રાખ્યો. આખરે તેણે ઘણું જોશમાં ખેચ્યું અને તે ભારે પથ્થર એક બે ફુટ ઘસડયો. જેવો તે પીપ આગળ પુગી શકયો તેવોજ તેણે તે કાગડાને પોતાનાં મોઢાં વડે બહાર કાઢયો, અને તેને જમીન ઉપર મુકયો. (૮) તે કાગડો થોડો વખત સુધી સ્થીર પડી રહયો. અને ત્યાર પછી ઉઠયો. તે જલદીથી પાછો સાજો થયો. તે વારંવાર પાછો આવતો અને પોતાના મિત્ર કુતરા સાથે રમતો.

THE MOON. ચંદ્ર.

Brighten, *v. t.* (બ્રાઇટન) પ્રકાશીત કરે છે.
Lamps, *n.* (લૅમ્પ્સ) દીવા.
Hung, *p. p.* (હન્ગ) લટકાવેલા.
Looking-glass, *n.* (લુકિંગ ગ્લાસ) આરશી.
Mirror, *n.* (મિરર) આરશી.
Quite, *ad.* (ક્વાઇટ) તદન.
Round, *adj.* (રાઉન્ડ) ગોળ.
Grows, *v. i.* (ગ્રોઝ) થાય છે.
Goes out of sight-ગુમ થાય છે.
Weeks, *n.* (વીક્ઝ) અઠવાડિયાં.
Fortnight, *n.* (ફૉર્ટનાઇટ) પખવાડીઉં.
Full, *adj.* (ફુલ) આખો.
Shape, *n.* (શેપ) આકાર.
Thousands, *n.* (થાઉઝન્ડઝ) હજારો.
Miles, *n.* (માઇલ્ઝ) માઇલ.

(૧) સુરજ આપણને દિવસની વખતે રોશની આપે છે, અને ચંદ્ર અને તારા રાત્રે આકાશને પ્રકાશીત કરે છે. ચંદ્ર અને તારા આકાશમાં ટાંગેલા દીવા જેવા છે. દિવસની વખતે આપણે તેઓને જોઇ શકતા નથી, કારણ કે સુરજ ઘણો પ્રકાશીત છે. (૨) ચંદ્રમાં પોતાનું તેજ નથી, પણ પોતાની સઘળી રોશની સુરજ તરફથી મેળવે છે, જો સુરજ એક આરશી અથવા મોહું જોવાના કાચ ઉપર પ્રકાશે તો તે આરશી તે રોશની પાછી ફેંકે છે. તેથી ચંદ્ર આકાશમાંની એક મોટી આરશી જેવો છે. તે સુરજની રોશની આપણી તરફ પાછી ફેંકે છે. (૩) કોઇ કોઇ વાર આપણે ચંદ્રને તદન ગોળ અને ઘણો પ્રકાશીત જોઇએ છીએ. તે વખતે તેને પુનમનો ચાંદ કહે છે. ત્યારપછી તે જ્યાંસુધી છેવટે સરવાળે નજરે પડતો બંધ થાય છે ત્યાંસુધી તે વધારે અને વધારે નાનો થાય છે. એમ કરવાને તેને બે અઠવાડિયાં અથવા ચોદ દિવસ અથવા એક પખવાડિઉં લાગે છે. (૪) એકવાર ફરીથી આપણે તેને ઘણો નાનો દેખાતો જોઇએ છીએ ત્યારે તે ચાંદરાતનો ચંદ્ર કહેવાય છે. તે જ્યાંસુધી એક પખવાડિયામાં પાછો આખો થાય છે, ત્યાંસુધી વધારે અને વધારે મોટો થાય છે. (૫) આ પ્રમાણે આપણને અઠાવીસ

દિવસ અથવા ચાર અઠવાડિયે એક વાર નવો ચંદ્ર (ચાંદરાતનો ચંદ્ર મળે છે.) (૬) આકાશમાં ચંદ્ર એક દડા જેવો છે. તે ઘણો મોટો છે, પણ નાનો દેખાય છે. કારણ કે તે ઘણો દુર છે. આપણી અને ચંદ્રની વચ્ચે હજારો માઇલો છે.

PERSEVERE. ખંત રાખો.

Persevere, *v. i* (પરસિવિયર) ખંત [રાખો.
Climb, *v. t.* (ક્લાઇમ્બ) ચઢવું.
Hill, *n.* (હિલ) ટેકરી.
Foot, *n.* (ફુટ) તળીયે.
Gazing, *pres. part.* (ગેઝિંગ) [ટીકીને જોતાં.
Stumble, *v.i.* (સ્ટમ્બલ) ગબડી પડો.
Oft, *ad.* (ઑફ્ટ) વારંવાર.
Downcast, *adj.* (ડાઉનકાસ્ટ) [નીરાશ.
Succeed, *v.i.* (સકસીડ) ફતેહ પામવું.
At last, *ad.* (ઍટ લાસ્ટ) આખરે.

(૧) છોકરાઓ, જ્યારે તમને કામ કરવાનુ હોય ત્યારે તે રાજીખુશીથી કરજો. છોકરાઓ, જેઓ મહાળે પુગે છે, તેઓએ પહેલાં ટેકરી ઉપર ચડવું જોઇએ. (૨) છોકરાઓ, તળીયે ઉભા રહીને આકાશ તરફ તાંકીને જોઇને, જો તમે કદી કોશેશ નહિ કરો તો છોકરાઓ, તમે ઉપર કેમ પુગી શકો ? (૩) છોકરાઓ, જો કે તમે વારંવાર ગબડી પડો તોપણ તમે નિરાશ થતા ના. છોકરાઓ, તમે ફરીથી કોશેશ કરો, તમે આખરે ફતેહ પામસો.

THE LAZY MAN. આળસુ માણસ.

Busy, *adj.* (બિઝિ) ઉદ્યોગી.
Writing, *pres. part.* (રાઇટિંગ) લખતો.
Peon, *n.* (પિયૉન) આફીસનો સિ- [પાઇ.
Called out, *v. t.* (કૉલ્ડ આઉટ) મોટેથી હાંક મારી.
Sahib, *n* (સાહિબ) સાહેબ.
Replied, *v. t.* (રિપ્લાઇડ) જવાબ આપ્યો.
Ahmad, *n.* (અહમદ) નામ છે.
Salaam, *n.* (સલામ) સલામ.
Box, *n.* (બૉક્સ) દાબડો.
Master, *n.* (માસ્ટર) શેઠ.
Lose, *v. t* (લુઝ) ખોહવું.
Clerk, *n.* (ક્લાર્ક) લખનાર.
Is waiting, *v. i.* (ઇઝ વેટિંગ) ખોટી થાય છે.
I am off, હું ચાલ્યો.
Low, *adj.* (લો) વાંકા વળીને.
As long as જ્યાંસુધી
He was...house. તે ઘર જોઇ [શકયો.
Slowly, *ad.* (સ્લોલિ) ધીમે સે.
Shady, *adj.* (શેડિ) છાયડાવાળી.
Bushes, *n.* (બુશિઝ) ઝાડીઓ.

Under, *pre.* (અંડર) હેઠે.
Shade, *n.* (શેડ) છાંયડો.
Stretched, *v. t.* (સ્ટ્રેચ્ડ) લાંબો થઈને સુતો.
Pillow, *adj.* (પિલો) તકીઓ.
Sound asleep–ભર ઉંઘમાં.
Perched, *v. i.* (પર્ચ્ડ) બેઠી.
Pecked, *v. i.* (પેક્ડ) ચાંચ મારી.
Cawed, *v. i.* (કૉડ) કાકા કીધું.
Woke, *v. t.* (ઉવોક) જગાડયો.
Yawned, *v. i.* (યૉન્ડ) બગાસાં ખાધી.
Orders, *n.* (ઑરડર્ઝ) હુકમો.
To copy, *inf.* (ટુ કૉપિ) નકલ કરવી.
Distant, *adj.* (ડિસ્ટન્ટ) દુરના.
Post, *n.* (પોસ્ટ) ટપાલ.
Lost, *v. t.* (લૉસ્ટ) હારી ગયો.
Case, *n.* (કેસ) કજીયો.
Town, *n.* (ટાઉન) શહેર.
In time, વખત સર.

(૧) એક વકીલ આખી સહવાર થોડાં કાગળો લખવામાં રોકાયલો હતો. બે વાગે તેણે મોટેથી બુમ પાડીને કહ્યું "સિપાઇ, સિપાઈ, અહિયાં આવ." અહમદ સિપાઇએ સલામ કરીને જવાબ આપ્યો, "આવ્યો, સાહેબ" તેના શેઠે કહ્યું "આ દાબડો આફિસમાં લઇ જા; એકદમ જા, અને કાંઇ વખત ગુમાવતો ના. કારકુન ખોટી થાય છે." (૨) જ્યારે તે સિપાઇએ તે દાબડો લીધો ત્યારે ઘણો વાંકો વળીને બીજી સલામ કીધી અને ચાલ્યો ત્યારે બોલ્યો, "ચાલ્યો, સાહેબ." (૩) તે આફિસ તે ઘરથી બે માઇલ દુર હતી અને તે દહાડે ઘણો તાપ પડતો હતો. તે સિપાઇને જ્યાંસુધી તે ઘર નજરે પડયું ત્યાં સુધી તે ઘણો ઝડપથી ચાલ્યો અને ત્યારપછી તે ઘણો વધારે ધીમેથી ચાલ્યો અને કોઇ કોઈ વાર જ્યારે તેની સાથે વાત કરવાને રસ્તા ઉપર તેને કોઇ મિત્ર મળ્યો ત્યારે તે ઉભો રહયો. (૪) આખરે તે રસ્તાની બાજુએ કોઇ છાંયડાવાળી ઝાડીઓ આગળ આવ્યો. તે પોતાના મન સાથે બોલ્યો, "હું ધારૂં છું કે મને અહિયાં થોડી આસાયશ લેવી જોઇએ, આ ઘણો ભારી દાબડો છે, અને હું થાકી ગયો છું." (૫) તેથી તે ઝાડીઓના છાંયા હેઠળ બેઠો. તેણે વિચાર્યું, અહિયાં ઘણું સુંદર અને ઠંડક આપનારૂં લાગે છે, શા માટે હું જરા ઉંઘાઉં નહિ, અને પછી જાઉ ! દશ મિનિટ પુરતી થશે. (૬) તેથી તે લાંબો થઇને સુતો, પોતાનું માથું તકીયાને ઠેકાણે પોતાના હાથ ઉપર મુક્યું અને જલદીથી ભર ઉંઘમાં પડયો. દશ મિનિટ, વિશ મિનિટ, એક કલાક, બે કલાક, વહી ગયા. ત્યાર પછી એક કાગડો નીચે ઉડી

આવ્યો, તે દાબડા ઉપર બેઠો, અને તેને ચાંચ મારી. તે કાગડાથી તે ઉઘડયો નહિ એમ માલમ પડવાથી તેણે બીજા કાગડાને આવીને તેને મદદ કરવાને માટે "કા કા" કીધું. આ કા કાથી તે સિપાઇ જાગી ઉઠયો. તે કુદકો મારી ઉભો થયો, અવાચી ખાધી. અને તે દાબડો લીધો અને આફિસ તરફ ચાલ્યો. (૭) પણ હમણા પાંચ વાગી ગયા હતા. તે કારકુને તે દાબડો લીધો, તે ઉઘાડયો, અને પોતાના શેઠના હુકમો વાંચ્યા. તે (હુકમો) કાગળોની નકલ કરીને તેઓને એક દમ કોઇ દુરના શહેરમાં મોકલવાના હતા, ટપાલ પાંચ વાગે ઉપડયો, અને છેક મોડું થઇ ગયું હતું. તે વકીલ પોતાનો કજીયો હારી ગયો કારણ કે તે કાગળીયાંઓ વખતસર શહેરમાં પુગ્યાં નહિ.

THE FOX AND THE CROW. કોહલું અને કાગડો.

Den, *n.* (ડેન) ગુફા.
Awoke, *v. i.* (અવોક) ઉઠયો.
Stretched, *v. t.* (સ્ટ્રેચ્ડ) આળસ ખાધી.
Had stolen, *v. t.* (હૅડ સ્ટોલન) ચોરી લાવ્યો હતો.
Meat, *n.* (મીટ) માસ.
Branch, *n.* (બ્રૅન્ચ) ડાંખળી.
Trotting, *v. i.* (ટ્રૉટિંગ) ટપ ટપ ચાલતો હતો.
Underneath, *pre.* (અનડરનીથ) નીચે.
Licked, *v. t.* (લિકડ)ચાટયા.
Lips, (લિપ્સ) હોઠ.
Bit, *n.* (બિટ) ટુકડો.
In these hard times—આ કડાકડીના વખતમાં.
Thankful, *adj.* (થૅન્કફુલ) આભારી
Mouthful, *n.* (માઉથફુલ) બુક.
As well, પણ.
No doubt, *ad.* (નો ડાઉટ) ખચીત.
She...reach-તેણી એટલી દુર હતી કે તેનાથી પહોંચાય નહિ.
Sly, *adj.* (સ્લાઇ) લુચ્ચું.
Silly, *adj.* (સિલિ) મુર્ખ.
Used, *v. i.* (યુઝડ) ટેવ હતી.
Fat, *adj.* (ફૅટ) ચરબીદાર.
Get, *inf.* (ગેટ) જવું.
Lovely, *adj.* (લવલિ) સુંદર.
Surely, *ad.* (સ્યુરલિ) ખચીત.
Queen, *n.* (ક્વીન) રાણી.
Feathers, *n.* (ફેધર્ઝ) પીછાં.
Shiny, *adj.* (શાઇનિ) પ્રકાશતી.
Tail, *n.* (ટેલ) પુછડી.
Praise, *n.* (પ્રેઝ) વખાણ.
Was pleased, *v.i.* (વૉઝ પ્લીઝડ) ખુશી થઇ.

Voice, *n.* (વૉઇસ) અવાજ.
Bulbul, *n.* (બુલબુલ) બુલબુલ.
Songs, *n.* (સૉન્ગઝ) ગીતો.
Vain, *adj.* (વેન) શેખીખોર.
Beak, *n.* (બીક) ચાંચ.
Dropped, *v.* (ડ્રૉપ્ડ) પડ્યું.
Hungry, *adj.* (હન્ગ્રિ) ભૂખ્યો.
Although, *conj.* (ઑલધો) જોકે.
Nearly, *ad.* (નિયરલિ) લગભગ.
Choked, *v. t.* (ચોકડ) ગુંગળાવી નાખ્યો.

(૧) તે દહાડે તાપ ઘણો પડતો હતો. સુરજ અસ્ત પામતો હતો જ્યારે એક કોહલું જે પોતાના ગુફામાં આખો દહાડો ઉંઘાયલું હતું તે જાગી ઉઠ્યું આળસ ખાધી, અને વિચારવા લાગ્યું કે બહાર જવાનો અને કાંઈ ખાવાનું મેળવવાનો વખત થયો હતો. (૨) એટલામાં એક કાગડો જેણે ગોસ્તનો એક ટુકડો ચોર્યો હતો, તે એક પાસેના ઝાડ ઉપર ઉડી આવીને બેઠો અને તે ખાવાને એક ડાંખળી ઉપર બેઠો. (૩) તે કોહલું કે જે ઝાડની હેઠે તપ તપ ચાલતું હતું તેણે તે કાગડાને જોયો અને એકદમ ઉભું રહી ગયું. જ્યારે તેણે ઉપર જોયું ત્યારે તેણે પોતાના હોઠ ચાટયા. તેણે પોતાના મન સાથે વિચાર કીધો અરે ? મને પોતાને તે ગોસ્તનો ટુકડો ખાવા ગમે છે, ખરૂં છે કે, તે કાંઇ ઘણો નથી પણ આ કાકડીના વખતમાં એક શખસે એક ભુકને માટે પણ ઉપકારી થવું જોઇએ. (૪) તે બેઠો અને તે વિષે વિચાર કીધો. જો તે માત્ર તે કાગડાને પકડી શકતે, તો ખચીત તે ગોસ્તનો ટુકડો ઘણો જલદી ખાઈ જતે એટલુંજ નહિ, પણ તે કાગડાને પણ ખાઇ જતે. પણ તેણી એટલી ઉચી હતી કે તેનાથી પહોંચાય નહિ. ત્યારપછી તેની માયે તેને જે એક વખત કહ્યું હતું તેનો તેણે વિચાર કીધો. તેણી એક લુચ્ચું બુઢું શિયાળ હતું અને દરેક ચીજ વીષે ઘણું જાણતી હતી તેણી કહેતી હતી કે " પક્ષીઓ ઘણાં મુર્ખ હોય છે, મેં એક વખત એક સુંદર ચરબીદાર મરઘી પકડી હતી જેણે મને જ્યારે મેં તેણીને કહ્યું કે તેણી ઘણી સુંદર દેખાતી હતી, ત્યારે પોતાની છેક નજદીક આવવા દીધો હતો. (૫) તેથી તે કોહલાંએ તે કાગડા તરફ ઉપર જોયું અને બોલ્યો, "પેલું કેવું સુંદર પક્ષી છે જે હું ત્યાં ઉપર જોઉં છું. ખચીત તે સઘળાં પક્ષીઓની રાણી છે. તેને કેવાં સુંદર પીછાં છે ! પેલી ચલકતી કાળી પાંખ અને પેલી સુંદર પુછડીના જેવી કોઇ પણ સુંદર ચીજ મેં કદી જોઇ નથી ! " (૬) તે કાગડાએ અગાઉ આની માફક વખાણ સાંભળી ન હતી તેણી ઘણી રાજી થઇ પણ તદન સ્થિર બેસી રહી અને કાંઇ બોલી

નહિ. (૭) તે કોહલું તેણીની પાસે તેનું મોઢું ઉઘડાવવા માગતો હતો, તેથી તેણે બોલવાનું ચાલુ રાખ્યું તે બોલ્યો " ઓ રાણી, તમારો અવાજ ઘણો મધુર છે. તેઓ (લોકો) કહે છે, કે બુલબુલ અરધું પણ એવું સરસ ગાઇ શકતું નથી. તમે મારે માટે સાંભળવાને તમારૂં એક મધુર ગાયન ગાશો નહિ? (૮) જ્યારે તે શેખીખોર કાગડાએ આ સાંભળ્યું ત્યારે તે એટલી તો ખુશી થઇ ગઇ કે તે ગોસ્તના ટુકડા વિષે તે સઘળું ભુલી ગઇ. તેણીએ ગાવાને પોતાની ચાંચ ઉઘાડી, તેણી બોલી " કા, કા, " અને જ્યારે તેણીએ તેમ કીધું ત્યારે તે ગોસ્તનો ટુકડો તે ભુખ્યા કોહલાંના ઉઘાડાં મોંઢામાં જઇ પડયો જે તે જેમ બને તેમ ઝડપથી ખાઇ ગયો જો કે હસતાં તે લગભગ ગુંગળાઇ ગયો હતો.

TREES. ઝાડો.

A long way—ઘણે દૂર.
Rest, *inf.* (રેસ્ટ) આસાયશ લેવી.
Thick, *adj.* (થિક) ગીચ.
Shut, *v. t.* (શટ) અટકાવે છે.
Parched, *ad.* (પાર્ચ્ડ) ભુંજેલા.
Pocket, *n.* (પૉકેટ) ગજવું.
Trunk, *n.* (ટ્રંક) થડ.
Spread, *v. i.* (સ્પ્રેડ) ફેલાય છે.
Cover, *v. t.* (કવર) રક્ષણ આપે છે.
Middle, *n.* (મિડલ) વચલો ભાગ.
In a little while—થોડા વખતમાં.

Brown, *adj.* (બ્રાઉન) ભુરા રંગની.
Fresh, *ad.* (ફ્રેશ) તાજાં.
Die, *v. i.* (ડાઇ) મરી જવું.
Suck, *v. t.* (સક) ચુસે છે.
Deep, *ad.* (ડીપ) ઉંડી.
Roots, *n.* (રૂટ્ઝ) મુળિયાં.
Earth, *n.* (અર્થ) જમીન.
Ropes, *n.* (રોપ્ઝ) દોરડાં.
Firm, *ad.* (ફર્મ) મજબુત.
Being blown, *ger.* (બિઇંગબ્લોન) ઉડી જતાં.

(૧) આપણે ઘણે દુર ચાલી આવ્યા છીએ, મને ઘણી થાક લાગે છે. તમે પણ થાકી ગયા છો? કેવી ગરમી પડે છે! મારાથી વધારે વાર ચલાતું નથી. ચાલો આપણે આ ઝાડ તળે બેસીયે અને આસાયશ લઇએ. (૨) અહિયાં સુંદર અને ઠંડક આપનારૂં છે. સુર્યની રોશની આપણી આગળ પહોંચી શકતી નથી, કારણ કે ઝાડના ગીચ પાંદડાં તેને આવતાં અટકાવે છે. મારા ગજવામાં થોડા ભુંજેલા ચોખા છે. ચાલો આપણે તેમાંથી થોડા ખાઇએ. અહિયાં થોડા તમારે માટે છે. (૩) આ કેવું સુંદર જુનું ઝાડ છે! હું ધારૂં છું કે તે સો વર્ષનું જુનું હોવું જોઇએ. તેનું થડ કેવું જાડું છે! સઘળી બાજુએ ડાંખળીઓ કેટલી દુર ફેલાયલી છે. એક ઘરના

છાપરાંની માફક તેઓ આપણને છાંયડો આપે છે. વચમાંના જાડાં થડથી ડાંખળીઓ ઉંચે ટેકવાયલી છે. (૪) તેનાં પાંદડાં કેવા સુંદર દેખાય છે. હવે તેઓ પ્રકાશતાં અને લીલાં છે. પણ થોડા વખતમાં તેઓ પીલાં અને ભુરાં થશે. ત્યાર પછી તેઓ તદન સુકકાં થશે અને જમીન ઉપર પડશે. પાંદડીઓ માત્ર એક વર્ષ જીવે છે. તેઓ મરી ગયા પછી નવાં પાંદડાં તેઓની જગાએ આવે છે. (૫) પાંદડાંઓ ઝાડને શું કામના છે! શું માત્ર તેઓ ઝાડને સુંદર દેખાડવાને માટે છે! (૬) અરે નહિ! પાંદડાં વગર ઝાડ જીવી શકે નહિ. પાંદડાંઓ, જ્યારે પ્રકાશીત સુરજ તેઓ ઉપર પ્રકાશે છે, ત્યારે હવામાંથી પોષણ ચુશી લે છે. તે પોષણ ઝાડમાં જાય છે અને તેને મજબુત બનાવે છે. (૭) ઝાડને કોઇ બીજી રીતે ખોરાક મળે છે? (૮) હા; ઝાડના કેટલાક ભાગ તમે જોઇ શકતા નથી તેઓ જમીનમાં નીચે ઉંડા જાય છે. આ ભાગોને ઝાડના મુળિયાં કહે છે. જે પ્રમાણે જમીનની ઉપર થડ અને તેમાંથી ઘણી ડાંખળીઓ નીકળેલી હોય છે. તે, પ્રમાણે એક મોટું મુળિઉં હોય છે, અને તેમાંથી ઉગતા ઘણાં નાનાં મુળયાં હોય છે. (૯) જે પ્રમાણે પાંદડાં હવામાંથી પોષણ ચુશીલે છે, તે પ્રમાણે આ મૂળિયા જમીનમાંથી પોષણ ચુશી લે છે. તે પોષણ ઝાડમાં જાય છે અને તેને મજબુત બનાવે છે. (૧૦) મુળિયાંઓ ઝાડને માટે જમીનમાંથી પોષણ મેળવે છે, એટલુંજ નહિ, પણ તેઓ દોરડાં જેવાં છે, જેઓ ઝાડને જમીનમાં મજબુત રાખે છે અને તેને પવનથી ઉડીને નીચે પડતાં બચાવે છે.

LESSONS. પાઠ.

Lessons, *n.* (લેસન્ઝ) પાઠ.
To study, *inf.* (સ્ટડિ) અભ્યાસ કરવાને.
Hard, *ad.* (હાર્ડ) સખત.
Reward, *n.* (રિવૉર્ડ) બદલો.
Spell, *v. t.* (સ્પેલ) જોડણી કરવી.
Heed, *v. t.* (હીડ) ધ્યાન આપવું.
Steady, *ad.* (સ્ટેડિ) મક્કમ.
Empty, *adj.* (એમ્પ્ટિ) ખાલી.
Purse, *n.* (પર્સ) પૈસાની કોથળી.
Brain, *n.* (બ્રેન) મગજ.
Worse, *adj.* (ઉવર્સ) વધારે ખરાબ.
Task, *n.* (ટાસ્ક) કામ; પાઠ.
Begin, *v. t.* (બિગિન) શરૂ કરો.
Prize, *n.* (પ્રાઇઝ) ઇનામ.
To win, *inf.* (ટુ ઉવિન) જીતવું.
Pour, *v. t.* (પોર) રેડો.
Golden, *adj.* (ગોલ્ડન) કિમતી.
Knowledge, *n.* (નૉલેજ) જ્ઞાન.

(૧) હવે સખત અભ્યાસ કરવાનો વખત છે; કામ તેનો પોતાનો બદલો લાવશે; ત્યારે, કામ કરો, કામ કરો, કામ કરો. (૨) આપણને જોડણી કરવી જોઇએ અને આપણને વાંચવું જોઇએ, આપણને આપણા પાઠ સિવાય કશા ઉપર ધ્યાન આપવું ન જોઇએ,–ખાતરીપૂર્વક અને મક્કમ માણસોએ ફતેહ મેળવવી જોઇએ; ત્યારે કામ કરો, કામ કરો, કામ કરો ! (૩) ખાલી કોઠળા કોણને ગમશે ? ખાલી મગજ એથીબી વધારે ખરાબ છે; ત્યારે કામ કરો, કામ કરો, કામ કરો (૪) ઉલટથી પાઠ શરૂ કરો; હવે ઇનામ જીતવાનો વખત છે; કિમતી જ્ઞાન અંદર (મગજમાં) રેડો અને કામ કરો, કામ કરો, કામ કરો.

THE ARAB AND HIS HORSE. આરબ અને તેનો ઘોડો.

Arab, *n* (ઍરબ) આરબ.
Reared, *v. t.* (રિયર્ડ) ઉછેર્યો હતો.
Birth, *n.* (બર્થ) જન્મ.
Fed, *v. t.* (ફેડ) ખવાડયું.
Treated, *v. t.* (ટ્રીટેડ) વરત્યો.
Lived, *v. i.* (લિવ્ડ) રહેતો હતો.
Tent, *n.* (ટેન્ટ) તંબુ.
Wide, *adj* (વાઇડ) બહોલાં.
Plain, *n.* (પ્લેન) મેદાન.
Robbers, *n* (રૉબર્ઝ) લુટારાઓ.
Tied, *v. t.* (ટાઇડ) બાંધ્યો.
Ropes, *n.* (રોપ્ઝ) દોરડાં.
Towards, *prep.* (ટોઅર્ડ્ઝ) તરફ.
Move, *v. i.* (મુવ) ખસવું, હાલવું.
Master, *n.* (માસ્તર) શેઠ.
Helpless, *adj.* (હેલ્પલેસ) લાચાર.
State, *n.* (સ્ટેટ) હાલત.
Girdle, *n.* (ગરડલ) પટો.
Galloped, *v. i.* (ગૅલપ્ડ) ચારે પગે દોડી ગયો.
Dropped, *v. t.* (ડ્રૉપ્ડ) મુકયો.
In front of, આગળ.
Door, *n.* (ડૉર) દરવાજો.
To save, *inf.* (ટુ સેવ) બચાવવાને.
Given up, *v. i.* (ગિવન અપ) ખોહી.

(૧) એકવાર એક આરબ હતો, જેની પાસે એક ઘણો સુંદર ઘોડો હતો તેણે તેને તેના જન્મથી ઉછેર્યો હતો, અને હમેશા તેને પોતાના હાથે ખવાડતો હતો. તે પોતાના ઘોડા તરફ ઘણો માયાળુ હતો, અને જ્યારે તે તેને નામ દઇને બોલાવતો હતો, ત્યારે તે તેની આગળ દોડતો આવતો હતો. તે તેની સાથે પોતાના બચ્ચાંની માફક વરતતો હતો, અને તે ઘોડો જાણેકે તે તેનો બાપ હોય તેમ તેને ચાહતો હતો. (૨) આ આરબ એક ઘરમાં રહેતો ન હતો પણ બહોલાં મેદાનમાં એક તંબુમાં રહેતો હતો. એક રાત્રે લુટારાઓ આવ્યા અને તે આરબને તે પકડયો, તેને

દોરડાં વડે બાંધ્યો અને તેને ઉપાડી લઇ ગયા. તેઓ વળી તેનો ઘોડો લઇ ગયા. (૩) બીજી રાત્રે જ્યારે તે લુટારાઓ સઘળા ઉંઘાયલા હતા ત્યારે તે આરબે તેના ઘોડાને તેની તરફ આવતો સાંભળ્યો. તે આરબના હાથ પગ બાંધેલા હોવાથી તેનાથી ખસી શકાતું ન હતું પોતાના શેઠને આ લાચાર હાલતમાં જોઇને તે ઘોડાએ તે આરબને પોતાના દાંત વડે તેના પટામાંથી પકડ્યો અને તેને લઇને ચારે પગે નાઠો. (૪) જ્યાંસુધી તે પેલા આરબના મિત્રોના તંબુ આગળ આવી પુગ્યો ત્યાંસુધી થોભ્યો નહીં. ત્યારપછી તેને તે આરબને તેના તંબુના દરવાજા આગળ મુક્યો, અને મુવેલો ભોંય ઉપર પડ્યો. પોતાના શેઠનો જીવ બચાવવા તેને પોતાનો જીવ ખોહયો હતો.

AGAINST BAD LANGUAGE. ભાંડ ભાષા બોલવા વિરૂદ્ધ.

Against, *prep.* (અગેન્સ્ટ) વિરૂદ્ધ.
Language, *n.* (લૅન્ગવેજ) ભાષા.
Ram Charan, *n.* (રામચરણ) નામ છે.
Only, *adj.* (ઓનલિ) એક પુરો.
Parents, *n.* (પેરંત્સ) મા બાપ.
Teacher, *n.* (ટીચર) શિક્ષક.
Sent word to–કહેવડાવ્યું.
Behaved, *v. i.* (બિહેવ્ડ) વરત્યો [હતો.
Breakfast, *n.* (બ્રેકફાસ્ટ) નાસ્તો
Pencils, *n.* (પેનસિલ્સ) સીસાપેન.
Wait, *v. i.* (વેટ) થોભો.
Stool, *n.* (સ્ટુલ) ઇસ્તાન.
To listen, *inf.* (ટુ લિસન) ધ્યાનથી સાંભળવું.
Yesterday, *n.* (યસટરડે) [ગઇ કાલે.
Sorry, *adj.* (સૉરિ) દલગીર.
Floor, *n.* (ફ્લૉર) જમીન.
Abused, *v. t.* (ઍબ્યુઝ્ડ) ગાળ [દીધી.
In return,=તેના બદલામાં.
Noise, *n.* (નૉઇઝ) ઘોંઘાટ.
Angry, *adj.* (ઍન્ગ્રિ) ગુસ્સે.
Dirt, *n.* (ડર્ટ) કાદવ; કચરો.
Defile, *v. t.* (ડિફાઇલ) ખરાબ કરે છે.
Kept, *v. t.* (કેપ્ટ) પાળ્યું.
Mind, *v. t.* (માઇન્ડ) ધ્યાન આપજો.
Promise, *n.* (પ્રૉમિસ) વચન.

(૧) રામચરણ નામનો એક નાનો છોકરો દરરોજ નિશાળે જતો હતો. તે આઠ વર્ષની ઉમરનો હતો, અને પોતાના માબાપનો એક પુરો દીકરો હતો; કે જેઓ તેને ઘણુંજ ચાહતાં હતાં. એક દહાડો તેના શિક્ષકે તેને કહેવડાવ્યું કે તેણે નિશાળમાં ખરાબ ચાલ ચલાવી હતી. (૨) બીજી સહવારે પોતાનો નાસ્તો ખાધા પછી, જ્યારે તે પોતાની બગલમાં ચોપડી લઇને અને પોતાના હાથમાં પેન-

શીલ લઇને નિશાળે જતો હતો ત્યારે તેના બાપે તેને હાંક મારીને કહ્યું, "રામચરણ, એક મિનિટ સબુર કરો, મને તમને કંઇ કહેવું છે" (૩) જ્યારે તેની માએ આ સાંભળ્યું ત્યારે તેણી આવી અને જે કહેવામાં આવે તે ધ્યાનથી સાંભળવાને માટે એક ઇસ્ટાન ઉપર બેઠી. તેના બાપે કહ્યું, "તમારા શિક્ષક મને કહે છે કે તમે ગઇ કાલે ખરાબ રીતે વરત્યા હતા. એ સાંભળી હું ઘણો દલગીર છું તમે શું કીધું?" (૪) રામચરણે જવાબ આપ્યો, "મેં કાંઇ ખોટું કીધું નથી. મારાથી ગોવીંદની ચોપડીઓ જમીન ઉપર પડી ગઇ, અને તેણે મને ગાળ દીધી, અને તેથી મેં તેને તેના બદલામાં ગાળ દીધી. તેણે ઘોંઘાટ કરી મેલ્યો, અને મને ગાળ દીધી. મેં પણ તેમજ કીધું. બાવા આ શું ખોટું હતું? શિક્ષક ગોવીંદ અને મારી બેઉની સાથે ગુસ્સે થયા. (૫) તેના બાપે જવાબ આપ્યો: "મારા વહાલા છોકરા તમે ખોટું કીધું. તમારા શિક્ષક મને જણાવવામાં તદ્દન વાજબી હતા. તમારે કોઇને ગાળ દેવી ન જોઇએ. એક સારા છોકરાને બીજાઓ ગાળ દે ત્યારે પણ તે તેઓને ગાળ દેતો નથી. ખરાબ શબ્દો એક સારા છોકરાના મોઢાંમાંથી કદી બહાર નીકળતા નથી. ખરાબ શબ્દો કાદવ જેવા છે; તેઓ તમને ખરાબ કરે છે. અરે! મારા દીકરા ફરીથી કદી ખરાબ શબ્દો વાપરતા ના." (૬) તેની માયે કહ્યુ, "તે ખરૂં છે. ખરાબ છોકરાઓજ ખરાબ શબ્દો વાપરે છે. તમો તમારા બાવાને ખરાબ શબ્દો વાપરતાં કદી સાંભળ્યા નથી, મારા વહાલા દીકરા તમે કદી સાંભલ્યા છે! એવણ જે કહે છે તે ઉપર ધ્યાન આપજો, અને તેવણ જેમ કહે છે તેમ કરજો." (૭) રામચરણ એક ભલો છોકરો હતો. તે પોતાના બાપ અને માને ચાહતો હતો, અને તે તેઓને રાજી કરવા ચાહતો હતો. તેણે કહ્યું "બાવા હું કદી પણ એક ખરાબ શબ્દ વાપરીશ નહિ." અને તેણે પોતાનું વચન પાલ્યું.

THE FOX AND THE GOAT. કોહલુ' અને બકરો.

Travelling, *pres.part.* (ટ્રૅવલિંગ) મુસાફરી કરતા.

Dry, *adj.* (ડ્રાઇ) સુકા.

Thirsty, *adj.* (થર્સ્ટિ) તરસ્યા.

Country, *n.* (કંટ્રિ) મેદાન.

In order to find, શોધી કાઢવા માટે

At length, *ad.* (ઍટ લેન્ગથ) આખરે.

Clear, *adj.* (ક્લિયર) સ્વચ્છ.

Spring, *n.* (સ્પ્રિંગ) ઝરો.

Pit, *n.* (પિટ) ખાડો.
Having quenched, *perf. part.* (ક્વેન્ચ્ડ) મટાડીને.
Thirst, *n.* (થર્સ્ટ) તરસ. [રચ્યા.
Formed, *v. t.* (ફૉર્મ્ડ) બનાવ્યા,
Plans, *n.* (પ્લૅન્ઝ) યુક્તિ.
Agree, *v. i.* (ઍગ્રી) એકમત થવું.
Crafty, *adj.* (ક્રૅફ્ટિ) લુચ્ચું [લબ્ધી.
Selfish, *adj.* (સેલ્‌ફિશ) આપમત
Joy, *n.* (જૉય) ખુશાલી.
Thought, *n.* (થૉટ) વિચાર.
Rear, *v. t.* (રિયર) ઉભા થાઓ.
Hinder, *adj.* (હાઇન્ડર) પાછળા.
Rest, *v. t.* (રેસ્ટ) ટેકવે.
Fore, *adj.* (ફોર) આગળા.
Climb, *v. i.* (ક્લાઇમ) ચઢવું.
Pull, *inf.* (પુલ) ખેંચવું.
Simple, *adj.* (સિમ્પલ) ભોળા.
Forgot, *v. t.* (ફરગૉટ) ભુલી ગયો.
Strength, *n.* (સ્ટ્રેન્ગ્થ) જોર.
Proposed, *v. i.* (પ્રોપોઝ્ડ) સુચવ્યું.
Stepped, *v. i.* (સ્ટૅપ્ડ) ગયો.
Safety, *n.* (સેફ્ટિ) સલામતી.
Fool, *n.* (ફુલ) બેવકુફ.
Beard, *n.* (બિયર્ડ) દાઢી.
Sense, *n.* (સેન્સ) અક્કલ. [ખવી.
Risk, *v. t.* (રિસ્ક) જોખમમાં ના-
Advice, *n.* (ઍડવાઇસ) શીખામણ.
Useful, *adj.* (યુસફુલ) ઉપયોગી.
Hereafter, *ad.* (હિયર આફ્ટર) હવે પછી.
Luck, *n.* (લક) નસીબ. [જવું.
To escape, *inf.* (એસ્કેપ) બચી
Danger, *n.* (ડેનજર) ભય.
Perched, *v. t.* (પરચ્ડ) બેઠેલો હતો.
For my part, મારે વિષે કહું તો.
Good-natured, *adj.* (ગુડ-નેચર્ડ) સારા સ્વભાવનો.

(૧) એક કોહલું અને એક બકરો એક ઉનાળાના સુકા દિવસે સાથે મુસાફરી કરતા હતા, તેઓ ઘણા તરસ્યા થયા. એક જગ્યા કે જ્યાં તેઓને પાણી મળે, તે શોધી કાઢવાને માટે મેદાનની આસપાસ જોતાં, તેઓએ આખરે એક ખાડાને તળીયે એક સ્વચ્છ ઝરો જોયો. બેઉએ એકદમ નીચે ભુસકો માર્યો અને પોતાની તરસ મટાડીને વિચાર કર્યો કે હવે તેઓએ બહાર કેમ નીકળવું તે જોવાનો વખત થયો છે. (૨) તેઓએ ઘણી યુક્તિઓ કીધી, પણ કોઇ પણ યુક્તિને માટે તેઓ એક મત થઇ શકયા નહિ. આખરે તે લુચ્ચું આપમતલબી કોહલું મોટી ખુશાલીથી બોલી ઉઠયું, "મારા મગજમાં હમણાંજ એક વિચાર આવ્યો છે." તેણે તે બકરાને કહયું. "તમે તમારા પાછળા પગ ઉપર ઉભા રહો, અને તમારા આગળા પગ તે ખાડાની બાજુ સામે ટેકવો; પછી હું તમારા માથા

ઉપર ચઢીશ કે જ્યાંથી હું મહાળે પહોંચવાને શક્તિવાન થઇશ, અને એકવાર હું ઉપર ગયો એટલે તમને શીંગડા પકડીને ખેંચી લેવાનું મારે માટે પુરતું સહેલું થઇ પડશે." (૩) તે ભોળો બકરો ભૂલી ગયો કે તે કોહલામાં તેને ઉપર ખેંચી લેવાનું જોર નથી; તેથી જેમ તે કોહલાંએ તેને કરવાને કહ્યું તેમ તેણે તરતજ કીધું. ત્યારપછી જેમ તે કોહલાંએ સુચવ્યું હતું, તેમ તે બકરાની પીઠ ઉપર ચઢયો, તેના માથા ઉપર ચાલી જઇને સહી સલામત તે કુવાને મથાળે પુગ્યો. (૪) તે બકરો બોલ્યો, "હવે ત્યારે તમે જે મદદ આપવા કહી હતી તે તમે મને આપો." (૫) તે કોહલાંએ જવાબ આપ્યો, "બુઢા મુર્ખ, ખરૂં છે કે તમને એક લાંબી દાઢી છે, પણ ઘણી થોડી અક્કલ છે. શું તમે એમ ધારો છો કે તમારી જીંદગી બચાવવાને માટે હું મારી પોતાની જીંદગી જોખમમાં નાખું તોપણ હું તમને જરા શીખામણ આપીશ કે જે, જો તમારૂં આ ભયમાંથી બચી જવાને સારૂં નસીબ હોય, તો તમને હવે પછી ઉપયોગી થઈ પડે. "બહાર કેમ નીકળવું તે જ્યાં સુધી તમે જાણો ત્યાંસુધી એક ખાડામાં ફરીથી કદી કુદકો મારતા ના." (૬) એક કાગડો જે તે કુવાને મહાળે બેઠો હતો, અને જેણે જે સઘળું બન્યું હતું, તે જોયું હતુ, તે બોલ્યો, ખરૂં છે; પણ મારે વિષે કહું તો કુવાને મહાળેના આપમતલબી લુચ્ચા કોહલાંના કરતાં તેને તળીયેના સારા સ્વભાવના, તો જોકે ભોળો બકરો થવાને હું પસંદ કરૂં.

WHAT THE SPARROW SAYS. ચલીયાં શું કહે છે.

Sparrow, *n.* (સ્પૅરો) ચલીયું.
Value, *n.* (વૅલ્યુ) કીંમત.
God, *n.* (ગૉડ) ખોદા.
Coat, *n.* (કોટ) ઢાંકણ.
Plain, *adj.* (પ્લેન) સાદું.
Speck, *n.* (સ્પેક) ઢાબું. [રંગ.
Crimson, *n.* (ક્રિમઝન) કીરમજી
Show, *n.* (શૉ) દેખાવ, ભપકો.
Winter, *n.* (વિન્ટર) શિયાળો.
Shields, *n.* (શીલ્ડઝ) બચાવ કરેછે.
Purple, *n.* (પરપલ) જાંબુરો રંગ.
Perhaps, *ad.* (પરહૅપ્સ) કદાચિત.
Vain, *adj.* (વેન) શેખીખોર, મગરૂર.
Barn, *n.* (બાર્ન) કોઠાર. [વખાર.
Store-house, *n* (સ્ટૉર હાઉસ)
Sow, *v. i.* (સો) વાવવું.
Reap, *v. i.* (રીપ) કાપણી કરવી.
Portion, *n.* (પોરશન) હીસ્સો.
Seed, *n.* (સીડ) બી. [રાખવાને
To keep, *inf.* (ટુ કીપ) જાલવી

(૧) હું માત્ર એક નાનું ચલીયું છુ, હુ દેખાવે મોટું નથી; મારી જીંદગી કંઇ કિમતની નથી, પણ ભલો ખોદા મારી સંભાળ લેછે. (૨) તેણે મને પીછાનું ઢાંકણ આપ્યું, હું જાણું છું કે તે ઘણું સાદું છે, કીરમજી રંગનું એક ઢાંપુ પણ તે ઉપર નથી, કારણ કે તે ભપકાને માટે બનાવવામાં આવ્યું નથી. (૩) પણ તે શિયાળામાં મને ગરમ રાખે છે, અને વરસાદથી મારો બચાવ કરે છે, જો તેને સોનેરી અથવા જાંબુરો રંગ હતે તો કદાચ તે મને મગરૂર કરતે. (૪) મારી પાસે કાંઇ કોઠાર અથવા વખાર નથી, હું વાવણી કરતો નથી અથવા કાપણી કરતો નથી; ખોદા મને એક ચલીયાંનો હિસ્સો આપે છે, પણ સાચવી રાખવાને એક બી આપતો નથી.

THE FOOLISH MOUSE. મુર્ખ ઉંદર.

Picked up, *v. t.* (પિકડઅપ) ઊંચકી લીધું.

Room, *n.* (રૂમ) ઓરડો.

Trap, *n.* (ટ્રૅપ) છટકું

Master, *n.* (માસ્તર) શેઠ.

Mice, *n.* (માઇસ) ઉંદરો.

Rings, *n.* (રિંગઝ) કડીઓ.

Salt-fish, *n.* (સૉલ્ટ-ફિશ) મીઠું દીધેલી માછલી.

Was hung up, *v. t.* (હંગ અપ) ટાંગવામાં આવી હતી.

Smells, *v.i.*(સ્મેલ્ઝ) સોડમ આવેછે.

Touched, *v. t.* (ટચ્ડ) અડકયો.

Killed, *v. t.* (કીલ્ડ) મારી નાખ્યો.

Hole, *n.* (હોલ) દર.

Kept thinking, વિચાર કરવાનું ચાલુ રાખ્યું.

Smelt, *v. i.* (સ્મેલ્ટ) વાસ આવ્યો.

Quietly, *ad.* (ક્વાએટલી) ચુપચૂપ.

Obeyed, *v. t.* (ઓબેડ) તાબે થવું.

(૧) એક રાત્રે એક ઉંદરનું બચ્ચું પોતાની માની સાથે બહાર ફરતું ગયું. પહેલાં તે એક ગમ દોડયું અને પછી બીજી ગમ દોડયું અને પોતાથી જે બન્યું તે ઉંચકી લીધું. (૨) આખરે તે ઘરનાં એક ઓરડામાં તે એક છટકા આગળ આવી લાગ્યું. તે ઘરનાં માલેકે ઉંદર પકડવાને માટે તે ત્યાં મુકયું હતું. બધે ફરતી કડિઓ સાથનો તે એક દાબડો હતો. અંદર મીઠાંમાં આઠેલી માછલીનો એક ટુકડો ટાંગેલો હતો. (૩) તે ઉંદરનાં બચ્ચાંએ કહ્યું, "વ્હાલી મા, અહિયાં એક નાનું ઘર છે કોઇ દયાળુ શખસે ઉંદરોને રહેવાને માટે તે અહિયાં મુકયું છે, અને અંદર કાંઇ ચીજ છે, જેનો ઘણો સારો સોડમ આવે છે, હું અંદર જાઉં અને તે ખાઉં !" (૪) તે માયે કહ્યું " મારા બચ્ચાં, તે દાબડા નજદીક

જતા ના. તે કાંઇ ઘર નથી પણ ઉંદરને પકડવાને માટેનું છટકું છે. તમારો બાપ એકવાર અંદર ગયો હતો, અને જેવું તેણે તે મીઠામાં આટેલી માછલીને હાથ લગાડયો કે દરવાજો પડી ગયો, અને તેનાથી બહાર નીકળી શકાયું નહિ, અને સહવારમાં એક માણસ આવ્યો અને તેને મારી નાખ્યો." (૫) ત્યારપછી તેઓ પોતાના દરમાં પાછાં ગયા. પણ તે મુર્ખ નાનો ઉંદર જંપીને બેસી શકયો નહિ, તે મીઠામાં આટેલી માછલીનો કેવો સરસ સોડમ આવતો હતો, તેનો વિચાર કરવાનું તેણે ચાલું રાખયું. આખરે તે ચુપચુપ દોડી ગયો, તે છટકાં આગળ ગયો અને બોલ્યો "દરવાજો પડી જાય તેની આગમજ હું બહાર દોડી આવીશ." તેથી તે અંદર ગયો, અને મીઠામાં આટેલી માછલીનો ટુકડો ખેંચ્યો. (૬) તરતજ તે દરવાજો નીચે પડી ગયો. અને તે નાનો ઉંદર સપડાઇ ગયો. પોતાની ડાહી બુઢી માયને તે તાબે નહિ થયો, તેને માટે તે કેટલો દલગીર થયો! પણ છેકજ મોડું થઇ ગયું હતું. સહવારના એક માણસે આવીને તેને મારી નાખ્યો. (૭) છોકરાંઓ, તમારા માય અને બાપ તમને જે કરવા કહે તે કરો.

A GOOD BARGAIN એક સારૂં સાહ્દું.

Bargain, *n.* (બારગેન) સાદું.
Ram Din, *n.* (રામ દીન) નામ છે
Bazaar, *n.* (બઝાર) બઝાર.
Ganga, *n.* (ગંગા) છોકરીનું નામછે.
Sweetmeat, (સ્વીટ મીટ) મીઠાઈ.
To buy, *inf.* (ટુ બાઇ) ખરીદવાને.
Annas, *n.* (ઍનાઝ) આના.
Rich *adj.* (રિચ) પૈસાદાર.
Moti, *n.* (મોતી) નામ છે.
Goldsmith, *n.* (ગોલ્ડસ્મિથ) સોની
Sold, *v. t.* (સોલ્ડ) વેચી.
Paid *v. t.* (પેડ) આપ્યું.
Mighthave bought(બૉટ) ખરીદતે
Fellow, *n.* (ફેલો) છોકરો.
Price, *n.* (પ્રાઇસ) કિંમત.
Glad. *adj.* (ગ્લૅડ) ખુશી.
Lie, *n.* (લાઇ) જુઠું.
Trusted, *v.t.* (ટ્રસ્ટેડ)ભરોસો રાખ્યો.
To cheat, *inf.* (ચીટ) ઠગવાને.
Pice, *n.* (પાઇસ) દોકડિયું.
Ashamed, *adj.*(અશેમ્ડ) શરમીંદો.
Liar, *n.* (લાયર) જુઠો.
Cheat, *n.* (ચીટ) ઠગારો.
Shame *n.* (શેમ) શરમ ; ફજેતી.
May be found, *v. t.* (ફાઉન્ડ) પકડાઇ આવે.
Twice, *ad.* (ટવાઇઝ) બેવાર.
Profit, *n.* (પ્રૉફિટ) નફો.

(૧) રામ દીન—ગંગા, મારી સાથ તમે બજારમાં આવશો ? હું થોડીક મીઠાઇ ખરીદવા જાઉં છું. હું તમને થોડી આપીશ. (૨) ગંગા—અરે હા; હું આવીશ, મીઠાઇ ખરીદવાને માટે તમારી પાસે કેટલા પૈસા છે ? (૩) રામદીન—મારી પાસે બે આના છે. (૪) ગંગા—અરે, તમે પૈસાદાર છો ? તમને એટલા બધા પૈસા ક્યાંથી મળ્યા ? (૫) તમે સોનીનો છોકરો મોતી, જે આપણી નિશાળે આવે છે, તેને ઓળખો છો ? મેં હમણાજ તેની સાથે એક નફાકારક સાટું કીધું છે. મેં તેને મારો કાગળનો (પતંગ બે આને વેચ્યો. (૬ ગંગા—તેને માટે એટલા બધા પૈસા તેણે કાંય આપ્યા ? તમે જાણો છો કે તમે તો માત્ર તેને માટે અરધો આનો આપ્યો હતો. મોતી એક નવું પતંગ ખરીદને. (૭) રામદીનઃ—હા, પણ તેને તેની ખબર ન હતી. તે માત્ર એક નાનો છોકરો છે. તેને કોઇપણ ચીજની કિમતની ખબર નથી. મેં તેને કહ્યું કે મેં ચાર આને તે પતંગ ખરીદ્યું, અને હું તેને અરધી કિંમતે તે આપીશ, તેને માટે મને બે આના આપવાને તે ઘણો ખુશી થયો. (૮) ગંગા—અને એ પ્રમાણે એક નાનો છોકરો જેણે તમારા બોલ ઉપર ભરૂસો રાખ્યો, તેને છ દોઢીયાંને ખાતર છેતરવાને માટે, તમે જુઠું કહ્યું, અને તેને તમે સારૂં સાટું કહો છો. જાઓ ! હું તમારાથી શરમીંદા છું. હું એક જુઠા અને ઠગારાસાથે દોસ્તી રાખીશ નહિ. હું તમારી સાથે વધારે વાર બોલીશ નહિ અને હું મોતીને કહીશ કે તમે તેને કેવી રીતે ઠગ્યો છે, અને તેણે ફરીથી તમારી ઉપર વિશ્વાસ રાખવો ન જોઇએ. (૯) રામદીન—અરે ગંગા, મારી ફજેતી ના કરો. હું પોતે મોતીને કહીશ. અને હું તેને પૈસા પાછા આપીશ. હું ઘણો દલગીર છું કે મેં જુઠું કહ્યું. (૧૦) ગંગા—ઘણું સારૂં, ત્યારે હું હજીભી તમારો મિત્ર થઇશ. પણ એકદમ મોતી આગળ જાઓ, અને તેને કહો કે તમે ઘણા દલગીર છો તે નાના છોકરાને તેના પૈસા પાછા આપજો. રામદીન, કદી ભુલતા ના કે જોકે તમે જુઠું બોલો અને પકડાઓ નહિ, તોપણ ખોદા તે વિષે સઘળું જાણે છે. તમે તેને ઠગી શકો નહિ. જેઓ સાચું બોલે છે તેઓને ખોદા ચાહે છે. વળી ભુલતા ના કે જેઓ સાચું બોલે છે તેઓને માણસો ચાહે છે. માણસો કદી જુઠાઓ ઉપર વિશ્વાસ મુકતા નથી. એક યા બે વાર જુઠું બોલીને તમે થોડો લાભ મેળવો, પણ જેવું માણસોને માલમ પડે કે તમે જુઠા છો, તેવુંજ જો કે તમે સાચું પણ કહો, તોપણ કોઇ તમારી ઉપર વિશ્વાસ મેળશે નહિ.

PARTS OF ANIMALS. પ્રાણીના ભાગો.

Gill, *n.* (ગિલ) ચુંઇ.
Hoof, *n.* (હુફ) ખરી.
Duck, *n.* (ડક) બતક.
Bill, *n.* (બિલ) ચાંચ.
My sail, *v. i.* (સેલ) ઉડે.
Paw, *n.* (પૉ) પંજો.
Fin, *n.* (ફિન) આંગળાં.
Fingers, *n.* (ફિંગર્ઝ) માછલીની પાંખ.
Purpose, *n.* (પરપઝ) મતલબ.
Beasts, *n.* (બીસ્ટ્ઝ) પશુઓ.
Convenient, *adj.* (કનવિનિયંટ) સગવડ ભરેલું.
He'd–He had.
Goose, *n.* (ગુસ) હંસ.

(૧) ગાયને શીંગડું હોય છે, અને માછલીને ચુંઇ હોય છે, ઘોડાને ખરી હોય છે, અને બટકને ચાંચ હોય છે; પક્ષીને પાંખ હોય છે, કે જેથી કરીને તે હવામાં ઉંચે ઉડે, અને કુતરાને પંજો હોય છે, અને બિલાડીને પુછડી હોય છે; અને તેઓ પાંખ વડે અથવા ચાંચ વડે અથવા પગ વડે તરે છે, અથવા ઉડે છે, અથવા ચાલે છે, અથવા ખાય છે. (૨) દરેક છોકરાને દરેક હાથ ઉપર પાંચ આંગળાં સાથે કામ કરવાને માટે, પકડવાને માટે અને પહોંચવાને માટે બે હાથ હોય છે; કોઇપણ પક્ષીઓ, પશુઓ કે માછલીઓને કામ કરવાને માટે અથવા રમવાને માટે તેના જેવી અરધી પણ સગવડ ભરેલી કોઇ ચીજ નથી; પણ જો તેઓને વાપરે નહિ અને તેઓને કામ કરતા રાખે નહિ, તો તેને હંસની માફક એજ પગ હોય તો સારૂં.

THE LION AND THE MOUSE. સીંહ અને ઉંદર.

Fig, *n.* (ફિગ) અંજીર.
Feel, *v. t.* (ફીલ) જણાવું.
Woke up, *v. i.* (ઊવોક અપ) જાગી ઉઠયો.
Jaws, *n.* (જૉઝ) જડબાં.
To swallow, *inf.* (સ્વૉલો) ગળી જવા.
Pardon, *v. t.* (પારડન) માફ કરો.
King, *n.* (કિંગ) રાજા.
Forgive, *v. t.* (ફરગિવ) માફ કરો.
Thank you–હુ તમારો ઉપકાર માનું છું.
Net, *n.* (નેટ) જાળ.
Hunters, *n.* (હન્ટર્ઝ) શીકારીઓ.
Roared, *v. i.* (રોર્ડ) ગર્જના કીધી.
Growled, *v. i.* (ગ્રાઉલ્ડ) ઘુરકયો.
Of no use, ફોકટ.
Were hiding, *v. i.* (હાઇડિંગ) છુપાતા હતા.

છુપાતા હતા.
Hurt, *v. t.* (હર્ટ) ઇજા કરવી.
Alive, *adj*, (ઍલાઇવ) જીવતો.
Cart,, *n.* (કાર્ટ) ગાડું.
Still, *adj.* (સ્ટિલ) શાંત.
Sharp, *adj.* (શાર્પ) તીક્ષણ.
Set to work, કામ કરવા મંડયો.
Gnawed, *v. t.* (નૉડ) કરડી ખાધું.
Bound, *v. t.* (બાઉન્ડ) બાંધ્યો.
Rushed, *v. i.* (રશ્ડ) ધસી ગયો.

(૧) એક ઘણા તપતા દિવસે જ્યારે એક સિંહ એક અંજીરના ઝાડના છાંયડા નીચે જંગલમાં ઉંઘતો હતો, ત્યારે એક નાનો ઉંદર, કે જે ઝાડનાં મુળીઆંઓમા એક દરમાં રહેતો હતો, તે બહાર આવ્યો અને તેની ઉપર દોડવા માડયું. તે સિંહ ઘણો થાકી ગયો હતો, કારણ કે તે આગલી રાતે વીસ કરતાં વધારે માઇલ ચાલ્યો હતો અને તે ઘણો ભર ઉંઘમાં હતો. પહેલ વહેલાં તેને તે ઉંદર જણાયો નહિ, પણ ઉંઘાયા કીધો. (૨) આખરે જ્યારે તેણે કાંઇ ચીજને પોતાના ચહેરા ઉપરથી દોડી જતું જોયું ત્યારે તે જાગી ઉઠયો. તેણે પોતાનો મોટો પંજો તે ઉંદર ઉપર મુકયો, અને તેને ગળી જવાને પોતાના મોટાં જડબાં ઉઘાડયા. (૩) તે નાનો ઉંદર બોલ્યો, " ઓ રાજા, મને માફ કરો, હું ઘણો દલગીર છું. મને આ વખતે જરૂર માફ કરો, અને હું તમારી માયા કદી ભુલીશ નહીં. હું માત્ર એક ઘણું નાનું પ્રાણી છું. જો હમણા તમે મને જતો મેળશો તો કોણ જાણે કદાચ કોઇ દહાડો તમને કોઇ રીતે મદદ કરવાને હું શકિતવાન થઇશ." (૪) જ્યારે તે નાના ઉંદરે કહ્યું કે તેને મદદ કરવાને શકિતવાન થશે ત્યારે તે મોટો સિંહ હસી પડયો, પણ તેણે પોતાનો પંજો ઉચકયો, અને તેને જવા દીધો. જ્યારે તે નાનો ઉંદર પોતાના દરમાં નાસી ગયો, ત્યારે તે બોલ્યો " હું તમારો ઉપકાર માનું છું. હું ભૂલી જઇશ નહિ." (૫) થોડોક વખત પછી જ્યારે તે સિંહ જંગલમાં તે અંજીરનાં ઝાડની પાસે એક રાતે ચાંદરણામાં ચાલતો હતો; ત્યારે એક જાળ જે શિકારીઓએ ત્યાં મૂકી હતી તેમાં તે સપડાયો. તેણે ગર્જના કરી અને તે ઘુરકયો અને મોટો ઘોંઘાટ કીધો, અને ખેંચતાણ કીધી તે પણ સઘળું નકામું હતું. તે જાળે તેને સજજડ પકડી રાખ્યો. શીકારીઓ તે ઝાડની ડાંખળીમાં છુપાયલા હતા, અને જ્યારે તેઓએ જોયું કે તે સિંહ જાળમાં સપડાયો હતો, અને તેઓને ઇજા કરી શકતો ન હતો, ત્યારે તેઓ નીચે આવ્યા. તેઓ બોલ્યા. " ચાલો, આપણે તેને રાજા આગળ જીવતો લઇ જઇએ. " તેથી તેઓએ તે સિંહને ઝાડ સાથે બાંધ્યો અને ગાડું લાવવાને ગામમાં ગયા કે જેની ઉપર તેને મુકીને રાજા આગળ તેને લઈ જવાય.

(૬) ત્યારપછી તે નાનો ઉંદર, કે જેણે તે સિંહને ગર્જના કરતો સાંભળ્યો તે પોતાના દરમાંથી બહાર આવ્યો. તેણે તે સિંહને કહ્યું, "મેં તમને કહ્યું હતું કે જો મારાથી બનશે તો હું તમને મદદ કરીશ, ચુપ રહેજો અને મારી ઉપર વિશ્વાસ રાખજો. હું તમને જલદી છુટો કરીશ. જો કે હું એક ઘણું નાનું પ્રાણી છું તો પણ મને તીક્ષણ દાંત છે." જેવો તે ઉંદર આ પ્રમાણે બોલ્યો, ત્યારે તે કામ કરવા મંડયો, અને થોડા વખતમાં જે દોરડાંએ તે સિંહ બંધાયો હતો, તે દોરડાં કરડી નાખ્યાં. (૭) જ્યારે તે સિંહ દોડી ગયો ત્યારે તે નાનો ઉંદર બોલ્યો "શું હું ખરો ન હતો?" (૮) નાના મિત્રો એક યા બીજી વખતે મોટા મિત્રો થઇ પડે છે.

QUEEN VICTORIA THE GOOD ભલી વિક્ટોરીયા રાણી.

Victoria, *n.* (વિક્ટોરિયા) રાનીનું નામ છે.
William, (ઉવિલિયમ ધ ફોર્થ) ચોથો ઊલિયમ રાજા.
Uncle, *n.* (અંકલ) કાકો.
Of course, *ad.* (ઑફ કૉર્સ) અલબત.
Until, *conj.* (અનટિલ) જ્યાં સુધી.
Was having, *v.t.* (હૅવિંગ) કરતી હતી.
History, *n.* (હિસ્ટરિ) તવારીખ.
Died, *v. i.* (ડાઇડ) મરણ પામ્યો.
Princess, *n.* (પ્રિનસેસ) શાહજાદી.
Mamma, *n.* (મમા) માય.
Duty, *n.* (ડયુટિ) ફરજ.
To fit, *inf.* (ટુ ફિટ.) લાયક થવું.
Gentlemen, *n.* (જેન્ટલમેન) ગૃહસ્થો.
Windsor, *n.* (ઉવિન્ડસર) ઉવિન્ડસર શહેર ઇંગ્લાંડની દક્ષિણે જ્યાં ઇંગ્લંડના રાજા રાણીનો મહેલ આવેલો છે.
News, *n.* (ન્યુઝ) ખબર.
Palace, *n.* (પૅલેસ) મહેલ.
London, *n.* (લંડન) લંડન શહેર.
Called at, *v. i.* (કૉલ્ડ) આવ્યા.
To meet, *inf.* (ટુ મીટ) મળવાને.
Had come to pass-બન્યું હતું.
Was moved to tears-આંખમાં આંસું આવ્યાં.
Task, *n.* (ટાસ્ક) કામ.
To fulfil, *inf.* (ટુ ફુલફિલ) બજાવવાને.
Was crowned, *v. t.* (ક્રાઉન્ડ) તાજ પહેરાવવામાં આવ્યું.
State, *n.* (સ્ટેટ) ભપકો.
Abbey, *n.* (ઍબિ) મઠ; દેવળ.
Westminster, *n.* (ઉવેસ્ટમિનસ્ટર) લંડનમાં દેવળનું નામ છે.
Crown, *n.* (ક્રાઉન) તાજ.
Lords, *n.* (લૉર્ડઝ) ઉમરાવો.
Knelt, *v. i.* (નેલ્ટ) ગુટણુ મંડીયે [પડી
Kissed, *v. t.* (કિસ્ડ) ચુંબન કીધું.
Church, *n.* (ચર્ચ) દેવળ.

[બાનું.

To rule, *inf.* (ટુ રૂલ) રાજ કરવું.
Troubles, *n.* (ટ્રબલ્ઝ) જંજાળો; આફ્તો; દુઃખો.
Sorrows, *n.* (સૉરોઝ) દલગિરીઓ.
Husband, *n.* (હઝબંડ) વર.
Wars, *n.* (ઉૅરોઝ) લડાઇઓ.
Reign, *n.* (રેન) રાજ્ય.
Pain, *n.* (પેન) દુઃખ.
Grief, *n.* (ગ્રીફ) દલગીરી.
Caused, *v. t.* (કૉઝડ) ઉત્પન્ન કીધી.
Promise, *n.* (પ્રૉમિસ) વચન.
Having reigned, *ger.* (રેન્ડ) રાજ્ય કર્યું. [કીધો.
Mourned, *v. i.* (મોનર્ડ) વિલાપ
Loving, *adj.* (લવિંગ) વહાલી.
True, *adj.* (ટ્રુ) વફાદાર.

Empress, *n.* (એમપ્રેસ) શહેનશાહ
Far away, *ad.* (ફાર અવે.) ઘણા દુર. [શાહ.
Emperor, *n.* (અમપરર) શહેન-
India, *n* (ઈંડિયા) હિંદુસ્તાન.
Sent for, *v. t.* (સેન્ટ ફૉર)બોલાવ્યો.
Munshi, *n.* (મુનશિ) મુનશી.
Hindustani, *n.* (હિંદુસ્તાની) હિંદુસ્તાની ભાષા.
Newspapers, *n.* (ન્યુઝપેપર્ઝ) વર્તમાન પત્રો.
Indian, *adj.* (ઈંડિયન)હિંદુસ્તાનના.
Famine, *n.* (ફૅમીન) દુકાળ.
Wept, *v. i.* (ઉવેપ્ટ) રડયા.
Felt, *v. t.* (ફેલ્ટ) લાગ્યું.
Ruler, *v.* (રૂલર) રાજકર્તા.

(૧) વિક્ટોરિયા રાણી એક મોટી રાણી હતી એટલુંજ નહિ, પણ એક ઘણી ભલી સ્ત્રી હતી. (૨) જ્યારે વિક્ટોરિયા તદન એક નાની છોકરી હતી ત્યારે તેણી જાણતી ન હતી કે તેણી એક દહાડો ઇંગ્લાંડની રાણી થશે. તે વખતે ત્યાંનો રાજા ઉવિલિઅમ ચોઠો હતો. અને તે વિક્ટોરિયાનો કાકો હતો. (૩) અલબત તેણીના મિત્રો જાણતા હતા કે જો તેણી જીવે તો તેણી રાણી થશે, પણ તેણી જ્યાંસુધી બાર વર્ષની થઇ ત્યાંસુધી તેણીને તે ખબર ન હતી. (૪) ત્યાર પછી એક દિવસ જ્યારે તેણી તવારીખનો પોતાનો પાઠ કરતી હતી ત્યારે તેણીની માયે તેણીને કહ્યું કે જ્યારે ઉવિલિયમ ચોઠો મરણ પામશે ત્યારે તેણી રાણી થશે. (૫) જ્યારે તેણીએ કહ્યું કે "માય, તમે જે મને કહયું છે, તે મને ફીકરમંદ કરે છે. પણ હું મારી ફરજ બજાવવાને કોશેશ કરીશ, અને હું ભલી થઇશ." ત્યારે તે નાની શાહજાદીની આસમાની આંખો આંસુથી ભરાઇ ગઈ. (૬) તે દહાડાથી તે જુવાન શાહજાદી પોતાના પાઠ શીખી અને ઇંગલાંડની રાણી થવાને માટે પોતાને લાયક કરવાને પોતાથી બનતું કીધું. (૭) વરસો વહી ગયાં, અને જ્યારે શાહજાદી વિક્ટોરિયા અઢાર વર્ષની થઇ ત્યારે તેણીનો કાકો રાજા ઉવિલિયમ

ચોથો મરણ પામ્યો. ૭વિન્ડસરથી બે ગ્રહસ્થોને સહવારના ઘણા સકારે, વિક્ટોરિયા, જે તે વખતે લંડનમાં એક મહેલમાં રહેતી હતી, તેની આગળ તે ખબર લઈ જવાને મોકલવામાં આવ્યા હતા. (૮) જ્યારે તે બે ગ્રહસ્થો મહેલમાં આવી પુગ્યા, ત્યારે તેઓને જણાવવામાં આવ્યું કે શાહજાદી વિક્ટોરિયા ઉંઘાયલી હતી. તોપણ તેઓ ૭વિલિયમના મરણની ખબર લઇને આવ્યા હતા, તેઓને મળવાને તે શાહજાદી ઘણી જલદી આવી લાગી. (૯) શું બન્યું હતું, તે જેવું વિક્ટોરિયાને જણાવવામાં આવ્યું, તેવાંજ તેણીની આંખમાં આંસુ આવ્યાં. હવે તેણીએ જાણ્યું કે તેણી ઇંગ્લાંડની રાણી હતી, અને તેણીને એક મોટું કામ બજાવવાનું હતું. (૧૦) એક વર્ષ કરતાં વધારે વખત પછી તે જુવાન રાણીને ૭વેસ્ટ મિન્સ્ટર દેવળમાં ઘણાં ઠાઠમાં તાજ પહેરાવવામાં આવ્યું. જ્યારે તેણીનાં માથાં ઉપર તાજ મેળવામાં આવ્યું ત્યારે મોટા ઉમરાવો આગળ આવ્યા, તેણીની આગળ ગુટણમંડીયે પડયા; અને તેણીના હાથને ચુંબન કીધું. (૧૧) ત્યારપછી આ મોટાં દેવળમાં સઘળાં લોકો ઉભાં થયાં અને " ખોદા રાણીને સલામત રાખે !" નું ગીત ગાયું. વિક્ટોરિયા ત્રેસઠ કરતાં વધારે વર્ષ સુધી ઇંગ્લાંડની રાણી હતી અને તે સઘળાં વરસો દરમ્યાન તેણીએ પોતાની ફરજ બજાવી, અને પોતાના લોકો ઉપર રાજ ચલાવવાની કોશેશ કીધી, કે જેથી તેઓ ભલાં અને સુખી થાય. (૧૨) વિક્ટોરિયા રાણીને ઘણાં દુઃખો અને દલગીરીઓ હતી. તેણીનો વર જેને તે વહાલથી ચાહતી હતી, તે મરણ પામ્યો, અને તેણીનાં છોકરાંઓમાંના કેટલાક નાની ઉમરે મરણ પામ્યા. તેણીના અમલ દરમ્યાન ઘણી લડાઇઓ થઇ, અને તેથી જે દુઃખ અને દલગીરી ઉત્પન થઈ તેનો તેણીએ ઘણો વિચાર કર્યો. (૧૩) પણ પોતાના આખા અમલ દરમ્યાન તેણીએ ભલા થવાનું અને પોતાની ફરજ બજાવવાનું પોતાનું પહેલું વચન પાળ્યું. અને જ્યારે તેણી ૧૯૦૧ માં, ઇંગ્લાંડના કોઇબી બીજા રાજા કે રાણી કરતાં વધારે વખત સુધી રાજ કરીને મરણ પામી ત્યારે જાણે કે એક મિત્રને માટે વિલાપ કરતી હોય, તેમ તેણીની તમામ રૈયતે તેણીને માટે વિલાપ કીધો, કારણ કે તેણી એક ભલી મા, એક હેતવંતી બઇરી અને એક વફાદાર રાણી હતી. (૧૪) વિક્ટોરિયા ઇંગ્લાંડની રાણી હતી એટલુંજ નહિ, પણ તેણી હિંદુસ્તાનની શહેનશાહબાનું હતી. તેણી પોતે હિંદુસ્તાન આવવાને કદી શકિતવાન થઇ નહિ, કારણ કે ઇંગ્લાંડ ઘણું દુર છે, અને તેણીને ત્યાં હદથી વધારે કામ કરવાનું હતું. પણ તેણીએ પોતાના વડા દીકરા એડવર્ડ ૭વેલ્ઝનો શાહજાદો જે

પાછળથી હિંદુસ્તાનનો શેહેનશાહ થયો હતો, તેને મોકલ્યો. તે હિંદુસ્તાનમાં બધે ફર્યો અને જ્યારે તે પાછો ગયો, ત્યારે પોતે જે જોયું હતું અને સાંભળ્યું હતું, તે પોતાની માને કહ્યું (૧૫) જોકે વિક્ટોરિયા પોતે હિંદુસ્તાન આવી શક્યાં ન હતાં, તોપણ તે દેશ વિષે અને જે લોકો તેમાં રહેતા હતા, તેઓ વિષે તેવણ સઘળું જાણતાં હતાં. તેણીએ હિંદુસ્તાનથી એક મુનશીને ત્યાંની ભાષ પોતાને શીખવવાને બોલાવી મંગાવ્યો, અને હિંદુસ્તાની લખતાં અને બોલતાં તેણી શીખી હતી. (૧૬) તેવણ વળી હિંદુસ્તાન વિષે ઘણી ચોપડીઓ અને ઘણાં વર્તમાનપત્રો વાંચતાં હતાં, અને તેવણે જે માણસો હિંદુસ્તાનમાં રહી આવ્યાં હતાં તેમની સાથે વાત કીધી. અને ત્યાંનાં લોકો વિષે સઘળું સાંભળ્યું, અને તેઓ કેમ રહેતાં હતાં અને દરરોજ શું કરતાં હતાં તે સાંભળ્યું. ઘણા હિંદી ગૃહસ્થો જેઓ ઇંગ્લાંડ ગયા હતા, તેઓ તેણીને મળ્યા હતા અને તેણીની સાથે વાત કીધી હતી. તેણી તેઓ તરફ ઘણી માયાળુ હતી. (૧૭) જ્યારે તેણીની રૈયત ઉપર કાંઇ પણ દુખ આવી પડતું ત્યારે તે શહેનશાહબાનું ઘણી દલગીર થતી હતી, અને તેઓને મદદ કરવાને માટે પોતાથી બનતું કરતી. દુકાળના વખતમાં ગરીબોને માટે ખોરાક ખરીદવાને તેણી પૈસા મોકલતી હતી, અને જે માણસો તેણીને બદલે હિંદુસ્તાન ઉપર અમલ ચલાવતાં હતાં તેઓને તેમને કામ અને ખોરાક આપીને મદદ કરવાને તેણી ફરમાવતી હતી. (૧૮) જ્યારે શહેનશાહબાનું વિક્ટોરિયા મરણ પામ્યાં, ત્યારે હિંદુસ્તાનના લોકો રડયાં, કારણ કે તેઓ તેવણને એક માતાની માફક ચાહતાં હતાં. તેઓને લાગ્યું કે તેઓએ એક ભલી, માયાળુ રાજકર્તા, જે તેઓને ચાહતી હતી અને તેઓની સંભાળ રાખતી હતી તે ખોઇ હતી.

TRUTH–THE RAJAH AND THE PRISONER.

સચાઇ–રાજા અને કેદીઓ.

Rajah, *n.* (રાજા) રાજા

Prisoners, *n.* (પ્રિઝનર્ઝ) કેદીઓ.

Visited, *v. t.* (વિઝીટેડ) મુલાકાત લીધી.

Prison, *n.* (પ્રિઝન) બંદીખાનું.

Chief, *adj.* (ચીફ) મુખ્ય.

Ruled, *v. i.* (રુલ્ડ) રાજ્ય કરતો હતો.

Convicts, *n.* (કૉનવિક્ટસ) ગુનેહગારો.

Handcuffs *n.* (હૅન્ડકફ્ઝ) હાથની બેડી.

Wrists, *n.* (રિસ્ટઝ) કાંડીઓ.

Halt, *inf.* (હૉલ્ટ) થોભવું.

Wrong, *n.* (રૉન્ગ) ખોટું.

Enemy, *n.* (એનિમિ) દુશમન.

Bribed, *v. t.* (બ્રાઇબ્ડ) લાંચ આપી.

Witnesses, *n.* (વિટનેસિઝ) સાક્ષીઓ.
Mean, *v. t.* (મીન) મતલબ.
My lord, નામદાર.
Quarrelled, *v. i.* (ક્વૉરલ્ડ) કજીયો [કીધો.
Injure, *v. t.* (ઇનજર) ઇજા કરવી.
Trial, *n.* (ટ્રાયલ) તપાસ.
Law, *n.* (લૉ) કાયદો.
Properly, *ad.* (પ્રૉપરલિ) બરાબર.
Theft, *n.* (થેફ્ટ) ચોરી.
Policeman, *n.* (પોલિસમન)પોલિસનો સિપાઇ અથવા અમલદાર
Had taken, *v. t.* (ટેકન) ભૂલમાં [ધારયો.
But, *prep.* (બટ) શિવાય.
Excuse, *n.* (એકસક્યુસ) બહાનું
Admitted, *v. t.* (ઍડમિટેડ) કબુલ કીધું. [પકડીને.
Clasping, *pres.part.* (ક્લૅસ્પિંગ)
Lord, *n.* (લૉર્ડ) રાજા.
Justly, *ad.* (જસ્ટલિ)વાજબી રીતે.
Guilty, *adj.* (ગિલટિ) ગુનેહગાર.
Continue to stay,-ચાલુ રહે.
Company, *n.* (કમપનિ) સોબત.
Guard, *n.* (ગાર્ડ) ચોકીબાન.
Take off, *v. t.* (ટેક ઑફ) કાઢી નાખો.
At any rate,-કોઇબી રીતે.
Added, *v. t.* (ઍડેડ) વધારો કર્યો.
Crime, *n.* (ક્રાઇમ) ગુનાહ.
Hung down, *v. t.* (હંગ ડાઉન) નીચા કીધાં. [આવ્યો.
Was set free-છુટો કરવામાં

(૧) એક દહાડો એક રાજાએ, જે મુલક ઉપર તે રાજ્ય કરતો, તેના મુખ્ય બંદીખાનાની મુલાકાત લીધી. તેને ત્યાં કેટલાક ગુન્હેગારો પોતાની કાંડી ઉપર બેડી સાથે રસ્તા ઉપર પથ્થર બાંજવા જતા મળ્યા. તે રાજાએ તેમને થોભાવ્યા, અને ત્યારપછી દરેક માણસને પુછ્યું કે શામાટે તેને બંદીખાને નાખવામાં આવ્યો હતો. (૨) પહેલા માણસે કહ્યું કે મે કાંઇબી ખોટું બિલકુલ કીધું નથી, પણ મારા કોઇ દુશમને મારી સામે જુઠું બોલવાને સાક્ષીઓને લાંચ આપી હતી. (૩) તે રાજાએ કહ્યું "શું તમે એમ કહવા માગો છો કે સઘળા સાક્ષીઓ જુઠું બોલ્યા?" તે કેદીએ જવાબ આપ્યો, "હા, નામદાર, હું એક ઘણો ગરીબ માણસ છું, સઘળા સાક્ષીઓ જુઠું બોલ્યા." (૪) બીજો માણસ બોલ્યો કે લાંબા વખતની વાત ઉપર તેની બહેને ન્યાયાધીશની બાયડી સાથે કજીયો કર્યો. પછી તે ન્યાયાધીશે કહ્યું કે તે તેને ઇજા કરશે. તેથી જયારે તેને તપાસને માટે તેની આગળ લાવવામાં આવ્યો, ત્યારે તેણે તેને ૭ મહિના સુધી

બંદીખાને મોકલ્યો. (૫) ત્રીજા માણસે કહ્યું કે ન્યાયાધીશ કે જે બરાબર કાયદા જાણતો ન હતો, તેની કાંઈ ભુલથી તેને બંદીખાને મોકળવામાં આવ્યો હતો. (૬) ચોથા માણસે કહ્યું કે તેણે પણ કાંઇ ખોટું કીધું ન હતું; કોઇ ઘરમાં ચોરી થઇ, અને પોલિસના માણસે, બીજો માણસ જે તેના જેવો દેખાતો હતો, તેને બદલે ભલથી તેને (ચોર) ધાર્યો હતો, અને તેને પકડયો અને તેથી તે ન્યાયાધીશે તેને બંદીખાને મોકલ્યો. (૭) તેજ પ્રમાણે છેલ્લા. શિવાય બધા ગુનેહગારોએ કાંઈ બહાનું દેખાડયું. કોઇએ કબુલ કીધું નહિ, કે તેણે ખોટું કીધું હતું. (૮) ત્યારપછી તે રાજા તે છેલ્લા માણસ તરફ ફર્યો અને કહ્યું " અને તમે અહિયાં કાંય ? તમે પણ બીજાં માણસોની માફક કાંઇ ખોટું કીધું નથી ?"(૯) તે છેલ્લો માણસ પોતાના ચહેરા આગળ પોતાના હાથ પકડીને બોલ્યો, " મહાન નામવર ! મેં થોડા પૈસા ચોર્યા, અને વાજબી રીતે મને બંદીખાને મોકલવામાં આવ્યો. " (૧૦) ત્યારપછી તે રાજા બોલ્યો " આના જેવાં ભલાં માણસો, જેઓ સઘળા કહે છે કે તેઓએ કાંઇ ખોટું કીધું નથી, તેઓની સંગતમાં આ ગુનેહગાર માણસ ચાલુ રહે, તે વાજબી નથી." (૧૧) તેણે તે ચોકીવાનને કહ્યું, " આ માણસની બેડી કાઢી નાખો, અને તેને છોડી દો. તે કોઇબી રીતે સાચું બોલે છે. તેણે જુઠું બોલીને પોતાના વાંકમાં ઉમેરો કીધો નથી. (૧૨) ત્યારપછી તે બીજા માણસોએ પોતાનાં સર નીચા નમાવ્યાં, અને પથ્થર ભાંજવાને રસ્તા ઉપર ચલાવી લઇ જવામાં આવ્યા; જ્યારે જે માણસે સાચું કહ્યું હતું, તેને છુટો કરવામાં આવ્યો.

EARLY TO BED. સકારે સુઇ જવા વિષે.

Early *ad.* (અરલિ) સકારે.	Purse, *n.* (પર્સ) પૈસાની ઠેલી.
To rise, *int.* (ટુ રાઇઝ) ઉઠવું.	Doctor, *n.* (ડૉક્ટર) વૈદ.
Wise, *adj.* (ઉવાઈઝ) ડાહયું.	Need, *v. t.* (નીડ) જોઇએ.
Health, *n.* (હેલ્થ) તંદરોસ્તી.	Seldom, *ad.* (સેલ્ડમ) કદાચ.
Seek, *v. t.* (સીક) શોધવું.	Nurse, *n.* (નર્સ) દરદીની માવજત કરનારી સ્ત્રી.
Counsel, *n.* (કાઉનસેલ) શીખામણ	Healthy, *adj.* (હેલ્થિ) તંદરોસ્ત.
Asleep, *adj.* (ઍસ્લીપ) ઉંઘતા.	Wealthy, *adj.* (ઉવેલથિ) પૈસાદાર
Awake, *adj.* (અઉવેક) જાગતા.	

(૧) મેં સાંભલ્યું છે કે સકારે સુઇ, સકારે ઉઠવું એ ડાહયા થવાનો માર્ગ છે. (૨) જો તમે તંદરોસ્તી શોધતા હોય, તો તમે આ શીખામણ લેઓ,

સકારે સુઓ અને સકારે ઉઠો. (૩) તે તમારી તંદરોસ્તીને માટે સારૂં છે; તે તમારી પૈસાની ઠેલીને માટે સારૂં છે; તમને કોઇ વૈદની જરૂર નહિ પડશે, અને કદાચજ દરદીની માવજત કરનારી સ્રિની ગરજ પડશે. (૪) ત્યારે સકારે સુઇ અને સકારે ઉઠો કે જેથી તમે તંદરોસ્ત, પૈસાદાર અને ડાહ્યા થશો.

THE CAMEL ઉંટ.

Camel, *n.* (કૅમલ) ઉંટ.	Cross, *v. t.* (ક્રૉસ) ઓળંગે છે.
Hot, *adj.* (હૉટ) ગરમ.	Dry, *adj.* (ડ્રાઇ) સુકો.
Deserts, *n.* (ડેઝર્ટ્ઝ) રણો.	Ponds, *n.* (પૉન્ડ્ઝ) તળાવો.
Lump, *n.* (લમ્પ) લચકો.	Apart, *ad.* (ઍપાર્ટ) દુર.
Hump, *n.* (હમ્પ) ખુંધ.	A long way off, ઘણે દુરથી.
Sandy, *adj.* (સૅન્ડિ) રેતાળ.	Rider, *n.* (રાઇડર) સ્વાર.
Plains, *n.* (પ્લેન્ઝ) મેદાન.	Gets down નીચે આવે છે.
Broad, *adj.* (બ્રૉડ) પહોળો.	Plenty, *ad.* (પ્લેનટિ) પુષ્કળ.
Soft, *adj.* (સૉફ્ટ) નરમ.	Instead of, *prep.* (ઇન્સ્ટેડઑવ) બદલે.
Flat, *adj.* (ફ્લૅટ) સપાટ.	Goods, *n.* (ગુડ્ઝ) માલ
Sink, *v. t.* (સિંક)ગરક થઇ જવું.	Caravan, (કૅરેવન) વણજાર.

(૧) ઉંટ ગરમ મુલકો, જેને રણ કહે છે, તેમાં રહે છે. (૨) કેટલાંક ઉંટોને પીઠ ઉપર એક મોટો લોચો, જેને ખુંધ કહે છે, તે હોય છે, અને કેટલાંકને બે હોય છે. (૩) ઉંટ જોરાવર હોય છે, અને માણસોને લઈ જવાને માટે, અને ગરમ રેતાળ મેદાનો, જયાં એટલો તો તાપ હોય છે, કે કોઇપણ ઘોડો કે બીજું કોઇ પશુ આ કામ કરી શકે નહિ. તેમાંથી ચીજો લઇ જવા માટે ઘણું ઉપયોગી હોય છે. તેના પગ પહોળા, અને નરમ અને સપાટ હોય છે, કે જેથી કરીને તે રેતીમાં ગરક થઇ જતા નથી. (૪) જે માણસો ગરમ મેદાનો ઓળંગે છે, તેઓને વારં-વાર પાણી મેળવવાને માટે ઘણું દુર જવું પડે છે. તપતો સુરજ મેદાનને સુકું બનાવે છે, અને પાણી ઘણા માઇલ દુર આવેલા તળાવો અથવા કુવામાં માત્ર મળી શકે છે. (૫) ઉંટને ઘણે દુરથી પાણીનો વાસ આવી શકે છે, અને જ્યાં-સુધી તે તેની આગળ આવી લાગે છે, ત્યાંસુધી આગળ અને આગળ ચાલે છે. ત્યારપછી તેને સારીકાની પીવાનું મળે છે. તેનો સવાર પણ નીચે ઉતરે છે, અને તેને પણ સારી કાની પીવાનું મળે છે, અને પોતાની ચામડાની બાટલી પાણીથી ભરેછે. (૬) તે રેતાળ મેદાનોમાં જાય છે તેની આગમજ તે પુષ્કળ પાણી

પીયે છે, કે જેથી કરીને જ્યારે તે કુવાઓથી દુર હોય છે, ત્યારે તે લાંબો વખત સુધી પીધા વગર જીવી શકે છે. (૭) રણો મોટાં મેદાનો છે જ્યાં રેતી શિવાય કાંઇ જણાતું નથી. તેમાં કાંઇ પણ ધરો, કે ઝાડો, કે ગામડાંઓ, કે રસ્તાઓ વટીક હોતા નથી. તેઓ દરિયા જેવા દેખાય છે, કે જ્યાંપાણીને બદલે રેતી હોય છે. માણસો વહાણોમાં દરિયા ઓળંગે છે, અને ઉંટ માણસને આટલું ઉપયોગી છે, અને તેને સુકાં રેતાળ રણમાંથી લઇ જાય છે, તેથી તેને "રણનું વહાણ" કહે છે, (૮) માણસો અને માલ લઈ જતાં ઉંટોની એક લાંબી હારને વણજાર કહે છે.

THE ELEPHANT, હાથી.

Elephant, *n.* (એલિફંટ) હાથી.
Animal, *n.* (અનિમલ) પ્રાણી.
Picture, *n.* (પિકચર) ચિત્ર.
Truuk, *n.* (ટ્રંક) સુંઢ.
Hangs, *v. i.* (હૅન્ગસ) લટકે છે.
Curls, *v. i* (કર્લ્ઝ) વળે છે.
Two-annas piece, *n.* (ટુ આના પીસ)બે આનાનો શિક્કો. [પડેલો.
Lying; *pres.part.* (લાઈંગ)
Feeds, *v. t.* (ફીડ્ઝ) ખવાડે છે.
Pours, *v. t.* (પોર્ઝ) રેડે છે.
Throat, *n.* (થ્રોટ) ગળું.
Male, *adj.* (મેલ) નર.
Tusks, *n.* (ટસ્કઝ) લાંબા અણી-યાળા દાંત; દંતુશળ.
Smooth, *adj.* (સ્મુધ.) લીસા.
Tamed, *p. p.* (ટેમ્ડ) પળાયલા.
Burma, *n.* (બરમા) બ્રમ્હદેશ.
Timber-yards, *n.* (ટિમબર-યાર્ડ્ઝ) ઇમારતી લાકડાં ભરી રાખવાની જગા
Timber, *n.* (ટિમબર) ઇમારતી લાકડાં.
Weights, *n.* (વેટ્ઝ) વજન.
Log, *n.* (લૉગ) ઠીમરૂં.
Keeper, *n.* (કીપર) રખેવાળ; માવત
To look after, દેખરેખ રાખવાને.
Jungles. *n.* (જંગલ્ઝ) જંગલો.
Thick, *adj.* (થિક) ગીચ.
Drove, *n.* (ડ્રોવ) ટોળું.
State, *adj.* (સ્ટેટ) હાલત.
Bamboos, *n.* (બૅમબુઝ) વાંસ.

(૧) હાથી સર્વથી મોટું પ્રાણી છે, જે જમીન ઉપર રહે છે. તમે કદી એક હાથી જોયો છે? હાથીનાં ચિત્ર તરફ જુઓ. (૨) તેને એક ઘણી મોટી સુંઢ હોય છે. તે પાંચ છ ફીટ લાંબી હોય છે. તે તેના માથાનાં આગળા ભાગમાં લટકેછે. સુંઢને છેડે એક જાતનો હોઠ હોય છે, જે ઉપર વળે છે, તે વડે હાથી કાંઇ પણ ચીજ ઉચકે છે. તે વળી જમીન ઉપર પડેલા એક બે આનાના સિક્કાને પણ ઉપાડી શકે છે. (૩) હાથી પોતાની સુંઢ વડે ખાય છે. તે તે વડે પોતાનો

ખોરાક ઉંચકે છે. અને તે ખોરાક પોતાના મોઢામાં મુકે છે. તે વળી પોતાની સુંઢ વડે પાણી પીયે છે. તે તેને પાણીથી ભરે છે, ત્યારપછી તે તેનો છેડો પોતાના મોઢામાં મુકે છે, અને તે પાણી પોતાના ગળામાં ઉતારે છે. (૪) નર હાથીને બે લાંબા અણીયાળા દાંત હોય છે. તે ત્રણ ચાર ફીટ લાંબા હોય છે. તેઓ ઘણા સફેદ, લીસા અને કઠણ હોય છે. તે વડે તે ઝાડો ઉખેડી કાઢી શકે છે, અથવા વાઘને પણ મારી શકે છે. (૫) હાથી ઘણા જોરાવર હોય છે, જ્યારે પાળેલા હોય છે, ત્યારે તેઓ માણસને માટે કામ કરે છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશમાં તેઓ ઇમારતી લાકડાં રાખવાની જગામાં કામ કરે છે, અને ઇમારતી લાકડાં અને બીજા ભારે વજન ઉચકીને લઇ જઇ શકે છે. (૬) હાથી એક લાકડાંનું ઢીમરું, જે ચાર કે પાચ માણસો ખસાદી શકે નહિ, તે પોતાના દાંત ઉપર લઇ જઇ શકે છે. તે પોતાની પીઠ ઉપર પાંચ છ માણસોને લઇ જઇ શકે છે (૭) તેની, દેખરેખ રાખવાને તેને ખવાડવાને અને તેને હાંકવાને એક રખેવાળ હોય છે. તે રખેવાલ પોતાની મરજી પડે તેમ તેને ઉભો કરી શકે છે અથવા સુવડી શકે છે. ચલાવી અથવા સ્થિર ઉભો રાખી શકે છે તે પોતાના રખેવાળને તાબે થાય છે (૮) જંગલી હાથીઓ જંગલમાં રહે છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશના જંગલોમાં ઘણા જંગલી હાથીઓ હોય છે. ટેકરીની નજદીક ગીચ જંગલોમાં તમે કોઇ કોઇ વખત એક ટોળામાં સાહાઠ જેટલા હાથી જુઓ. (૯) જંગલી હાલતમાં હાથી બામ્બુના રોપા અને ઝાડના પાંદડા ખાઇને જીવે છે. જંગલી હાથીઓને પકડવામા આવે છે અને પાળવામાં આવે છે.

THE FOX AND THE CAT, કોહલુ અને બીલાડી.

Clever, *adj.* (કલેવર) હુશિયાર.
Is talked of, *v. t.* (ટાકડ) વિશે બોલવામાં આવે છે.
A great deal–ઘણું. [ચારીભરેલી
Friendly, *adj.* (ફ્રેન્ડલી) મિત્રા
Manner, *n.* (મૅનર) રીત.
Goodmorning, *n.* (ગુડ-મૉર્નિંગ) સવારની સલામ.
Affairs, *n.* (અફૅર્ઝ) કારભાર.
Hard times–કડાકડીના વખત.
Pride, *n.* (પ્રાઇડ) મગરૂરી.

Hardly, *ad.* (હાર્ડલિ) ભાગ્યેજ
Hungry, *adj.* (હંગ્રી) ભુખી
Mouse-hunter, *n.*(માઉસ-હંટર) ઉંદરનો શીકાર કરનાર.
Tricks, *n.* (ટ્રિકસ) કળા.
Meekly, *ad.* (મીકલી) નરમાસથી
Pray *v. i.* (પ્રે) મહેરબાની કરીને કહો. [કુતરા.
Hounds, *n.* (હાઉન્ડઝ) શીકારી
Spring, *v. i.*(સ્પ્રિંગ)કુદકો મારવો.
Save, *v. t.* (સેવ) બચાવવું.

I am master of-હુ' જાણુ' છુ'.
Cunning, *n.* (કનિ'ગ) લુચ્ચાઇ.
Pity, *v. t.* (પિટિ) દયા આવી.
Puss, *n.* (પુસ) બિલાડીનુ' લાડકુ' નામ.
To baffle, *inf.* (બૅફલ) હરાવવા, નિષ્ફળ કરાવવા.
Approaching, *pres. part.* (ઍપ્રોચિ'ગ) નજદીક આવતા.
Sprang, *v. i.* (સ્પ્રૅન્ગ કુદકો માર્યો. [પથી; ચાલાકીથી-

Nimbly, *adj.* (નિમબલિ) ઝડપથી
Seated, *v. t.* (સીટેડ) બેઠી.
Was hidden, *v. t.* (હિડન) છુપાયલી.
Close, *ad.* (કલોસ) નજદીક.
Already. *ad.* (અલરેડિ) અત્યાર આગમજના.
Seized, *v. t.* (સીઝડ) પકડયો.
Escaped, *v. i.* (એસ્કેપ્ડ) બચી જતે; નાસી જતે.

(૧) એક દહાડે એક બિલાડી એક કોહલાંને જ'ગલમા મળી. તેણીએ વિચાર્યુ', " અરે તે હુશિયાર અને ડાહયો છે, અને તેને વિષે ઘણુ બોલાય છે. હુ' તેની સાથે વાત કરીશ." તેથા તેણી તદન મિત્રાચારી ભરેલી રીતે બોલી " સાહેબજી, વહાલા મીસ્તર કોહલા; તમે કેમ છો ? અને આ કડાકડીના વખતમાં તમારૂ' કામકાજ કેમ ચાલે છે ? (૨) તે મગરૂરીના ભરેલાં કોહલાંએ માથાથી તે પગ સુધી બિલાડી તરફ જોયુ', અને તેણીને શુ' કહેવુ તે ભાગ્યેજ જાણ્યું. આખરે તે બોલ્યો "અરે તમે ગરીબ, નાના ભુખ્યાં ઉદરનો શીકાર કરનાર, તમને કેટલી યુક્તિઓ ખબર છે?" (૩) તે બિલાડીએ નરમાસથી જવાબ આપ્યો, " મને ફક્ત એક યુક્તિ આવડે છે" તેણે પુછ્યુ' અને મહેરબાની કરીને કહો કે તે શુ' છે ? તેણી બોલી, " ઠીક, જો શીકારી કુતરાઓ મારી પાછળ આવે તો હુ' એક ઝાડમાં કુદકો મારી ચઢી જાઉ' છું, અને મારો બચાવ કરી શકુ' છુ' " (૪) તે કોહલુ' બોલ્યુ', " એટલુ'જ કે ? કાંય મને સો યુકિત આવડે છે, અને દરેક જણે મારી લુચ્ચાઇ વિષે સાંભલ્યુ' છે; પણ બિલાડી, મને તમારી દયા આવે છે; તેથી મારી સાથે આવો અને માણસ અને શીકારી કુત્રા બેઉને કેમ નિષફળ કરવા તે હુ' તમને શિખવીશ. " (૫) આ પળે એક શીકારી પોતાના શીકારી કુતરાઓ સાથે નજદીક આવતો જણાયો. તે બિલાડી ઝડપથી એક ઝાડ ઉપર કુદકા મારીને ચઢી ગઇ, અને સૌથી ઉંચી ડાંખલી ઉપર બેઠી, કે જ્યા તેણી પાંદડાંમાં તદન છુપાઇ રહી. તે કોહલુ' વિચારવા લાગ્યુ' કે સો યુકિતઓમાંની કઇ તેને અજમાવવી જોઇએ, પણ તે શીકારી કુતરાઓ એટલા નજદીક હતા, કે તેને વિચાર કરવાને વખત ન હતો. (૬) તે બિલાડી બોલી, " હવે મીસ્તર કોહલાં, તમારી

સુંદર યુક્તિઓમાંની એક હમને જોવા દો," પણ શીકારી કુતરાઓ તેને અત્યાર આગમજનો પકડી ચુકા હતા. (૭) તે બિલાડી બોલી, " અરે મારા મિત્ર કોહલાં, તમારી સો યુક્તિઓ તમને ઘણી કામની નથી; હમણા જો મારી માફક ફકત તમને એક આવડતે, તો તમારી જીંદગી સાથે તમે બચી જતે.

SWEET AND LOW. ખુશનુંમાં રીતે અને ધીમેથી.

Sweet, *adj.* (સ્વીટ) ખુશનુંમાં રીતે
Low, *adj.* (લો) ધીમેથી [ફનો.
Western, (વેસ્ટર્ન) પશ્ચિમ તર
Breathe, *v. i.* (બ્રીધ) ધીમેથી ફુંક.
Blow, *v. i.* (બ્લો) ફુંક.
Rollings, *ad.* (રોલિંગ્સ) ગબડતાં.
Dying, *adj.* (ડાઈંગ) આથમતા.
Little one–બાળક.
Rest, *v. t.* (રેસ્ટ) આરામ લો.
Breast, *n.* (બ્રેસ્ટ) છાતી.
Babe, *n.* (બેબ) બાળક.
Silver, *n.* (સિલવર) રૂપેરી પ્રકાશ.
Sails, *v. i.* (સેલ્ઝ) ધીમેથી આવે છે.
Silver, *adj* (સિલવર) રૂપાની માફક પ્રકાશતો.

(૧) પશ્ચિમ તરફના દરિયાના પવન ખુશનુંમાં રીતે અને ધીમેથી, ખુશનુંમાં રીતે અને ધીમેથી પશ્ચિમ તરફના દરિયાનાં પવન, ધીમેથી, ધીમેથી, આસ્તે ફુંક અને ફુક ! ગબડતા પાણી ઉપર જા, અસ્ત પામતા ચંદ્રમાંથી આવ અને ફુંક, ફરીથી તેને મારી આગલ પાછે: હડસેલ; જ્યારે મારૂં બાળક, મારૂં ખુબસુરત બાળક ઉંઘાય છે. (૨) ઉંઘા અને આરામ લે, ઉંઘા અને આરામ લે, બાવા તારી આગળ જલદીથી આવશે; માયની છાતી ઉપર આરામ લે, બાવા જલદીથી તારી આગળ આવશે; બાપ માળામાં પોતાના બાળક આગળ આવશે, રૂપેરી પ્રકાશ સઘળો પશ્ચિમમાંથી રૂપાની માફક પ્રકાશતા ચંદ્ર હેઠે આવે છે. ઉંઘ, મારાં નાનાં બાળક ઉંઘ, મારાં સુંદર બાળક ઉંઘ.

RICE ચોખા.

Rice, *n.* (રાઇસ) ચોખા.
Chief, *adj.* (ચીફ) મુખ્ય.
World, *n.* (વર્લ્ડ) દુન્યા.
Countries, *n.* (કંટ્રિઝ) દેશો.
Paddy, *n.* (પૅડિ) ડાંગર.
Is cleaned, *v. t.* (ક્લીન્ડ) સાફ કરવામાં આવે છે.
Fit, *adj.* (ફિટ) લાયક.
Season, *n.* (સીઝન) રૂતુ. [થયું.
Has begun, *v. i.* (બિગન) શરૂ
Tanks, *n.* (ટૅન્કઝ) તળાવો.
Rivers, *a.* (રિવર્ઝ) નદીઓ.
Nearly, *ad.* (નિયર્લી) લગભગ.
Busy, *adj.* (બિઝિ) રોકાયલા.
Growing, *ger.* (ગ્રોઈંગ) ઉગાડવા.
Farmer, *n.* (ફારમર) ખેડુત.

Bullocks, *n.* (બુલકઝ) બળદો.
Plough, *n.* (પ્લાઉ) હળ.
Ploughs, *v.t.*(પ્લાઉઝ)હળથી ખેડે છે
Earth, *n.* (અર્થ) જમીન.
Corner, *n.* (કૉરનર) ખુણું.
Sows, *v. t.* (સોઝ) વાવે છે.
Seeds, *n.* (સીડઝ) બીયાં.
Roots, *n.* (રૂટઝ) મુળ.
Mud, *n.* (મડ) કાદવ.
Ties, *v. t.* (ટાઇઝ) બાંધે છે.
Bundles, *n.* (બંડલઝ) ભારીઓ.
Young, *adj*, (યંગ) નાના.
Line, *n.* (લાઇન) હાર.
Push, *v. t.* (પુશ) ખોસે છે.
Take root,–મુળ ઘાઝે છે.
Suck, *v. t.*(સક) ચુસે છે.
Ripe, *adj.* (રાઇપ) પાક ઉપર આવેલા.
Stalk, *n.* (સ્ટૉક) થડ.
To reap, *inf.* (રીપ)કાપણી કરવી.
Sickles, *n.* (સિકલઝ) દાંતરડાં.
Must be Parted, *v. t.* (પારટેડ) છુટું પાડવું જોઇએ.
Straw, *n.* (સ્ટ્રૉ પરાળ.
Baskets, *n.* (બાસ્કેટસ) ટોપલી.
Chooses, *v. t.* (ચુઝિઝ) પસંદ કરે છે.
Sieve, *n.* (સિવ) ચાળણી.
Bits, *n.* (બિટઝ) ટુકડા.
Heap, *n.* (હીપ) ઢગલો.

(૧) ચોખા દુન્યાના અરધા કરતા વધારે લોકોનો મુખ્ય ખોરાક છે. સઘળા ગરમ દેશો જ્યાં ઘણો વરસાદ હોય છે, ત્યાં તે સારી રીતે ઉગે છે, કારણુ કે તેને સારી રીતે ઉગાડવાને તેને પુષ્કળ પાણી મળવું જોઇએ. (૨) ચોખાના રોપાને ડાંગર કહે છે. જ્યારે દાણા સાફ કરવામાં આવે છે, અને ખાવાને લાયકના બને છે, ત્યારે તેને ચોખા કહે છે. (૩) હવે વરસાદની મોસમ શરૂ થઇ છે. તળાવો સઘળા ભરાતા જાય છે. નદી પણ પાણીથી ભરાતી જાય છે. અને ગામડાંના લોકો હમણા ચોખા ઉગાડવામાં લગભગ સઘળા રોકાઇ ગયા છે. (૪) ખેડુત પોતાના બળદ અને પોતાનો હળ ખેતરમાં લઇ જાય છે, અને જ્યાંસુધી જમીન તદન નરમ થાય છે, ત્યાંસુધી તેને ફરીથી અને ફરીથી હળથી ખેડે છે. (૫) ખેતરનાં એક ખુણાંમાં તે કેટલાક ડાંગરના બી વાવે છે. જ્યારે નાના ચોખાના રોપા આશરે એક ફુટ ઉંચા થાય છે, ત્યારે તે તેમને નરમ કાદવમાંથી મુળમાંથી ઉખેડી કાઢે છે, અને તેમની ભારીઓ બાંધે છે. (૬) ત્યારપછી માણસો કુમળા રોપાની તે ભારીઓ બાઇડીઓ આગળ લાવે છે, કે જેઓ તે ખેતરમાં હારબંધ ઉભી રહે છે, બાઇડીઓ રોપા લે છે, અને તેઓને નરમ કાદવમાં

ખોસે છે. (૭) થોડા દિવસ પછી તે કુમળા ચોખાના રોપાને મુળ બાઝે છે, અને ઉગવા માંડે છે. તેઓ ઘણા તરસા હોય છે. તેઓને પીવાને પુષ્કળ પાણી જોઇએ છે. તેઓના મુળીયાં જમીનમાંથી ખોરાક ચુશી લે છે. તેઓ દરરોજ વધારે અને વધારે મોટાં થાય છે. (૮) આખરે બે મહીના પછી ડાંગર પાકે છે. દરેક ચડને છેડે ચોખાના પચાસ કે સાઠ દાણા ઉગશે. પહેલાં ડાંગર લીલો દેખાય છે ત્યારપછી ભૂરો અને પીળો દેખાય છે. દાણા એટલા તો ભારે હોય છે કે તેના રોપાઓ એક બાજુએ નમી પડે છે. (૯) હવે વરસાદ બંધ પડયો છે, અને ચળકતો સુરજ પ્રકાશે છે. ડાંગરની કાપણી કરવાનો વખત થયો છે. માણસો દાંતરડાં લઇને ખેતરમાં જાય છે, અને પાકા અનાજની ભારીઓ કાપે છે. અને તે સઘળાંને એક જગાએ મુકે છે. (૧૦) જયારે સઘળાં ખેતરોની કાપણી થઇ રહે છે, ત્યારે અનાજને પરાળમાંથી છુટો પાડવો જોઈએ. ખેડુત પોતાના બળદોને તે ડાંગરના ભારાની ઉપર ગોળ અને ગોળ ફેરવે છે. (૧૧) થોડો વખત પછી દાંણા પરાળમાંથી નીકળી પડે છે. તે પરાળને લઇ જવામાં આવે છે, અને અનાજને ટોપલીમાં મુકવામાં આવે છે. ખેડુત જમીનનો એક લીસો ટુકડો પસંદ કરે છે. અને એક ચાળની જે તે ઉપર પકડી રાખે છે, તેમાંથી તે અનાજ રેડે છે, અને પવનથી પરાળના નાના ટુકડા ઉડી જાય છે. ભારે ડાંગર જમીન ઉપર એક ઢગલામાં પડે છે.

Words, *n.* (વડર્ઝ) શબ્દો.
Kindness, *n.* (કાઇન્ડનેસ) માયા.
Cheer, *v. t.* (ચિયર) દિલાસો દે છે.
World, *n.* (વર્લ્ડ) મોટો જથ્થો
Gladness, *n.* (ગ્લૅડનેસ) ખુશાલી
Smile, *n.* (સ્માઇલ) હસતો ચહેરો
Impart, *v. t.* (ઇમપાર્ટ) આપવું.
Acts, *n.* (ઍકટઝ) કામો.
Cost, *v. t.* (કૉસ્ટ) કિંમત પડતી.

Are wanting-નથી હોતાં.
Charm, *n.* (ચાર્મ) ખુશાલી [કિમતી
Richest, *a l.* (રિચેસ્ટ) સૌથી
Gems, *n.* (જેમ્ઝ) જવાહરે.
But, *a l.* (બટ) માત્ર.
Trifles, *n* (ટ્રાઇફલ્ઝ) નજીવી ચીજો
Priceless, *ad.* (પ્રાઇસલેસ) ઘણુંજ કિમતી.
Worth, *n.* (વર્થ) કીમત.

(૧) માયાના નાંના શબ્દો-તેઓ દીલને કેવું ખુશ કરે છે ! એક હસતો ચહેરો કેટલી બધી ખુશાલી આપશે ! (૨) માયાના નાના કામો-તેઓની કાંઇ કિંમત પડતી નથી; તો પણ જયારે તેઓ નથી હોતા ત્યારે જીંદગીની સૌથી સરસ

ખુશાલી ગુમાઇ જાય છે. (૩) માયાના નાના કામો—પૃથ્વી ઉપરના સૌથી કિમતી જવાહીરો છે—જો કે તેઓ માત્ર નજીવાં જણાય છે, તો પણ તેઓની કિમત મુળ વિનાની છે.

THE IDLE BOY. આળસુ છોકરો.

Ranga, *n.* (રંગા) નામ છે.
Used to send—મોકલતો હતો.
Pleasant, *v. t.* (પ્લેઝન્ટ) ખુશનુમાં
Replied, *v. t.* (રિપલાઇડ) જવાબ આપ્યા.
To watch, *inf.* (ટુ વૉચ)તપાસવું
Masters ,*n.* (માસ્ટર્ઝ) શેઠનો.
Thieves, *n.* (થીવ્ઝ) ચોરો.
May get into દાખલ થાય.
Stick, *n.* (સ્ટિક) લાકડી.
Finish, *v. t.* (ફિનિસ) પુરૂં કરવું.
Bees, *n.* (બીઝ) મધમાખી.
Are gathering, *v. t.* (ગૅધરિંગ) એકઠું કરીયે છીયે.
Will be dead, કરમાઇ જશે.
Honey, *n.* (હની) મધ.
Store up, *v. t.* (સ્ટોર) સંગ્રહ કરવો.
Talk, *v. i.* (ટૉક) વાત કરવી.
Ants, *n.* (ઍન્ટ્ઝ) કીડીઓ.
proper, *adj.* (પ્રૅાપર) યોગ્ય.
Lost, *v. t.* (લૉસ્ટ) ગુમાવ્યો.
Except, *prep.* (એક્સેપ્ટ)શિવાય.
As hard as he could—જેમ બને તેમ ઝડપથી.
Got, *v. i.* (ગૉટ) પુગ્યો.
Master, *n.* (માસ્ટર) શિક્ષક.

(૧ એક વાર રંગા નામનો એક નાનો છોકરો હતો. તે ઘણો નાનો અને માત્ર ૭ વર્ષની ઉમરનો હતો. તેનો બાપ તેને દરરોજ નિશાળે મોકળતો હતો. (૨) એક સહવારે નિશાળે જવાને બદલે તે ગામ બહાર ખેતરમાં ગયો. તે એક ઘણી ખુશનુમાં સહવાર હતી. સુરજ પ્રકાશતો હતો, અને પક્ષીઓ ગાતાં હતાં. રંગાને નિશાળે જવા ગમ્યું નહિ. તે આખો દહાડો અહીં તહીં રમવા માગ હતો, પણ તેની સાથે રમનાર કોઇ ન હતું, કારણ કે બીજા બધા ગામડાના છોકરાઓ નિશાળે ગયા હતા. (૩) તેથી તેણે એક કુતરો જેને તેણે દોડી જતાં જોયો, તેને હાંક મારી બોલાવ્યો અને કહ્યું " કુતરા, આવ, અને મારી સાથે રમ " પણ તે કુતરાએ જવાબ આપ્યો, " નહિ, નહિ ! મારે આળસુ થવું ન જોઇએ. હું મારા શેઠનું ઘર તપાસવા જાઉં છું મારે ઝડપથી દોડવું જોઇએ, નહિ તો કોઈ ચોરો તેના ઘરમાં દાખલ થશે. " (૪) ત્યારપછી રંગાએ એક કાગડાને તેના મોઢામાં એક નાની લાકડી સાથે જોયો, અને તેણે કહ્યું " કાગડા,

આવ અને મારી સાથે રમ" પણ તે કાગડાએ કહ્યું "નહિ નહિ! મારે આળસુ થવું ન જોઇએ હું મારો માળો બાંધું છું, અને વરસાદ આવે તેની આગમજ મારે તે પુરો કરવો જોઇએ. હું કોઇપણ સાથે રમી શકતો નથી. મારે આખો દહાડો કામ કરવું જોઇએ." તેથી તે કાગડો ઉડી ગયો. (૫) ત્યાર પછી રંગાએ કેટલીક મધમાખોને એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર ઉડતાં જોઇ અને તે બોલ્યો, "સુંદર મધમાખો આવો અને મારી સાથે રમો" પણ તે મધમાખોએ કહ્યું "નહિ નહિ! હમે મધ એકઠું કરીએ છીયે. જલદીથી ફુલો મરી જશે, અને આપણને મધ મળી શકશે નહિ. જ્યારે આપણને મધ મળી શકે, ત્યારે આપણે તે એકઠું કરવું જોઇએ હમારી સાથે વાત ના કરો; હમે એટલાં ઉદ્યોગી છઇએ કે હમે વાત પણ કરી શકતાં નથી." (૬) ત્યારપછી રંગાએ કેટલીક કીડીઓને ચાલતાં જોઇ; દરેક કીડી પાસે એક ચોખાનો દાણો હતો, જે તે લઇ જતી તેણે કહ્યું "કીડીઓ, એક મિનિટ થોભો અને મારી સાથે રમો. તમો તમારું કામ પછી કરી શકશો." પણ તે કીડીએ જવાબ આપ્યો. "નહિ નહિ! આપણે માટે ખોરાક એકઠો કરવાનો આ લાયક વખત છે. હમણા હમે ખોરાક સંઘરીયે છીયે, કે જેથી કરીને જે મોસમમાં અનાજ ઉગતો નથી, તે મોસમમાં ખાવાને હમને ખોરાક મળે. હમે એક મિનિટ પણ થોભી શકતાં નથી. હમણા પણ તમારી સાથે વાત કરવામાં હમે કેટલોક વખત ગુમાવ્યો છે." તેથી તે કીડીઓ તેઓના નાના પગો જેટલી ઝડપથી તેઓને લઇ જઇ શકયા તેટલી ઝડપથી પોતાના દરમાં ચાલી ગઇ. ત્યાર પછી રંગા બોલ્યો, "શું! ગામમા મારા શિવાય આળસુ કોઇ નથી? કુતરા, અને પક્ષીઓ, અને વળી નાની કીડીઓ, અને મધમાખો આટલી બધી ઉદ્યોગી છે? ત્યારે મારે પણ ઉદ્યોગી થવું જોઇએ. તેથી તે જેમ બને તેમ ઝડપથી નિશાળે દોડી ગયો, અને જેવા શિક્ષક આવી પુગ્યા તેવોજ તે ત્યાં પહોંચ્યો.

A TRIP ON THE RIVER નદી ઉપર સહેલગાહ.

Trip, *n.* (ટ્રિપ) સહેલગાહ.
Holiday, *n.* (હૉલિડે) છુટીનો દહાડો
Uncle, *n.* (અંકલ) કાકો.
Aunt, *n.* (આન્ટ) કાકી.
Cousins, *n.* (કઝિન્ઝ) પીત્રાઇ.
Altogether, *adj.* (ઑલ ટુ ગેધર) બધા મળીને.

બધાં મળીને [ચલાવવો.
To steer, *inf.* (સ્ટિયર) મછવો
To row, *inf.* (રો) હલેસાં મારવાને.
To pole, *inf.* (પોલ) બાંબુ વડે હંકારવા.
Shallow, *adj.* (શૅલો) છાલકાં.
Push, *v. t.* (પુશ) હડસેલવું.
Poles, *n.* (પોલ્ઝ) વાંસ.
Middle, *n.* (મિડલ) વચલો ભાગ.
Covering, *ger.* (કવરિંગ) છત્ર.
Mats, *n.* (મૅટ્ઝ) સાદડીઓ.
Be off, જવું; હંકારવું.
Banks, *n.* (બૅન્કઝ) કિનારા.
Count, *v. t.* (કાઉન્ટ) ગણવું.
Cocoa-nut, *n.*(કોકો-નટ)નાળીએરી.
Smoke, *n.* (સ્મોક) ધુમાડો.
Rising, *pres. part.* (રાઇઝિંગ) ઉપર ચઢતાં.
Wooden, *adj.* (ઉડન) લાંકડાનું.
Steamer, *n.* (સ્ટીમર) આગબોટ.
Upset, *v. t.* (અપસેટ) ઉંધું વાળવું.
Floating, *pres. part.* (ફ્લોટિંગ) તરતી.
Raft, *n.* (રાફ્ટ) તરાપો.
Tie, *v. t.* (ટાઈ) બાંધે છે.
Are pulled, *v. t.* (પુલ્ડ) ઘસડી જવામાં આવે છે.
Stream, *n.* (સ્ટ્રિમ) નદી.
Top, *n.* (ટૉપ) સપાટી.
Hut, *n.* (હટ) ઝુંપડું.
Rafts men, *n.* (રાફ્ટસ-મેન) તરાપા ચલાવનાર.
Live, *v. i.* (લિવ) રહે છે.
Reach, *v. t.* (રીચ) પહોંચવું.
Boatman, *n.* (બોટમૅન) હોડીવાળો.
Next, *adj.* (નેક્સ્ટ) બીજું.
Land, *inf.* (લૅન્ડ) કિનારે ઉતરવું.
Cakes, *n.* (કેક્ઝ) કેક, પુરીઓ.
To-morrow. *n.* ટુ-મૉરે આવતી કાલે.

(૧) આવો, મારાં વહાલા છોકરાં, આજે નિશાળે છુટી છે. તહેવાર છે. મારી સાથે આવો, અને ચાલો આપણે મછવામા બેસીને નદીમા હંકારી જઇએ. (૨) ચાલો આપણે જોઇએ, હું પોતે, તમારો બાપ એક, પછી તમારા માય. અને તમારા કાકા અને કાકી, અને તમારા પાંચ પિત્રાઇઓ અને તમે છોકરાંઓ છો. ચાર છોકરા અને ત્રણ છોકરી (૩) બધાં મળીને કેટલા થયા ? કાંય આપણે સોળ જણ છાયે. આપણને એક સારો મોટો મછવો લેવો જોઇએ. આહયાં એક છે, જે ચાલશે. (૪) હંકારવાને પછવાડે એક માણસ છે, અને હલેસાં મારવાને અથવા વાંસથી ચલાવવાને ત્રણ માણસો છે. જો પાણી ઘણાં ઉડા હોય, તો તેઓ હંકારશે પણ જો છાલકું હોય, તો તેઓ લાંબા વાસ વડે મછવો હડસેલશે. (૫) તે મછવાની વચોવચમાં એક સુંદર છત્ર છે. તે સાદડીનું બનાવેલું છે. જ્યારે સુરજ તપશે, ત્યારે આપણે અંદર જઇશું અને બેસીશું. તેમાં ઠંડક હશે. (૬) હવે ચાલો આપણે ઉપડયે, કેવું ઠંડું અને સદર છે ! કિનારા ઉપરનાં ઝાડો અને ઘરો કેવાં સુંદર દેખાય છે ! નદી ઉપરના મછવામાં હોવાને તમે ખુશી નથી ? (૭) જુઓ ! એક નાનો ટાપુ છે. વચમાં જમીન છે. અને બધે આસપાસ પાણી છે. જમીન ઉપર ઝાડો ઉગે છે. હું ૭ નાળિયેરીના ઝાડ-અને ઘણાં કેરીના

ગણી શકું છું. ત્યાં વળી કેટલાંક ઘરો છે. (૮) હવામાં ઉપર જતા ધુમાડા સાથે એટલું ઝડપથી પાણીમાં આવતું તે શું છે ! એક લાકડાંનાં ઘર સાથનો તે એક મોટા મછવા જેવો દેખાય છે. તે એક આગબોટ છે. (૯) એક આગબોટ મછવાના કરતાં ઘણી વધારે ઝડપથી જાય છે. હું આશા રાખું છું કે તે છેકજ નજદીક આવશે નહિ ! તે આપણને ઉધા વાળશે નહિ, તે દુર ચાલી ગઇ છે. (૧૦) નદીના મુખ તરફ તરતી તે મોટી ચીજ શું છે ? તે ઇમારતી લાકડાંના ઢીમરાંનો એક તરાપો છે. ઢીમરાંને જંગલમાં કાપવામાં આવે છે, અને હાથીઓથી નદી સુધી ઘસડી લાવવામાં આવે છે. (૧૧) ત્યારપછી માણસો તે ઢીમરાંને સાથે બાંધે છે. તેઓ પાણીની સપાટી ઉપર તરે છે, અને નદીમાં ધીમેથી ચાલે છે. તરાપા ઉપર લાકડાંનું બનાવેલું એક નાનું ઝુંપડું હોય છે. તરાપો ચલાવનારાઓ તેમાં રહે છે, ત્યા તેઓ—ત્રણ માણસો અને ચાર બઇરીઓ તરાપા ઉપર ઉભાં છે. (૧૨) હમણા પાંચ વાગ્યા છે, ઘણું જલદી અંધારૂં થશે. હું આશા રાખું છું કે રાત અગાઉ આપણે ગામડાંમા પહોંચીશું. ચાલો આપણે મછવાવાળાને પુછયે કે બીજું ગામ કેટલું દુર છે ? (૧૩) મછવાવાળો કહે છે કે તે ઘણું દુર નથી. અરધા કલાકમાં આપણે ત્યાં પુગીશું. હું તેને ઘણું દુર જોઇ શકું છું. (૧૪) લેઓ, આપણે ગામડાં આગળ આવ્યા. ચાલો, આપણે કિનારે ઉતર્યે, અને ગામડામાં આસપાસ ફર્યે. હું તમારે માટે ખાવાને થોડીક પુરીઓ ખરીદીશ. (૧૫) જ્યારે અંધારૂં થશે, ત્યારે આપણે મછવામાં પાછા જઇશું, અને આપણું રાતનું ખાણું લઇશું. ત્યાર પછી આપણે મછવામાં સઘળાં સુઇ જઇશું અને ઊંઘાઇશું. કાલે આપણે પાછા ઘર જઇશું.

LITTLE DROPS OF WATER. પાણીના નાનાં ટીપાં.

Drops, *n.* (ડ્રૉપ્સ) ટીપાં.
Grains, *n.* (ગ્રેન્ઝ) દાણા.
Sand, *n.* (સૅન્ડ) રેતી.
Mighty, *adj.* (માઇટિ) મોટો.
Ocean, *n.* (ઓશન) મહાસાગર.
Pleasant, *adj.* (પ્લેઝન્ટ) ખુશનુંમા.
Thus, *ad.* (ધસ) આ પ્રમાણે.
Tiny, *adj.* (ટાઇનિ) નાની.
Ages, *n.* (એજીઝ) જમાના.
Eternity, *n.* (ઇટરનિટિ) હંમેશગી.
Errors, *n.* (એરર્ઝ) ભૂલો.

Lead, *v. t.* (લીડ) લઇ જાય છે.
Soul, *n.* (સોલ) આત્મા.
Path, *n.* (પાથ) માર્ગ.
Virtue, *n.* (વરચ્યુ) સદ્દગુણ.
Sin, *n.* (સિન) પાપ.
To stray, *inf.* (સ્ટ્રે) રખડવાને.
Deeds, *n.* (ડીડ્ઝ) કામો.
Garden, *n.* (ગાર્ડન) બાગ.
Heaven, *n.* (હેવન) બહેસ્તત.
Above, *ad.* (અબવ) ઉપરનું.

(૧) પાણીના નાના ટીપાં, રેતીના નાના રજકણ, મોટા મહાસાગર, અને ખુશનુમા મુલક બનાવે છે. (૨) આ પ્રમાણે નાના મિનિટો, જો કે તે નાની

હોય તોપણ હંમેશગીના મોટા જમાના બનાવે છે. (૩) આ પ્રમાણે આપણી નાની ભુલો આત્માને સદગુણના રસ્તા ઉપરથી દુર પાપમાં રખડવાને લઈ જાય છે. (૪) માયાના નાના કામો, પ્યારના નાના શબ્દો, આપણી પૃથ્વીને ઉપરના બેહેશતની માફક એક બાગ બનાવે છે.

THE PARROT AND THE RAJAH પોપટ અને રાજા

Rajah, *n* (રાજા) રાજા.
Parrot, *n.* (પૅરટ) પોપટ.
Taught, *n.* (ટૉટ) શીખવ્યો.
Doubt, *n.* (ડાઉટ) શક.
Question, *n* (કવેશચન) સવાલ
Answer, *n.* (આનસર) જવાબ આપવા.
To sell, *int.* (સેલ) વેચવાને
Rupees *n.* (રૂપીઝ) રૂપ્યા.
Price *n.* (પ્રાઇસ) કીંમત.
Wonderful, *adj.* (ઉવનડરફુલ) અજાયબ જેવું. [હોવું.
Worth, *adj.* (ઉવર્થ) કીમતનું
Owner, *n* (ઓનર) ધણી; માલેક
Delighted, *v. t.* (ડિલાઇટેડ) ખુશી થયો
To talk to, *inf.* (ટૉક)વાત કરવી.
Tired, *p. p.* (ટાયર્ડ) કંટાળેલો.
Same, *adj.* (સેમ) એકનો એકજ
Over and over again=ફરીથી અને ફરીથી.
Fool, *n.* (ફુલ) બેવકુફ.

(૧) એક વાર એક માણસ પાસે એક પોપટ હતો. તેણે તેને "તે વિષે કાંઈ શક નથી" કરીને બોલતાં શીખવ્યું હતું. જ્યારે પણ તમે આ પોપટને કાંઈપણ સવાલ પુછો, ત્યારે તે પોતાનું માથું એક બાજુએ નમાવતો હતો, ઘણો ડાહયો દેખાતો હતો, અને જવાબ આપતો હતો, "તે વિષે કાંઈ શક નથી" (૨) એક દિવસ તે માણસ તે પોપટને બજારમા વેચવા લઈ ગયો. તેણે તેના સો રૂપ્યા માગ્યા. સઘળાં લોકો બોલ્યા, "એક પોપટને માટે તે ઘણુંજ મોટું દામ છે. આપણે તે ખરીદશું નહિ આખરે એક રાજા ત્યાં આવ્યો, તે બોલ્યો, 'આ પક્ષી વિષે અજાયબ જેવું શું છે ? તમે એટલા બધા પૈસા કાંય માગો છો ? શું તે સો રૂપિયાની કિંમતની બરોબરનો છે ?" તે માલેકે જવાબ આપ્યો, "મને ના પુછો. પોપટને પુછો." (૩) તેથી તે રાજાએ તે પોપટને કહ્યું, " તમારામાં સો રૂપ્યાનો માલ છે?" તે પોપટે જવાબ આપ્યો, "તે વિષે કાંઈ શક નથી." તે રાજા ખુશી થઈ ગયો. તેણે તે માણસને સો રૂપ્યા આપ્યા: અને તે પક્ષીને ઘર લઈ ગયો. (૪) પણ બીજે દિવસે જ્યારે તેણે તે પોપટ સાથે વાત કરવાની કોશેશ કીધી, ત્યારે જે માત્ર શબ્દો તે બોલી શકયો તે એ હતા. " તે વિષે કાંઈ શક નથી". આખરે તે રાજા એકના એક બોલો ફરીથી અને ફરીથી સાંભળવાથી કંટાળી ગયો, અને તે પોપટને કહ્યું "તમારે માટે એક સો રૂપ્યા આપવામાં શું હું મુર્ખ ન હતો ?" જેના જવાબમાં તે પોપટે જવાબ આપ્યો, " તે વિષે કંઈ શક નથી." અને આ વખતે તે પોપટનો જવાબ ઘણો સારો હતો.

ALWAYS KEEP YOUR WORD
હંમેશા તમારો બોલ પાળજો.
PART—I, ભાગ પહેલો

Keep, *v. t.* (કીપ) પાલજો.
Word, *n.* (ઉવર્ડ) વચન.
Part, *n.* (પાર્ટ) ભાગ.
Certain, *adj.* (સરટન) કોઈ.
Rats, *n.* (રૅટ્ઝ) ઘુસો.
Ate up, *v. t.* (એટઅપ)ખાઇ ગયા
Villagers, *n.* (વિલેજર્ઝ) ગામડીયાઓ.
Afraid, *adj.* (અફ્રેડ) બીધેલા.
Boldly, *ad.* (બોલ્ડલિ) હિમ્મતથી
Head-man, *n.* (હેડ-મૅન) પટેલ
Swarms, *n.* (સ્વૉર્મ્ઝ) ટોળાં.
Strange, *adj.* (સ્ટ્રેન્જ) અજાણ્યો.
Hakeem, *n.* (હકીમ) હકીમ.
Saringi, *n.* (સારિંગી) સારંગી
Clever, *adj.* (ક્લેવર) હુશિયાર
Gladly, *ad.* (ગ્લૅડલિ) ખુશીથી.
Began, *v.* t. (બિગૅન)શરૂ કીધી.
To listen, *inf.* (લિસન) ધ્યાનથી સાંભળવું.
Sweetly, *ad.* (સ્વીટલિ) મધુર અવાજે.
Families, *n.* (ફૅમિલિઝ) કુટુંબો
Whole, *adj.* (હોલ) આખો.
Street, *n.* (સ્ટ્રીટ) મહોલ્લો.
Was filled, (ફિલ્ડ) ભરાઇ ગયો.
Towards *prep.* (ટોઅર્ડ્ઝ) તરફ.
Off, *ad.* (ઑફ) દુર.
Music, *n.* (મ્યુઝિક) ગાયણ.
Sounded, *v. i.* (સાઉન્ડેડ) અવાજ આવ્યો.
Else, *adj.* (એલ્સ) બીજું
Kept on, *v.t.* (કેપ્ટ)ચાલુ રાખ્યું.
Were drowned, *v.t.* (ઉવરડ્રાઉન્ડ) ડુબી ગયા.

(૧) કોઈ એક ગામમાં ઘણા ઉંદરો હતા. તેઓ ખેતરમાં રહેતા હતા. એક વર્ષ વરસાદ પડયો નહિ. તેથી ખાવાને અનાજ મળ્યો નહિ, અને સઘળા ઉંદરો ગામડામાં આવ્યા, અને જમીનમાં દર કીધાં, અને ત્યાં રહ્યા. (૨) તેઓ ગામડીયાઓનો સઘળો ખોરાક ખાઈ ગયા. તેઓ કોઇથી બીહીતા ન હતા. તેઓ સેંકડોની સંખ્યામાં હતા. જ્યારે એક માણુસ ાતાના ચાવળ ખાતો હોય, ત્યારે તેઓ હિંમતથી આવતા, અને ચાવળ ચોરી જતા હતા. (૩) શું કરવું તે ગામડીયાઓને સુઝયું નહિ. તેઓ સઘળાં ગામના મુખી આગળ ગયા, પણ તે મુખી તેઓને મદદ કરી શકયો નહિ. તેના ઘરમાં પણ ઉંદરોનાં ટોળે ટોળાં હતાં. (૪) જ્યારે તેઓ તે વિષે વાત કરતા હતા, ત્યારે એક અજાણ્યો હકીમ તે ગામમાં આવ્યો. તેના હાથમાં એક સારંગી હતી. તે ગામડીયાઓ બોલ્યા, "ચાલો આપણે આ અજાણ્યા શખસને પુછયે કે શું કરવું. હકીમો ઘણા હુશિયાર માણસો હોય છે." "(૫) તે હકીમે ઉંદરો વિષે સઘળું સાંભળ્યું, ત્યારપછી તે બોલ્યો,"હા, હું દસ મિનિટમાં સઘળા ઉંદરોને દુર કરીશ."

જો હું તેમ કરું તો તમે મને એક સો રૂપ્યા આપશો ? તે મુખીએ કહ્યું, "જો તમે આ ઉંદરોને લઇ જશો તો હમે તમને બસો રૂપ્યા આપશું ?" તે મુખીએ કહ્યું, "જો તમે આ ઉંદરોને લઇ જશો તો હમે તમને બસો રૂપ્યા ઘણી ખુશીથી આપી શકીશું" (૬) તે હકીમે ત્યારપછી પોતાની સારંગી લીધી અને તે વાગડવા માંડી જેવું તેણે શરૂ કર્યું, તેવોજ એક ઉંદર તે સાંભળવા આવ્યો. ત્યારપછી બીજો આવ્યો, અને ત્યારપછી ત્રીજો. તેણે એવું તો મધુર રાગે વગાડયું કે, ગામના સઘળા ઉંદરો તેની તરફ દોડી આવ્યા. તેમા મોટા ઉંદરો, નાના ઉંદરો, બુઢા ઉંદરો, જુવાન ઉંદરો, અને ઉંદરોના કુંટુંબો હતા. આખો મહોલ્લો ઉંદરોથી ભરાઇ ગયો. (૭) ત્યારપછી તે હકીમ એક માઇલ દુર આવેલી એક નદી તરફ ચાલ્યો, સઘળા ઉંદરો તેની તરફ દોડયા તેઓ થોભી શકયા નહિ. તે ગાયન તેઓને એટલું મધુર લાગ્યું કે તેઓને બીજાં કશાંના વિચાર આવી શકયો નહિ. (૮) તે હકીમ તે નદીના કિનારા આગળ ઉભો પણ તેણે વગાડવાનું ચાલુ રાખ્યું ઉંદરો થોભી શકયા નહિ. તે ગાયણે તેઓને આગળ ચલાવ્યા. તેઓ સઘળા નદીમાં પડયા અને ડુબી ગયા.

ALWAYS KEEP YOUR WORD.
હુંમેશા તમારો બોલ પાળજો.
PART—II ભાગ બીજો.

Rested, *v. i.* (રેસ્ટેડ) આરાયશ લીધી.
Chief, *adj.* (ચીફ) મુખ્ય.
Promised *v t.* (પ્રૉમિસ્ડ) વચન આપ્યું. [આપ્યો.
Replied, *v. t.* (રિપ્લાઇડ) જવાબ
Joking, *v. i.* (જોકિંગ) મશકરી કરતા હતા.
Perhaps, *ad.* (પરહેપ્સ) કદાચ
Sorry, *adj.* (સૉરી) દીલગીર.
Tune, *n.* (ટયુન) રાગ.
Got, *v. t.* (ગૉટ) થયો.
Angry, *adj.* (ઍનગ્રિ) ગુસ્સે.
Breaks, *v. t.* (બ્રેકઝ) ભાગી જાય.
Pice, *n.* (પાઇસ) દોઢયું.
To cheat *inf.* (ચીટ) ઠગવું.
Stepped, *v. t.* (સ્ટેપડ) ચાલ્યો.
Strange, *adj.* (સ્ટ્રેન્જ) નવાઇ જેવો
Calves, *n.* (કાવ્ઝ) વાછરડા.
Buffalo cows (બફેલો કાઉસ) ભેંસો.
Room, *n.* (રૂમ) જગા.
Followed, *v. t.* (ફૉલોડ) પુઠે ગયા.
Stayed, *v. i.* (સ્ટેડ) થોભી.
Running, *v. i.* (રનિંગ) વહેતી.
Swiftly, *ad.* (સ્વિફ્ટલિ) ઝડપથી.
Foolish, *adj.* (ફુલિશ) મુર્ખ.
Fear, *n.* (ફિયર) ધાસ્તી.
Salaam, *n.* (સલામ) સલામ.
Brought out, *v. t.* (બ્રૉટ આઉટ) બહાર કાઢયા.

(૧) તે હકીમે એક બે કલાક સુધી તે નદીના કિનારા ઉપર આસાયસ લીધી. અને ત્યારપછી પાછો ગામમાં ચાલી આવ્યો. સઘળા ગામડીયાઓ હવે ખાણું

ખાતા હતા, અને હસતા હતા, અને વાત કરતા હતા. તે મુખી પોતાના ઘરમાં હતો. અને તેની સાથે ગામના આગેવાન માણસો હતા. (૨) તે હકીમ પોતાના હાથમાં પોતાની સારંગી લઇને તેના ઘરમાં ગયો અને કહ્યું "હવે બધા ઉંદરો મરી ગયા છે, જે બસો રૂપ્યા આપવાનુ તમે મને વચન આપ્યુ હતું તે મને આપો. (૩) તે મુખી પાસે પુષ્કળ પૈસા હતા. ઘણાક ગામડીયાઓ પણ પૈસાદાર હતા પણ જ્યારે તે હકીમે બસો રૂપ્યા માગ્યા, ત્યારે તેઓએ એક બીજા તરફ જોયું અને શું કહેવું તે તેઓને સુઝયું નહિ. (૪) આખરે તે મુખીએ જવાબ આપ્યો, હમારા જેવા ગરીબ લોકો બસો રૂપ્યા ક્યાંથી લાવે ? હમે માત્ર મશકરી કરતા હતા. કદાચ હમે તમને પાંચ રૂપ્યા આપ્યે. પાંચ રૂપ્યા લેઓ અને જાઓ. (૫) ત્યારપછી તે હકીમે કહ્યુ " તમે મને બસો રૂપ્યા આપવાનું વચન આપ્યું અને બસો રૂપ્યા તમારે આપવા જોઇએ. નહિ તો, તમે તેને માટે પસ્તાશો. હું મારી સારંગી ઉપર એક કરતા વધારે જાતનો રાગ વગાડી શકું છું (૬) જ્યારે તે મુખીએ આ સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો. તેણે કહ્યું, " હમે તમને એક પણ રૂપ્યો આપીશું નહિ. તમે ત્યા આખો દહાડો અને આખી રાત પણ ઉભા રહો, અને જ્યાંસુધી તમારી સારંગી ભાંગી જાય ત્યાસુધી વગાડો. ઉંદરો બધા મરી ગયા છે. હવે હમને તમારે માટે અથવા તમારી સારંગીને માટે શું દરકાર છે. " (૭) બીજા ગામડીયાઓ બોલ્યા, " હા તે ખરૂં છે. ઉંદરો સઘળા મરી ગયા છે. હમે તમને એક દોઢીયું પણ આપીશું નહિ. " (૮) જ્યારે તે હકીમે જોયું કે તેઓ કેવી રીતે તેને ઠગવાની કોશેશ કરતા હતા, ત્યારે તે કાંઇ બોલ્યો નહિ. પણ બહાર નીકળીને ગામના મહોલ્લામા આવ્યો, અને પોતાની સારંગી ઉપર બીજો રાગ વગાડવા માડયો. (૯) જેવું તેણે વગાડવા માંડયું, તેવીજ એક ગાય તે સાંભળવા આવી, ત્યારપછી બીજી ગાય આવી, અને ત્યારપછી ત્રીજી. ત્યારપછી સઘળી ગામની ગાયો પોતાના વાછરડાં સાથે આવી, અને તે હકીમની આસપાસ ઉભી રહી. (૧૦) સઘળી ભેંસો પણ દોડતી આવી. એટલી બધી ગાયો અને ભેંસો થઇ ગઇ કે મહોલ્લામા ઉભા રહેવાની જગા ન હતી. (૧૧) તે હકીમ ચાલતાં ચાલતાં પોતાની સારંગી વગાડતો પાછો તે નદી તરફ ગયો. સઘળી ગાયો અને ભેંસો તેની પુઠે ચાલી. એક પણ પાછળ ઉભી રહી નહિ. (૧૨) ફરીથી તે કીનારે ઉભો, પણ તે ગાયો અને ભેંસો થોભી શકી નહી. તે નદી કે જે ઘણી ઉંડી હતી અને ઘણી ઝડપથી વહેતી હતી, તેમાં તેઓ ચાલી ગઇ, અને એકેએક ડુબી ગઇ. (૧૩) તે ગામડીયાઓને હવે માલમ પડયું કે પોતાનું વચન તોડવામા અને એક અજાણ્યા શખસને છેતરવાની કોશેશ કરવામાં તેઓ કેવા મુર્ખ હતા. તેઓ ઘણા બીધા, અને તે મુખી તેને ઘર દોડી ગયો. બસો રૂપ્યા બહાર કાઢયા, અને તે પેલા હકીમને આપ્યા. (૧૪) તે હકીમે તે મુખીને સલામ કીધા અને ચાલી ગયો. તે ગામડીયાઓ તેને અટકાવવાને અથવા તો એક શબ્દ પણ બોલવાને બીહતા હતા, કારણ કે તેઓએ ધાર્યું, "કદાચ તે

પોતાની સારંગી ઉપર બીજા રાગ વગાડશે અને આપણાં બધા છોકરાંઓ તેની પુઠે જશે, અને હું'મી મરણ પામશે."

WHAT THE MINUTES SAY મિનિટ શું કહે છે?

But *ad.* (બટ) માત્ર.
Furnished, *p.p.* (ફરનિશ્ડ) પુરી પાડેલી.
Unseen, *adj.* (અનસીન) નહિ [દેખાતા.
Track, *n.* (ટ્રૅક) માર્ગ.
Bears, *v. t.* (બેર્ઝ) ધરાવે છે, લઇ જાય છે.
Burden, *n.* (બરડન) બોજો.
Cares, *n.* (કેર્ઝ) જંજાળો; ચિંતા.
Patiently, *ad.* (પેશન્ટલિ) ધીરજથી.
Pain, *n.* (પેન) દુઃખ.
Worst, *adj.* (ઉવર્સ્ટ) સૌથી [ખરાબ.
Remain, *v. i.* (રિમેન) રહેવું.
Drops, *n.* (ડ્રૉપસ) ટીપાં.
Pleasure's, *n.* (પ્લેઝર્ઝ) ખુશાલીના.
Spring *n.* (સ્પ્રિંગ) ઝરો.
Sweetness, *n.* (સ્વીટનેસ) મીઠાશ.
Use, (યુઝ) *v t.* વાપરો.
Loses, *v. t.* (લુઝિઝ) ગુમાવે છે.

(૧) હમે માત્ર મિનિટો, નાની ચીજો છઇએ, દરેકને સાહાઠ પાંખ પુરી પાડેલી છે, કે જે વડે હમે હમારા અણદીઠ રસ્તા ઉપર ઉડયે છીયે; અને એક બી મિનિટ કદી પાછી આવતી નથી (૨) હમે માત્ર મિનિટો છેયે, દરેક મિનિટ ખુશાલી અને જંજાળનો એક નાનો બોજો લઇ જાય છે; દુઃખની મિનિટને ધીરજથી પકડો; સૌથી ખરાબ મિનિટ થોભી રહી શકશે નહિ (૩) હમે માત્ર મિનિટો છેયે. જયારે હમે ખુશાલીના ઝરામાંથી થોડાંક ટીપાં લાવ્યે, ત્યારે જ્યાંસુધી તમારાથી ચખાય ત્યાંસુધી તેઓનો મીઠાશ ચાખજો. તેને ઉડી જતાં માત્ર મિનિટ લાગે છે. (૪) હમે માત્ર મિનિટો છઇએ. હમારો સારી રીતે ઉપયોગ કરજો, કારણકે હમને કેવી રીતે વાપડવામાં આવે છે, તે કોઇ દહાડો હમારે કહેવુ જોઇએ. "જે મિનિટોનો ઉપયોગ કરે છે, તેને કલાકો વાપરવાના મળે છે. જે મિનિટો ખોહે છે, તેને આખા વર્ષો ખોવાં જોઇએ".

THE BAT ચામાચેણ.

Bat, *n.* (બૅટ) ચામાચેણુ.
Strange, *adj.* (સ્ટ્રેન્જ)નવાઇ જેવું
Feathers, *n.* (ફેધર્ઝ) પીછાં.
Thin, *adj.* (થિન) પાતળી
Is covered, *v. t.* (કવર્ડ)ભરેલું છે.
Fur, *n.* (ફર) રૂવા.
Beaks, *n.* (બીકઝ) ચાંચ.
Pick up, *v. t.* (પિક) ઉચકી લેછે.
Bite, *v. t.* (બાઇટ) કરડવું.
Very hard-ઘણુ જોરથી.
Hard, *adj.* (હાર્ડ) મુશકેલ.
Kind, *n.* (કાઇન્ડ) જાત. [પણ.
Slightest, *adj.* (સ્લાઇટેસ્ટ) જરા
Sound, *n.* (સાઉન્ડ) અવાજ.
Real, *adj.* (રિયલ) ખરેખર.
Claws, *n.* (ક્લૉઝ) નખ.

Hang, *v. t.* (હૅન્ગ) લટકાવવું.
Scarcely, *ad.* (સ્કૅર્સલિ) ભાગ્યે.
Move, *v. i.* (મુવ) ચાલવું.
Folded, *p. p.* (ફોલ્ડેડ) બીડેલી.
Downwards, *ad.* (ડાઉનવર્ડ્ઝ) નીચે.
Cave *n.* (કેવ) ગુફા.
Building, *ger.* (બિલ્ડિંગ) ઇમારત.
Go-puras, *n* (ગો-પુરાઝ) ઘુમટો
Towers, *n.* (ટાવર્ઝ) મીનારાઓ.
Temples, *n.* (ટેમ્પલ્ઝ) દહેરાઓ.
Usually, *ad* (યુઝવલિ) ઘણું કરીને
Chase, *v. t.* (ચેઝ) પાછળ લાગવું.
Safely, *ad.* (સેફલી) સહીસલામત રીતે.
Dart. *v i.* (ડાર્ટ) ઝડપથી ઉડવું.
Swiftly, *ad.* (સ્વીફ્ટલી) ઝડપથી.
Insects, *n.* (ઇનસેક્ટસ) જીવજંતુ.
Thick, *adj.* (થીક) જાડાં.
Shady, *adj.* (શેડી) છાંયડાવાલા.
Feed upon, *adj.* (ફીડ) ખાય છે
Screaming, *pres. part.* (સ્ક્રીમીંગ) ચીચીયારી પાડતો.

(૧) ચામાચેણ એક ઘણું નવાઇજેવું પ્રાણી છે. તે પક્ષી નથી, અને તોપણ તેને પાંખો છે. અને હવામાં ઉડી શકે છે તે પાંખો સાથના ઉંદર જેવો દેખાય છે. (૨) તેની પાંખો પક્ષીની પાંખોની માફક પીછાંની બનાવેલી નથી, પણ પાતળી ચામડીની બનાવેલી છે. પક્ષીને આખે દીલે પીછાં છે, પણ ચામાચેણનાં શરીર ઉપર એક પીછું નથી. પક્ષીને ચાંચ હોય છે, કે જે વડે તેઓ પોતાનો ખોરાક વીણે છે, પણ ચામાચેણને ઉંદરની માફક મોઢું અને દાંત હોય છે. તેને ઘણા તીક્ષણ દાત હોય છે, અને ઘણું જોરમા કરડી શકે છે. (૩) તમે ઘણાખરાં પક્ષીના માથા ઉપર કાઇ કાન જોઇ શકતા નથી. પક્ષીને કાન હોય છે. પણ તે ઘણા નાના હોય છે. અને તેઓને શોધી કાઢવું ઘણું મુશકેલ પડે છે; પણ ચામાચેણને ઉંદરની માફક મોટા કાન હોય છે, એક જાતની ચામાચેણને તેના આખા શરીર જેટલા લાંબા કાન હોય છે, તે જરાપણ અવાજ સાંભળી શકે છે. (૪) પક્ષી અને પશુને બેઉને પગ હોય છે અને ચાલી શકે છે, પણ ચામાચેણ ચાલી શકતું નથી; તેને ખરેખરા પગ હોતા નથી. તેને પાછળા પગે નખ હોય છે. કે જે વડે તે લટકાઇ શકે છે. તે ભાગ્યેજ જમીન ઉપર ચાલી શકે છે. તે માત્ર હવામાં ઉડી શકે છે. (૫) આખો દહાડો ચામાચેણ ગુફા કે જુની ઇમારત જેવી કોઇ અંધારી જગામા પોતાની પાંખ બીડીને અને પોતાનું માથું નીચું રાખીને પોતના નખ વડે ટીંગાઇ રહે છે, ઘુમટો અથવા દહેરાંનાં મીનારાઓ ઘણું કરીને ચામાચેણથી ભરેલા હોય છે, ચામાચેણ સુરજની પ્રકાશીત રોશનીમાં જોઇ શકતું નથી. જ્યારે ચામાચેણ દિવસની વખતે બહાર ઉડે છે, ત્યારે કાગડાઓ તેની પુઠ પકડે છે, અને તેને મારી નાખે છે. પણ તે રાતના ઘણી સારી રીતે જોઇ શકે છે, અને તેથી તે અંધારામાં તદ્દન સલામત રીતે ઉડી શકે છે. (૬) જેવો સુરજ અસ્ત પામે છે, ત્યારે સઘળી ચામાચેણ બહાર આવે છે; અને ખાવાનું મેળવવાને આમતેમ ઉડે છે. તેઓ ઘણી ઝડપથી હવામાં ફરી શકે છે. અને ઝડ-

પથી ઉડી શકે છે, તેઓ ઉડતી વખતે જીવજંતુ પકડીને ખાઇ જાય છે. (૭) કેટલીક ઘણી મોટી ચામાચેણોને ઉડતાં કોહલા કહે છે. તેઓના શરીરે જાડાં રૂવાં હોય છે, અને તેઓના માથાં કોહોલાંના માથાં જેવાં કાઇક દેખાય છે. તેઓ આખો દહાડો છાયડાંવાળા ઝાડોમાં પોતાના નખ વડે ટીંગાઇ રહે છે. અને તેઓ હંમેશા સાથે મોટી સંખ્યામાં મળી આવે છે. તેઓ ફળ ખાય છે. સુરજ અસ્ત પામતી વખતે તેઓની લાંબી હારો જે ફળના ઝાડો વિષે તેઓને ખબર હોય છે. તે તરફ જતાં હવામાંથી ઉડતાં જણાય છે. આખી રાત તેઓ તે ઉપર ચીચીયારી પાડતાં અને પોત પોતા વચ્ચે લડતા ફળ ખાય છે. ફળના બાગના માલેકો રાતના તેઓની તપાસ રાખવાને અને જે ઉડતાં કોહલાં તે સઘળું જરાવારમાં ખાઇ જાય તેઓને હાંકી કાઢવાને માણસો રાખે છે.

STORY OF THE BAT, ચામાચેણુની વાત.

Story, *n.* (સ્ટોરી) વાત.
War, *n.* (ઉવૉર) લડાઇ.
Took place, થઇ. [ચાલુ રહી.
Was kept up, *v t* (કેપ્ટ)
Sides, *n.* (સાઇડઝ) પક્ષો.
Strong, *adj.* (સ્ટ્રોંગ) મજબુત.
Neither, *pron.* (નીધર. નાઇધર) બેમાંનુ એકે નહી.
Defeat *v t* (ડીફીટ) હરાવવું.
To win, *inf.* (ઉવીન) જીતવું.
Seemed, *v. i.* (સીમ્ડ) જણાયું.
Rows, *n* (રોઝ) હાર.
Young, *n.* (યન્ગ) બચ્ચા.
Likely, *ad* (લાઇકલી) ઘણું ખરૂં
To fail, *inf.* (ફેલ) હારી જવું.
Ended, *v. i.* (એન્ડેડ) છેડો આવ્યો.

Feast, *n.* (ફીસ્ટ) મેજબાની.
Fun, *n.* (ફન) રમુજ.
Drove, *v t* (ડ્રોવ) હાંકી કાઢયો.
Was hated *v. t.* (હેટેડ) ધિક્કારવામાં આવ્યો.
Hide, *inf* (હાઇડ) છુપાવાને.
Shame, *n.* (શેમ) શરમ.
Corners, *n.* (કૉરનર્ઝ) ખુણા.
Still, *ad.* (સ્ટિલ) હજી [લેવા.
To roost *inf.* (રૂસ્ટ) આરામ
Asleep, *adj.* (ઍસ્લીપ) ઉંઘાયલા
Lot, *n.* (લૉટ) નસીબ.
False, *adj.* (ફૉલ્સ) દગાખોર.
Seeking, *pres. part.* (સીકિંગ) કોશેશ કરતાં.

(૧) એકવાર પક્ષીઓ અને પશુઓ વચ્ચે એક મોટી લડાઇ થઇ, અને એ લડાઈ ચાર પાચ દિવસ સુધી ચાલુ રહી; કારણ કે બેઉ પક્ષ મજબુત હતી, અને બેમાંનો એક પણ બીજાને એકદમ હરાવી શકી નહિ. (૨) તેઓમાં એક પ્રાણી હતું જે પહેલા એક બાજુએ ગયું અને ત્યારપછી બીજી બાજુએ ગયું. જો પક્ષીઓ જીતવા માંડે, તો તે પોતાને પક્ષી કહેતું. જો પશુઓ જીતવા માંડે તો તે પોતાને પશુ કહેતું. આ પ્રાણી ચામાચેણુ હતી. (૩) એક દહાડો, જ્યારે એવું જણાયું કે પશુઓ જીતશે ત્યારે તે તેઓની પક્ષમાં ગયું, અને બોલ્યું, અરે પશુઓ ! હું પક્ષી નથી. એવું કોઇ પક્ષી છે, કે જેને મારી માફક તેના માથામાં

દાંતની બે હાર હોય છે, અને પોતાના બચ્ચાને દુધ આપે છે ?" (૪) બીજે દિવસે, જ્યારે પશુઓ ઘણાંખરાં હારી જતાં જણાયાં, ત્યારે તે ચામાચોણ પક્ષીઓની પક્ષમાં ગયુ, અને બોલ્યું " ઓ પક્ષીઓ શું હું એક પક્ષી નથી ! પશું કેમ હોઇ શકું ? મારી માફક કયું પક્ષી હવામાં ઉડી શકેછે ? (૫) થોડા વખત પછી લડાઇનો છેડો આવ્યો. અને પક્ષીઓ અને પશુઓ તરફથી એક મોટી મેજબાની આપવામાં આવી. દરેક પ્રાણી ત્યાં ગયું. ત્યાં પુષ્કલ ખાવાપીવાનું, અને ઘણી રમુજ હતી જ્યારે તે ચામાચોણે તે વિષે સાંભળ્યું ત્યારે તે પણ ગયું. (૬) પણ તે પક્ષીઓએ તેને અંદર દાખલ કીધું નહિ. તેઓ બોલ્યાં, " તમે હમને કહ્યું હતું કે તમે પક્ષી નથી; શામાટે તમે હમારી મેજબાનીમાં આવો છો ? ત્યાપછી તે પશુઓ આગળ ગયું પણ તે પશુઓએ તેને એવું કહીને હાંકી કાઢ્યું કે "તમે એક પશુ તરીકે હમારી પક્ષમાં લડવા માગતા ન હતા. હવે હમને તમારી સાથે કાંઇ કામ નથી; તમને હમારી સાથે જમવું નહિ." (૭) તેથી તે ચામાચોણને ચાલી જવું પડયું. તેને બેઉ ટોળીઓથી ધીક્કારવામાં આવ્યું અને અંધારાં દર અને ખુણાં કે જ્યાં દિવસની વખતે તેને કોઇ જોઇ શકે નહિ, તેમાં છુપાવાને તેને મોકળી દેવામાં આવ્યું. એજ પ્રમાણે તે ચામાચોણ હજી કરે છે. તે આખો દહાડો છુપાય છે અને અંધારૂં થતા સુધી બહાર આવતું નથી. કે જે વખતે સઘળા પક્ષીઓ આરામ લેવા ગયા હોય છે, અને પશુઓ ઉંઘાયલા હોય છે. (૮) જે સઘળા પોતાના મિત્રો તરફ દગાખોર હોય છે, અને જે જીતે તેની પક્ષમાજ રહેવાની કોશેશ કરતા, પહેલા, એકની તરફેનમાં જાય છે, અને પછી બીજાંની તરફેનમા જાય છે, તેઓની પણ આવી સરજત હોય છે.

THE MONKEY AND THE CATS.

વાંદરો અને બીલાડીઓ.

Monkey, *n.* (મંકી) વાંદરો.
Town, *n.* (ટાઉન) શહેર.
Afternoon, *n.* (આફ્તરનુન)
પાછલા પહોરે
Window, *n.* (ઉવીનડો) બારી.
Pass, *v. t.* (પાસ) પસાર થવું
Peeping, *ger.* (પીપીંગ) ડોકીયાં
કરીને જોવું.
Jumped, *v. i.* (જમપ્ડ) કુદકો
માર્યો.
Lightly, *ad.* (લાઇટલી)હળવેથી
Sprang, *v. i.* (સ્પ્રૅન્ગ)કુદકો માર્યો.
Seized, *v. t.* (સીઝડ) લીધું.
Pulled, *v. i.* (પુલ્ડ) ખેચ્યું.
Pieces, *n* (પીસીઝ) ટુકડા.
Was holding, *n.* (હોલડીંગ)
પકડતા હતા.
Leaped, *v. i.* (લીપ્ડ) કુદકો માર્યો.
Larger, *adj.* (લારજર)વધારેમોટો.
Equal, *adj.* (ઇક્વલ) એકસરખો
Share, *n.* (શેર) હીસ્સો.
Won't (ઉવોન્ટ) Will not.[દેવાં.
To scratch, *inf.* (સ્ક્રૅચ) નખરીયાં
Cunning, *adj.* (કનીંગ) લુચ્ચો.

Agree, *v. i.* (ઍગ્રી) એકમત થવું
Go to law–ફરીયાદ કરવા જવું.
Judge, *n.* (જડજ) ન્યાયાધીશ.
Settle, *v t.* (સેટલ) ચુકવશે.
Case, *n.* (કેસ) કજીયો. [રીતે.
Properly, *ad.* (પ્રૉપરલી) બરાબર
Cried, *v. t.* (ક્રાઇડ) બોલી ઉઠી.
Held, (હેલ્ડ) ભરી.
Court, *n.* (કૉર્ટ) કચેરી.
Sure, *adj.* (સ્યૉર) ખાતરી ભરેલા
Weigh, *v. t.* (ઉવે) જોખવું.
Scales, (સ્કેલ્સ) ત્રાજવું.
Scale-pan, (સ્કેલ–પૅન)
ત્રાજવાનું પલ્લું.
Just, (જસ્ટ) બરાબર. [ભારે.
Heavier, *adj.* (હેવીયર) વધારે
Lighter, *adj.* (લાઇટર) વધારે
હલકો. [ખાધો.
Bit off, *v. t.* (બિટ ઑફ) ક[illegible]

Remarked, *v. t.* (રીમાર્કડ)
ટીકા કીધા
Uneasy, *adj.* (અનઇઝિ) બેચેન.
Mind, *v. t.* (માઇંડ) દરકાર કરવી.
Satisfied, *v. t.* (સૅટીસફાઇદ)
સંતોષ પામ્યાં. [ણીક.
Upright, *adj.* (અપરાઇટ) પ્રમા-
Were left, *v. t.* (લેફ્ટ) બાકી
રહ્યા.
Trial, *n.* (ટ્રાયલ) તપાસ.
Over. *ad.* (ઓવર) પૂરી.
Size, *n.* (સાઇઝ) કદ.
Weight, *n.* (ઉવેટ) વજન.
Trouble, *n.* (ટ્રબલ) મહેનત.
For nothing, મુફત.
Fee, *n.* (ફી) દામ. [દીધો.
Crammed *v. t.* (ક્રૅમ્ડ) ઠેસવી
Dismissed, *v. t.* (ડીસમીસ્ડ)
બરખાસ્ત કીધી.

(૧) એકવાર બે બિલાડીઓ હતી, જેઓ એકજ શહેરમાં રહેતી હતા, અને મોટી સહીઓ હતી. એક પાછળા પહોરે તેઓ સાથે બહાર ફરવા ગઇ. અને ઉઘાડી બારી સાથના એક ઘરમાં આવી. બિલાડીઓ અંદર ડોકીયાં કર્યા વગર ઉઘાડી બારી આગળથી કદી પસાર થતી નથી. તે બેઉ બિલાડીઓ ઉભી રહી, અને ઓરડામાં જોતાં, તેજ વખતે તેઓએ બનેએ એક મેજ ઉપર એક પુરી જોઇ (૨) તે ઓરડામાં કોઈ હતું નહિ, તેથી બેઉ બિલાડીઓએ હળવેથી સાથે અંદર કુદકો માર્યો, અને મેજ ઉપર ફલંગ મારી. તેઓએ તે પુરી લીધી, અને જ્યાંસુધી તેના ભાગીને બે ટુકડા થઈ ગયા, ત્યાસુધી તેઓએ તેની ઉપર ખેંચતાણ કીધી, દરેક બિલાડીએ જે ટુકડો પકડેલો હતો, તે લીધો, પાછો બારી ઉપર કુદકો માર્યો. અને ત્યારપછી બહાર નીચે જમીન ઉપર કુદકો માર્યો. (૩) ત્યારપછી તેઓ તે પુરી ખાવા બગીચામાં દોડી ગઇ. પણ એક ટુકડો બીજા કરતાં મોટો હતો. એક બિલાડીએ કહ્યું "તે ટુકડો મારો છે. હું તે અહિયાં લાવી હતી." બીજી બોલી "અરે નહિ, આપણે બેઉએ તે પુરી એકા વખતે જોઈ હતી, તેથી આપણામાંના દરેકને સરખો હિસ્સો મળવો જોઇએ." પહેલી બિલાડી બોલી, "હું મારો ટુકડો છોડી દઇશ નહિ," બીજી બોલી, "તમને છોડવો પડશે." ત્યારપછી તેઓ લડવા લાગી, અને એક એકને નખરીયાં દેવા

લાગી. (૪) હવે એક લુચ્ચો વાંદરો તે વાડીની ભીંત ઉપર બેઠો હતો. તેણે તે બિલાડીઓને કહ્યું "તમે તે પુરીને માટે શા સારૂં લડો છો? તમે જ્યારે એકમત થતાં નથી, તો શા માટે તમે દરબારમાં ફરીયાદ નથી નોંધાવતાં ? ન્યાયાધીશ તમારી વચ્ચેના કજીયાનો બરાબર નીવેડો લાવશે," તે બન્ને બિલાડીઓ બોલી, "હા, હા, ચાલો આપણે કચેરીમાં જઇએ" (૫) આ ઉપરથી તે બિલાડીઓ કચેરીમાં ગઇ. વાંદરો ન્યાયાધીશ હતો, અને તેણે પોતાની કચેરી ભીંતને મથાળે એક સુંદર છાયાંવાળી જગાએ ભરી. તેણે બોલવાનું શરૂ કર્યું. "હા, મને સમજ પડી, આ ટુકડો બીજા ટુકડાનાં કરતાં મોટો જણાય છે. પણ મને ખાતરી કરવા દો. હું તેઓને જોખી જોઇશ." તેથી તેણે પોતાનું ત્રાજવું લીધું અને દરેક પલ્લામાં એકેકો ટુકડો મુકીને તે પુરીના બે ટુકડા જોખ્યા. (૬) તે ન્યાયાધીશે કહ્યું, "જેમ મેં ધાર્યું તેમજ છે. આ ટુકડો પેલાંના કરતાં વધારે ભારે છે, માટે તેને જરા વધારે હલકો કરવો જોઇએ." તેથી તે મોટા ટુકડામાંથી તેણે જરા કરડી ખાધો, અને તે પલ્લામાં તેને પાછો મુકયો. તેણે ટીકા કીધી, "હવે તે બીજો ટુકડો વધારે ભારે છે," અને તેમાંથી તેણે થોડો કરડી ખાધો. (૭) તે બિલાડીઓ હવે બેચેન જણાવા લાગી. તેઓ બોલ્યા, "તે પુરી હમને પાછી આપો, જો એક ટુકડો બીજા કરતાં વધારે મોટો હોય તો હમે તેની દરકાર કરતાં નથી, હમે તદન સંતોષ પામ્યાં છીએ. (૮) તે પ્રમાણીક ન્યાયાધીશે જવાબ આપ્યો, "મારી વહાલી બાનુઓ, જો તમે સંતોષ પામ્યાં હોય તો કચેરી સંતોષ પામી નથી. તે બેઉ ટુકડાઓને તદન સરખા કરવા જોઇએ." તેથી જ્યાંસુધી આખરે બે નાના ટુકડા બાકી રહયા, ત્યાંસુધી તેણે પહેલાં એક ટુકડો અને પછી બીજો ટુકડો કરડવાનું ચાલુ રાખ્યું. (૯) તે ન્યાયાધીશે કહ્યું, "હવે તપાસ પુરી થઇ છે. આ બે ટુકડા બરાબર એકજ કદ અને વજનના છે." (૧૦) તે બિલાડીઓ બોલી, "હમને તે આપો" તે વાંદરાએ જવાબ આપ્યો, 'એટલી ઝડપથી નહિ. એટલી ઝડપથી નહિ. શું તમે એમ ધારો છો કે મેં આ સઘળી મહેનત ફોકટમાં કીધી છે. તે કજીઆની તપાસ કરવા માટે મને મારૂં દામ મળવું જોઇએ." (૧૧) જ્યારે તે આ પ્રમાણે બોલ્યો ત્યારે જે બાકી રહ્યું તે તે ગટ કરી ગયો, અને કચેરી બરખાસ્ત કીધી. કચેરીમાં જવાથી બિલાડીઓને જે મળ્યું તે આ હતું.

WORK કામ.

Dew, *a.* (ડયુ) ડવ. [પ્રકાશે છે
Is sparkling, *v. i.* (સ્પાર્કલીંગ)
Mid, *prep.* (મીડ) વચ્ચે.
Springing *adj.*(સ્પ્રીંગીંગ)ઉગતાં
Grows, *v. i.* (ગ્રોઝ) થાય છે
Brighter, *adj.* (બ્રાઇટર) વધારે
પ્રકાશીત. [ઝગીત,
Glowing, *adj.* (ગ્લોઇંગ) ઝગ
Is done, *v. t* (ડન)પુરૂં થાય છે
Sunny, *adj.* (સની) તડકાંવાળી.
Labour, *n.* (લેબર) મહેનત.
Rest, *n.* (રેસ્ટ) આસાયશ.
Sure, *ad.* (શૉર) ખચીત.
Flying, *adj.*(ફ્લાઇંગ) વહીજતા.

Store, *n.*(સ્ટોર)ભરી રાખેલો જથ્થો.
Tints, *n.* (ટીંટઝ) રંગો.
Flies, *v. i.* (ફ્લાઇઝ) વહી જાયછે.
Daylight, *n.* (ડેલાઇડ) તડકો.
Beam, *n.* (બીમ) કીરણ.
Fadeth, *v. i.* (ફેડેથ) ગુમ થાયછે.
Darkening, *v. i.* (ડાર્કનીંગ) અંધારૂં થાય છે.
Is over=પુરૂં થાય છે.

(૧) કામ કરો, કારણ કે રાત આવે છે; સહવારના કલાકોમાં કરો; જ્યારે ડવ પ્રકાશે ત્યારે કામ કરો, ઉગતા ફુલોમાં કામ કરો. જ્યારે દિવસ વધારે પ્રકાશીત થાય ત્યારે કામ કરો; ઝગઝગતા તડકામાં કામ કરો; કામ કરો, કારણ કે રાત આવે છે; કે જ્યારે માણસનું કામ પુરૂં થાય છે. (૨) કામ કરો, કારણકે રાત આવે છે; તડકાવાળી બપોરે કામ કરો, પ્રકાશીત કલાકોને મહેનતથી ભરો; આરાયસ ખચીત અને જરૂર આવે છે, દરેક પસાર થતી મિનીટને કાંઇ સંઘરી રાખવાને આપો; કામ કરો, કારણકે રાત આવે છે, કે જ્યારે માણસ વધારે વાર કામ કરતાં નથી. (૩) કામ કરો, કારણકે રાત અસ્ત પામતા સુરજના આકાશ તળે આવે છે; જ્યારે પ્રકાશીત રંગો ઝગઝગે છે, ત્યારે કામ કરો, કારણ કે દિવસની રોશની પસાર થાય છે. જ્યાંસુધી છેલ્લું કિરણ ગુમ થાય, વધારે વાર નહિ પ્રકાશવાને ગુમ થાય, ત્યાસુધી કામ કરો; જ્યારે રાત, કે જે વખતે માણસનું કામ પુરૂં થાય છે, તે અંધારી થતી જાય, ત્યારે કામ કરો.

I–THE FOOLISH GOATS. મુર્ખ બકરાઓ.

Foolish, *adj.* (ફુલીશ) મુર્ખ.
Fed, *v. i* (ફેડ) ચર્યા હતા.
Set out, *v. i* (સેટ આઉટ)નીકળ્યા.
Journey, *n*, (જર્ની) મુસાફરી.
Mountains, *n.* (માઉન્ટન્ઝ)પહાડો
Stream, *n.* (સ્ટ્રીમ) ઝરો.
Ran, *v. i.* (રૅન) વહેતો હતો.
Between, *prep.* (બીટવીન)વચ્ચે
Was laid, *v. t.* (લેડ) મુકવામાં આવ્યું હતું.
Narrow, *adj.* (નૅરો) સાંકડો.
To cross, *inf.* (ક્રૉસ) ઓળંગવાને
Room, *n.* (રૂમ) જગા.
Proud, *adj.* (પ્રાઉડ) મગરૂર.
Willing, *adj* (વીલીંગ) રાજી.
Right, *n* (રાઇટ) હક.
Bridge, *n.* (બ્રીજ) પુલ.
Quarrelled, *v. i.* (ક્વૉરલ્ડ) કજીયો કીધો.
Set, *v. t.* (સેટ) મુકયો.
Plank, *n.* (પ્લૅન્ક) પાટીઉ.
Fierce, *ad.* (ફિયર્સ) ઝનુની.
As much as. જાણેકે.
In spite of, *prep.* (ઇનસ્પાઇટ ઑવ) છતાં.
Give way,=હઠી જવું.
Middle, *n.* (મીડલ) વચલો ભાગ.
To push, *inf.* (પુશ) હડસેલ
Slipped, *v. i* (સ્લિપ્ડ) સરી ગયો.
Swift. *ad.* (સ્વિફ્ટ) ઝડપથી.
Flowing, *adj.* (ફ્લોઇન્ગ)વહેતાં.

Were lost, *v. t.* (લૉસ્ટ) ડુબી ગયો

Saved, *v. t.* (સેવ્ડ) બચ્યો.

Either, *pron.* (ઈધર) બેમાંનું એક

Instead of, *prep.*(ઈનસ્ટેડ) બદલે.

(૧) બે બકરા, જેઓ લાંબો વખત સુધી એક ખેતરમાં સાથે ચર્યા હતા, તેઓ પહાડો ઉપર લાંબી મુસાફરી કરવાને નીકળ્યા. એક બકરો એક રસ્તે ગયો અને બીજો બકરો બીજે રસ્તે ગયો. (૨) થોડોક વખત પછી તેઓ પાછા મળ્યા, પણ તેઓની વચ્ચે એક પાણીનો ઝરો વહેતો હતો; અને તે ઝરાની ઉપર એક એવો તો સાંકડો લાકડાંનો કકડો મુકવામાં આવ્યો હતો, કે એકી વખતે એકજ બકરાને માટે ઓળંગવાની જગા હતી. (૩) હવે આ બકરાઓ મગરૂર હતા, અને બેમાંનો એક પણ બીજાને પહેલ્લાં ઓળંગવા દેવાને રાજી ન હતો. એકે કહ્યું, "મને પુલ વાપરવાનો તમારાજ જેટલો હક છે." બીજાએ કહ્યું, "પુલ જેટલો તમારે માટે બનાવવામાં આવ્યો હતો, તેટલોજ મારે માટે બનાવવામાં આવ્યો હતો." (૪) આ પ્રમાણે તેઓએ થોડોક વખત સુધી કજીઓ કીધો. આખરે એક બકરાએ પોતાનો પગ પાટીયાં ઉપર મુકયો, અને બીજાએ તેમજ કીધું. તેઓએ એક બીજા તરફ ઘણા ઝનુંનથી જોયું, જાણે એમ કહેતા હોય. કે "હું તમો છેઓ તે છતાં આગળ જઈશ." પણ બેમાંનો એક પણ હઠી જવા માગતો ન હતો અને તેઓ આખરે તે સાકડા પુલની વચોવચમાં મળ્યા. (૫) ત્યારપછી તેઓ પોતાના શીંગડા વડે આંચકો મારવા લાગ્યા અને લડવા લાગ્યા, જ્યાંસુધી આખરે તેઓના પગ સરી ગયા, અને બેઉ તે ઝડપથી વહેતા ઝરામાં પડયા, અને પાણીમાં ડુબી ગયા. જો તેઓમાનો એકપણ જાણને લડવાને બદલે બીજાને માર્ગ કેમ આપત, તો બેઉ બચતે.

II–THE WISE GOATS ડાહ્યા બકરાઓ.

Wise, *adj.* (ઉવાઇઝ) ડાહયા.

Face to face, *ad.* (ફેસ ટુ ફેસ)

Path, *n.* (પાથ) રસ્તો. [સામસામા

Steep, *adj.* (સ્ટીપ) ઉભા.

Rock, *n.*(રૉક) ખડક

Rose, *v. i.* (રોઝ) આવેલો હતો.

Straight, *ad.* (સ્ટ્રેટ) સીધો.

Lay, *v. i.* (લે) આવેલો હતો.

Below, *ad.* (બિલો) નીચે.

Still, *adj.* (સ્ટિલ) ચુપચુપ.

Moment, *n.* (મોમેન્ટ) પળ.

Safely, *ad.* (સેફલી) સહીસલામત

Laid himself down=સુતો.

Pressing, *pres. part.* (પ્રેસીંગ) દબાઈને.

Close, *ad.* (કલોસ) નજદીક.

Gently, *ad.* (જેન્ટલી) ધીમેથી.

Softly, *ad.* (સૉફટલી) હળવેથી.

Lightly, *ad.* (લાઇટલી) સહેલાઈથી.

Bound, *v. t.* (બાઉન્ડ) કુદવું.

Lain down, *v. i.* (લેન ડાઉન) સુઇ ગયો હતો.

Sound, *adj.* (સાઉન્ડ) તંદરોસ્ત

To spring, *inf.* (સ્પ્રીંગ) કુદવાને.

Free, *adj.* (ફ્રી) છુટો.
From rock to rock—એક ખડક ઊપરથી બીજા ખડક ઉપર.
To crop, *inf.* (ક્રૉપ) કરડી ખાવું.

(૧) એક ઘણા ઉભા પહાડની બાજુએ એક સાંકડા રસ્તા ઉપર બે બકરા એક એકને મળ્યા. તે રસ્તો એટલો તો સાંકડો હતો કે એક એક આગળથી પસાર થવાને, અથવા ફરીને પાછા જવાને તેઓને માટે કાંઇ જગા ન હતી. (૨) એક બાજુએ એક ઉભો ખડક તેઓની ઊપર સીધો આવેલો હતો—નીચે એક ઊંડી અંધારી નદી આવેલી હતી ! તમારા ધારવા પ્રમાણે તે બે બકરાઓએ શું કીધું ! જેમ પેલા મુર્ખ બકરાઓએ કીધું હતું, તેમ તેઓએ હડસેલા માર્યા અને લડયા ? નહિ ! તેઓ સહીસલામત પાછા જઇ શકે છે કે નહિ તે જોવાને તેઓ એક પળ સુધી ગુપચુપ ઉભા રહ્યા. (૩) જ્યારે તેઓને માલમ પડ્યું કે તેઓથી ફરી શકાતું નથી, ત્યારે તેઓમાંનો એક જેટલો બને તેટલો ખડક સાથે ડબાઇને તે સાંકડા રસ્તા ઉપર ઘણી સંભાળથી સુઇ ગયો. (૪) ત્યારપછી તે બીજો બકરો જ્યાંસુધી તે સહી સલામત રીતે પસાર થઇ ગયો, અને સહેલાઇથી કુદકો મારી ગયો, ત્યાંસુધી તે ધીમેથી અને હળવેથી પોતાના મિત્ર ઉપરથી ચાલી ગયો (૫) ત્યારપછી જે બકરો સુઇ ગયો હતો, તે એક ખડક ઉપરથી બીજા ખડક ઉપર ફરીથી કુદકા મારવાને છુટો અને ટેકરી ઊપરનું મીઠું ઘાસ ખાવાને, સહીસલામત તંદરોસ્ત ઉભો થયો.

TWO HONEST MEN. બે પ્રમાણીક માણસો.

Honest, *adj.* (ઑનેસ્ટ) પ્રમાણીક.
Ago *ad.* (અૅગો) અગાઉ.
Sum, *n.* (સમ) રકમ.
Bought, *v. i.* (બૉટ) ખરીદયો.
Ploughing, *v. t.* (પલાઊઈંગ.) ખેડતો હતો.
Heap, *n.* (હીપ) ઢગલો.
Gems, *n.* (જેમ્સ) ઝવાહીરો [મળ્યુ
Came upon, *v. t.* (કેમ અપૉન)
Buried, *p. p.* (બૅરિડ) દટાયલો.
Nobody, *n.* (નોબોડિ) કોઇ નહિ.
Paid, *v. t.* (પેડ) આપ્યું.
Fair, *adj.* (ફેર) વાજબી.
Price, *n.* (પ્રાઇસ) કીંમત.
Wealth, *n.* (ઉવેલ્થ)દોલત.
Gathered, *v.t.* (ગૅધર્ડ)એકઠું કીધું.

Whole, *adj.* (હોલ) આખું
Firm, *adj.* (ફર્મ) મકકમ.
Touch, *v. t.* (ટચ)હાથ લગાડવો.
Praised, *v. t.* (પ્રેઝડ) વખાણ કીધી
Decide, *v. i.* (ડીસાઇડ) નકકી
Plain, *adj* (પ્લેન) ખુલ્લું. [કરવું
Noble, *adj.*(નોબલ) ભલા.
Worthy, *adj* (ઉવરધિ) ભલા.
Marry, *v. t.*(મૅરિ) પરણવું.
Was agreed to, *v. t.* (અગ્રીડ) એકમત થયા, કબુલ કરવામાં આવ્યું.
Bore, *v. t.* (બોર) આપ્યો.
Rich, *adj.* (રિચ) ભરપુર.
Harvest, *n.* (હારવેસ્ટ) પાક.
Ears of corn, *n.* (ઇયર્ઝ) કણુશલાં.
Previous, *adj.* (પ્રિવ્યસ) આગલા.

(૧) ઘણાં વર્ષની વાત ઉપર હિંદુસ્તાનમાં, એક માણસે એક પૈસાની રકમ બચાવી, અને જમીનનો એક ટુકડો ખરીદયો. તે પછી થોડે વખતે જ્યારે તે જમીન ખેડતો હતો, ત્યારે જમીનમાં દટાયલો સોના અને જવાહીરનો એક મોટો ઢગલો તેને મળ્યો. (૨) જ્યારે તેને તે મળ્યો ત્યારે કોઇ નજદીક ન હતું, અને તે સઘળું તે પોતે રાખતે, સોના અને જવાહીરનો આવો મોટો ઢગલો તેને એક તવંગર માણસ બનાવતે; પણ તેણે પૈસાદાર થવાનો વિચાર કીધો નહિ ; તેણે પ્રમાણીક થવાનો વિચાર કીધો. (૩) જોકે તેણે તે ખેતર ખરીદયું હતું, અને તેને માટે વાજબી કીંમત આપી હતી, તોપણ તેણે આ દોલત ખરીદી ન હતી. તેણે તે સાથે એકઠું કીધું, અને જે માણસ કનેથી તેણે તે જમીન ખરીદી હતી, તે માણસ આગળ તે લઇ ગયો. (૪) તેણે કહ્યું, "જુઓ, જે ખેતર મેં તમારી કનેથી ખરીદયું, તેમાંથી આ સઘળું સોનું અને આ ઝવાહીરો મને મળ્યાં છે. મારા મીત્ર, તે લેઓ, તે તમારાં છે." (૫) તે બીજો બોલ્યો, "મારૂં" નહિ, નહિ, તે તમારૂં છે. મેં તમને આખું ખેતર તેમાં જે સઘળું હતું, તે સાથે વેચ્યું. તે મારૂં નથી. હું તે લઇ શકતો નથી." તે પણ પ્રમાણીક માણસ હતો (૬) લાંબો વખત સુધી દરેકે બીજાને નમી જવાની ફરજ પાડવાને સખત કોશેશ કીધી. પણ બેઉ વાજબી કરવામાં મકકમહતા. એમાંના એકે પણ બીજા કનેથી તે દોલત લેવા માગી નહિ. અથવા જે પોતાને લગતું ન હતું એમ તે ધારતો હતો, તેને હાથ લગાડયો નહિ. (૭) સઘળા લોકોએ આ સાભળ્યું, અને બેઉની તેઓના પ્રમાણીકપણાને માટે વખાણ કીધી; પણ કોઇ કહી શકયું નહિ કે દોલત કોણુને મળવી જોઇએ. (૮) આખરે એમાંના કોણને તે મળવું જોઇએ, તે કહેવાને રાજાને કહેવામાં આવયું. તેણે કહયું કે તેઓના વચ્ચે તે નકકી કરી શકતો નથી, પણ તે ખુલ્લું છે કે તેઓ બેઉ ભલા માણસો છે. (૯) ત્યારપછી તેણે પુછયું કે તેઓને કાઇ છોકરાં છે કે, અને તેને જણાવવામાં આવ્યું, કે એકને દીકરો હતો અને બીજાને એક દીકરી હતી. (૧૦) તે રાજાએ કહયું "અરે, તે તદન બરાબર છે. સૌથી સરસ યુકિત તે થશે કે એક ભલા માણસના દીકરાએ બીજાની દીકરી સાથે પરણવું જોઇએ, અને તે સોનું અને જવાહીર તે જુવાન લોકોને આપવું જોઇએ." (૧૧) આ યુકિત કબુલ રાખવામાં આવી, અને એવું કહેવામાં આવે છે કે તે વરસ તે ખેતરમાં એક ભરપુર પાક થયો, અને અનાજના કણસલાં કોઇબી આગલાં વરસનાં કરતાં વધારે મોટા હતાં.

FINIS. સમાપ્ત.

નાનાભાઈ ભેજનજી કુરાણી.

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર;
નં. ૩૩, ધોબી તળાવ; મુંબઈ ન. ૨.

રોયલ પ્રીન્સ રીડર, નં. ૪ થાના મીનીંગ (કંપલીટ) કીં. રૂ. એક		રૂ.આ.પૈ.
ન્યુ રૉયલ પ્રાઇમર, ભાગ ૧ લા તથા બીજાના મીનીંગ, તરજુમા સાથે		૦—૬—૦
રૉયલ સ્કુલ પ્રાઇમરના મીનીંગ તરજુમા સાથે	(કંપલીટ)	૦—૬—૦
ધી કિંગ પ્રાઈમરના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૬—૦
નેલસન્સ ઈનડિયન પ્રાઈમરના મીનીંગ તરજુમા સાથે	(,,)	૦—૬—૦
રૉયલ ઇન્ફન્ટ રીડરના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૮—૦
ન્યુ રૉયલ રીડર, નં ૦ ૧ લાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૧૨—૦
ન્યુ રૉયલ રીડર, નં ૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૧૪—૦
ન્યુ રૉયલ રીડર, નં ૦ ૩ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૧—૪—૦
ન્યુ રૉયલ રીડર, નં ૦ ૩ જાનો પાછળના પાઠનો ગુજરાતી તરજુમો પેજ ૫૧ થી તે ઠેઠ છેડે સુધીનો (કંપલીટ) ...	(,,)	૦—૮—૦
ન્યુ રૉયલ રીડર ન. ૪ થાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૧—૪—૦
ન્યુ રૉયલ રીડર, ન. ૫ માના મીનીંગ, અંગ્રેજી અઘરા વર્ડઝ, રૂટ સાથે	(,,)	૧—૪—૦
ધી કિંગ રીડર, નં ૦ ૧ લાના મીનીંગ, તરજુમા સાથે	(કંપલીટ)	૦—૧૦—૦
ધી કિંગ રીડર, નં ૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૧૨—૦
ધી કિંગ રીડર, નં ૦ ૩ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૧—૪—૦
ધી કિંગ રીડર, ન ૦ ૪ થાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૧—૪—૦
નેલસન્સ ઈન્ડિઅન રીડર, નં ૦ ૧ લાના મીનીંગ તરજુમા સાથે	(,,)	૦—૧૦—૦
નેલસન્સ ઇનડિયન રીડર, નં ૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૦—૧૨—૦
નેલસન્સ ઇનડિયન રીડર, નં ૦ ૩ જાના મીનીંગ તરજુમા સાથે	(,,)	૧—૪—૦
નેલસન્સ ઇનડિયન રીડર, ન ૦ ૪ થાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	૧—૪—૦
રૉયલ ક્રાઉન રીડર ન ૦ ૧ લાના મીનીંગ તરજુમા સાથે	(,,)	૦—૧૨—[illegible]
રૉયલ ક્રાઉન રીડર, નં ૦ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે	(,,)	[illegible]
મૅકૉલેની હોરેસીયસની કંપલીટ પોએટ્રી તથા નોટસ ગુજરાતી મીનીંગ સાથે, તથા ઈંગ્રેજી પેરાફ્રેઝ, તથા આખી પોએટ્રીના ગુજરાતી તરજુમા સાથે	(બારીઆ કૃત)	૦— —૦
લેડી ઓફ ધી લેકના ૫ માં કેન્ટોની કંપલીટ પોએટ્રી, તથા નોટસ ગુજરાતી મીનીંગ સાથે, તથા ઇંગ્રેજી પેરાફ્રેઝ, તથા આખા કેન્ટોના ગુજરાતી તરજુમા સાથે ...	(બારીઆ કૃત)	૦—૧૨—૦
લેમબસ તેલસની નોટસ, ગુજરાતી મીનીંગ સાથે (સંપુર્ણ) બારીઆકૃત		૧—૮—૦
ફારસી કરીમા, નોટસ, ટ્રાન્સલેશન તથા ગ્રામર સાથે બારીઆકૃત કંપલીટ		૦—૧૦—૦
ફારસી હેકાયતે લતીફની ગલો સરી નવરોજી આદરજી તારાકૃત	(,,	૦—૧૦—૦
ફારસી હેકાયતે લતીફનું ઈંગ્રેજી ટ્રાન્સલેશન ...	(,,)	૦—૬—૦
ફારસી ગુલેસ્તાનનું ઇંગ્રેજી ટ્રાન્સલેશન (બારીઆ કૃત) ૧ લા ચેપટરનું		૦—૪—૦
ધી પામર્સટન ઇનફન્ટ રીડર, ભાગ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે.		૧—૪—૦
શાલોપયોગી કોષ્ટક (૫૬ કોષ્ટકોનો સંગ્રહ)	(,,)	૦—૨—૦
હિંદુસ્તાનનો ઇતિહાસ—દારૂવાલા તથા માસ્તરનો	(,,)	૦—૮—૦
ધી પામર્સ્ટન સાઇટ એન્ડ સાઉન્ડ પ્રાઈમર, ભાગ ૧ લાના મીનીંગ તરજુમા સાથે		૦—૮—૦
ધી પામર્સ્ટન સાઇટ એન્ડ સાઉન્ડ પ્રાઇમર, ભાગ ૨ જાના મીનીંગ, તરજુમા સાથે		૦—૧૨—૦
[illegible] ના મીનીંગ તરજુમા સાથે.		૧—૦—૦